# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

08 APRIL, 2026 WEDNESDAY


પેજ 2

ડભોઈ વડોદરા હાઈવે પર ટ્રિપલ અકસ્માતઃ એકસાથે 4 વાહનો અથડાયા

પેજ 3

ઊંઝામાં કુદરતી પ્રકોપઃ તોફાની પવન સાથે વરસાદ ત્રાટક્યો

પેજ 7

થરાદ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

પેજ 5


૫ પૈસાનો 'જંગ' અને ૪૦ વર્ષનો 'વનવાસ' ન્યાય મળ્યો કે ન્યાયની ક્રૂર મજાક?


I Pakkogujarat/ I VOL : 12 I Issue : 23 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


## :UNમાં પ્રસ્તાવ પડતો મુકાયો; ટ્રમ્પની ધમકી- આજે રાત્રે ઈરાની સભ્યતા ખતમ થશે

# ચીન-રશિયાએ હોર્મુઝ ખોલવાની માગ પર વીટો વાપર્યો

### પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફના પ્રસ્તાવ પર ઈરાને સકારાત્મક સંકેતો આપ્યા છે

• નવી દિલ્હી

ઈરાન સંકટ વચ્ચે સંયુક્ત રાષ્ટ્રમાં હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાને લઈને લાવવામાં આવેલો પ્રસ્તાવ પસાર થઈ શક્યો નથી. રશિયા અને ચીને આ પ્રસ્તાવ પર વીટો કર્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર, આ પ્રસ્તાવમાં કોઈ પણ પ્રકારની સૈન્ય કાર્યવાહીની વાત કરવામાં આવી નહોતી. આ પ્રસ્તાવ બહેરીન તરફથી લાવવામાં આવ્યો હતો. અલ જઝીરાના અહેવાલ મુજબ, છેલ્લા બે અઠવાડિયામાં આ પ્રસ્તાવને અંદાજે 6 વખત બદલવામાં આવ્યો હતો, કારણ કે ઘણા દેશો તેના કેટલાક ભાગો સાથે સહમત નહોતા. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે આજે રાત્રે ઈરાની સભ્યતા ખતમ થઈ શકે છે. ટ્રમ્પે દાવો કર્યો કે આજે રાત્રે વિશ્વના લાંબા અને જટિલ ઈતિહાસની સૌથી મહત્વપૂર્ણ ક્ષણના સાક્ષી બનીશું. ટ્રમ્પની ધમકી પર સાઉથ આફ્રિકા સ્થિત ઈરાની દૂતાવાસે વળતો જવાબ આપ્યો છે. ઈરાને કહ્યું કે અમેરિકા અને તેના સાથી દેશોને ઈરાનની પ્રાચીન સભ્યતા તરફથી એવો જવાબ મળશે, જેને તેઓ ક્યારેય ભૂલી શકશે નહીં.



અમેરિકા અને ઈઝરાયલે મંગળવારે ઈરાનના વિવિધ સ્થળો પર હુમલા કર્યા છે. સૌથી મોટો હુમલો ખાર્ગ આઈલેન્ડ પર થયો હતો, જ્યાં ઓઈલ ટર્મિનલને નિશાન બનાવવામાં આવ્યું છે. ઈરાનનું અંદાજે 80 થી 90% ક્રૂડ ઓઈલ અહીંથી જ નિકાસ થાય છે.

આ દરમિયાન કોમ અને કાશાનમાં પણ પુલોને નિશાન બનાવવામાં આવ્યા હતા. કાશાન પાસે આવેલા યહ્યાબાદ રેલવે બ્રિજ પરના હુમલામાં 2 લોકોના મોત થયા છે અને 3 લોકો ઘાયલ થયા છે. આ ઉપરાંત, ઉત્તર-પશ્ચિમ ઈરાનમાં તબરીઝ-ઝંઝાન હાઈવેના પુલ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફના પ્રસ્તાવ પર ઈરાને સકારાત્મક સંકેતો આપ્યા છે. રોયટર્સના જણાવ્યા અનુસાર, ઈરાનના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે તેહરાન આ પ્રસ્તાવની સમીક્ષા કરી રહ્યું છે.

ઈરાનને લઈને પાકિસ્તાનના બે અઠવાડિયાની ડેડલાઈન વધારવાના પ્રસ્તાવ પર અમેરિકાની પ્રતિક્રિયા સામે આવી છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું કે ટ્રમ્પને પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફના પ્રસ્તાવની જાણકારી આપી દેવામાં આવી છે. તેઓ ટૂંક સમયમાં આ અંગે જવાબ આપશે.

ટ્રમ્પની ડેડલાઈન પહેલા ઈરાનની સેનાએ કડક સંદેશ આપ્યો છે. IRGC સાથે જોડાયેલી તસ્નીમ ન્યૂઝ એજન્સી અનુસાર, એક સૈન્ય સૂત્રએ ચેતવણી આપી છે કે જો અમેરિકી રાષ્ટ્રપતિ તેમની ધમકીઓનો અમલ કરશે, તો અમે પણ સરપ્રાઈઝ આપીશું. સૂત્રના હવાલાથી કહેવામાં આવ્યું છે કે ઈરાન અમેરિકા અને તેના સાથી દેશો પાસેથી ભારે કિંમત વસૂલવામાં પાછીપાની નહીં કરે.

પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પને ઈરાનને આપવામાં આવેલી ડેડલાઈન બે અઠવાડિયા માટે વધારવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને લઈને રાજદ્વારી પ્રયાસો સકારાત્મક દિશામાં આગળ વધી રહ્યા છે અને તેમને પૂરી તક મળવી જોઈએ. શરીફે ઈરાનને પણ અપીલ કરી કે તે બે અઠવાડિયા માટે હોર્મુઝ ખોલી દે, જેથી તેને સદ્ભાવનાના સંકેત તરીકે જોવામાં આવે. આ ઉપરાંત, તેમણે તમામ પક્ષોને બે અઠવાડિયાના યુદ્ધવિરામ માટે અપીલ કરી, જેથી કૂટનીતિ દ્વારા કાયમી ઉકેલ લાવી શકાય. શહેબાઝ શરીફે કહ્યું કે આ પગલું આ પ્રદેશમાં લાંબા ગાળાની શાંતિ અને સ્થિરતા માટે જરૂરી છે.

ઈઝરાયલી ડિફેન્સ ફોર્સીસ (IDF)એ દાવો કર્યો છે કે તેણે ઈરાનના શિરાજ અને કરજમાં મહત્વના સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. IDFના જણાવ્યા અનુસાર, શિરાજમાં તે સેન્ટ્રલ સાઈટને નિશાન બનાવવામાં આવી હતી જ્યાં સોનાર અને અંડરવોટર ડિટેક્શન સિસ્ટમ બનાવવામાં આવતી હતી. આ સિસ્ટમનો ઉપયોગ સબમરીન, જહાજો, ડાઈવર્સ અને પાણીની અંદર ચાલતી મિસાઈલોને શોધવા માટે થાય છે. ઈઝરાયલે એમ પણ દાવો કર્યો હતો કે કરજમાં નૌકાદળની ક્રૂઝ મિસાઈલ અને એર ડિફેન્સ સિસ્ટમ સાથે જોડાયેલા એક ઠેકાણા પર પણ હુમલો કરવામાં આવ્યો છે. IDFએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ હુમલાથી ઈરાની શાસનની દરિયાઈ દેખરેખ અને સંરક્ષણ ક્ષમતાઓને મોટું નુકસાન પહોંચ્યું છે. આ કાર્યવાહી તેહરાન અને તેની આસપાસના વિસ્તારોમાં ચાલી રહેલા સૈન્ય અભિયાનનો એક ભાગ છે.

## કેનેડામાં ખાલિસ્તાનીઓએ 100-100 ડોલર આપીને ભાડેથી ભીડ ભેગી કરી

### મંદિરની બહાર હિન્દુ-ભારત વિરોધી નારા લગાવ્યા; બોલ્યા- હરિયાણા-દિલ્હી, બીકાનેર અમારા

• જલંધર

કેનેડાના બ્રેમ્પટન શહેરમાં ખાલિસ્તાનીઓએ ત્રિવેણી મંદિરની બહાર ભારત વિરુદ્ધ નારા લગાવ્યા. ખાલિસ્તાનીઓના એકઠા થવાથી શહેરમાં 2 કલાક સુધી તણાવપૂર્ણ માહોલ રહ્યો. હિંસક ઘટનાને રોકવા માટે કેનેડા પોલીસનો મોટો કાફલો તહેનાત રહ્યો. ખાલિસ્તાનીઓએ નારા લગાવતા હરિયાણા-દિલ્હી અને બીકાનેર પર પોતાનો હક ગણાવ્યો. તેમજ, સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવી રહ્યો છે કે આ ખાલિસ્તાન સમર્થકોને પ્રદર્શન માટે ભાડે લાવવામાં આવ્યા હતા. એક્સ પર એક યુઝર દર્શન મહારાજાએ લખ્યું કે ખાલિસ્તાની આતંકવાદીઓએ લોકોને એકઠા કરવા માટે 100-100 ડોલરની લાલચ આપી. જેના કારણે લગભગ 40 થી 50 લોકોને નારા લગાવવા માટે ઉશ્કેરવામાં આવ્યા. 5 માર્ચની બપોરે જ્યારે મંદિરમાં શ્રદ્ધાળુઓ પૂજા-અર્ચના માટે એકઠા થઈ રહ્યા હતા, ત્યારે બપોરે લગભગ 12 વાગ્યાથી 2 વાગ્યાની વચ્ચે મંદિરની સામેના રસ્તા પર ખાલિસ્તાન સમર્થકો એકઠા થવા લાગ્યા. પ્રતિબંધિત સંગઠન શીખ



ફોર જસ્ટિસ (SFJ) એ હિન્દુ મંદિરોની બહાર વિરોધ નોંધાવ્યો. આ જ પ્રકારનું એક પ્રદર્શન બ્રિટિશ કોલંબિયાના સરે સ્થિત લક્ષ્મી નારાયણ મંદિરની બહાર પણ કરવાનું હતું, પરંતુ ત્યાં ખાલિસ્તાનીઓને પ્રદર્શન કરવા દેવામાં આવ્યું ન હતું. નજરેજોનારે જણાવ્યું કે પ્રદર્શનમાં લગભગ 40 લોકો હાજર હતા. આ લોકો રસ્તા કિનારે લગાવેલા મેટલ બેરિકેડ્સ પાછળ ઊભા રહીને પીળા ખાલિસ્તાની ઝંડા લહેરાવી રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### MP-UP સહિત 20 રાજ્યોમાં વાવાઝોડું-વરસાદ, કરા પડવાની ચેતવણી:રાજસ્થાનમાં તાપમાન 3C સુધી વધ્યું

દેશના 20થી વધુ રાજ્યોમાં આજથી વાવાઝોડા અને વરસાદની સંભાવના છે. કારણ કે આજથી નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. બેક-ટુ-બેક બે સિસ્ટમ સક્રિય થવાથી હવામાનમાં બદલાવ છે. મધ્ય પ્રદેશમાં વાવાઝોડા-વરસાદની નવી સિસ્ટમ સક્રિય થવાથી આગામી 3 દિવસ વાવાઝોડા-વરસાદ અને કરા પડવાની સંભાવના રહેશે. આજે 34 જિલ્લાઓમાં એલર્ટ છે. ઉત્તર પ્રદેશના 34 જિલ્લાઓમાં વરસાદ-કરા પડવાનું એલર્ટ છે. છેલ્લા 72 કલાકમાં 43 જિલ્લાઓમાં વરસાદ થયો અને 10 શહેરોમાં કરા પડ્યા. રાજસ્થાનના 17 જિલ્લાઓમાં પણ એલર્ટ છે. 20 થી 50 mm સુધી વરસાદ થઈ શકે છે. ઘણા જિલ્લાઓમાં દિવસનું તાપમાન 3C સુધી વધ્યું છે. ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ, પિથોરાગઢ અને ચમોલીમાં મંગળવારે બરફવર્ષા થઈ.

### મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાનો પ્રસ્તાવ રદ:લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષ મહાભિયોગ પ્રસ્તાવ લાવ્યો હતો

નવી દિલ્હી : લોકસભા સ્પીકર ઓમ બિરલા અને રાજ્યસભાના સભાપતિ સીપી રાધાકૃષ્ણને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવાનો મહાભિયોગ પ્રસ્તાવ ફગાવી દીધો છે. આ પ્રસ્તાવ પર 12 માર્ચે 193 વિપક્ષી સાંસદો (લોકસભાના 130 અને રાજ્યસભાના 63)એ હસ્તાક્ષર કર્યા હતા. કાનૂની અને બંધારણીય પાસાઓ પર વિચાર કર્યા પછી, સ્પીકર બિરલા અને રાધાકૃષ્ણને તેને ન્યાયાધીશ (તપાસ) અધિનિયમ, 1968ની કલમ 3 હેઠળ મંજૂરી આપી નથી. આ નિર્ણય સાથે, મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાની પ્રક્રિયા આગળ વધી શકશે નહીં, જ્યાં સુધી નવા બંધારણીય જોગવાઈઓ અનુસાર પહેલ કરવામાં ન આવે. આ નોટિસ INDIA ગઠબંધનના તમામ પક્ષોના સાંસદોએ મળીને સહી કરી હતી. મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવા માટે આવી નોટિસ આપવામાં આવી રહી હોય તેવું આ પહેલીવાર બન્યું છે.

### એડ્રેસ પ્રૂફ વગર 5 કિલોનો ગેસ સિલિન્ડર મળશે:આધાર કાર્ડ બતાવીને સિલિન્ડર ખરીદી શકાશે, વિદ્યાર્થીઓ અને પ્રવાસી મજૂરોને રાહત

નવી દિલ્હી : મિડલ ઈસ્ટમાં વધતા તણાવ અને સપ્લાય ચેઈનની મુશ્કેલીઓ વચ્ચે કેન્દ્ર સરકારે 5 કિલોગ્રામના LPG સિલિન્ડરના વેચાણના નિયમોને સરળ બનાવ્યા છે. હવે કોઈપણ વ્યક્તિ કોઈપણ એડ્રેસ પ્રૂફ વિના નાનો ગેસ સિલિન્ડર ખરીદી શકશે. પેટ્રોલિયમ મંત્રાલય અનુસાર, આ પગલું પ્રવાસી મજૂરો અને એવા લોકો માટે લેવામાં આવ્યું છે, જેમની પાસે શહેરમાં કોઈ કાયમી સરનામું નથી. હવે ગ્રાહકોએ ઓથોરાઈઝડ ડિસ્ટ્રીબ્યુટર પાસે જઈને ફક્ત પોતાની કોઈપણ એક ફોટો-ID બતાવવી પડશે અને તેઓ તરત જ સિલિન્ડર લઈ શકશે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે 5 કિલોગ્રામના ફ્રી ટ્રેડ એલપીજી (FTL) સિલિન્ડર માટે હવે ઘણા બધા ડોક્યુમેન્ટ્સની જરૂર નથી. ગ્રાહકો આધાર કાર્ડ, પાન કાર્ડ અને વોટર આઈડી જેવા ડોક્યુમેન્ટ્સ બતાવીને સિલિન્ડર લઈ શકે છે.

## પાકિસ્તાનમાં આજે રાતથી આંશિક લોકડાઉન, માર્કેટ રાત્રે 8 વાગ્યે બંધ

• નવી દિલ્હી

વડા પ્રધાન શાહબાઝ શરીફની અધ્યક્ષતામાં મળેલી બેઠક બાદ મંગળવારે નવા નિયમો લાગુ કરવામાં આવ્યા હતા. PMO અનુસાર, દેશના મોટાભાગના ભાગોમાં બજારો અને શોપિંગ મોલ હવે રાત્રે 8 વાગ્યા સુધી ખુલ્લા રહેશે. એ પછી ખુલ્લા રહી શકશે નહીં. રેસ્ટોરન્ટ્સ, બેકરીઓ અને અન્ય ખાદ્ય અને પીણાના આઉટલેટ્સ રાત્રે 10 વાગ્યા સુધીમાં બંધ કરવા પડશે. લગ્ન હોલ અને અન્ય વ્યાપારી સ્થળોને પણ રાત્રે 10 વાગ્યા પછી ખુલ્લા રાખવાની મનાઈ રહેશે. સરકારે ખાનગી લગ્ન સમારોહ




પર પણ નિયંત્રણો કડક કર્યા છે. ઘરો અને ખાનગી જગ્યાઓમાં લગ્ન અને અન્ય કાર્યક્રમોની મંજૂરી આપવામાં આવશે નહીં. જોકે, મેડિકલ સ્ટોર્સ અને ફાર્મસીઓને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવી છે જેથી આવશ્યક દવાઓ અને આરોગ્ય સેવાઓ પ્રભાવિત ન થાય.

### ટ્રમ્પના ચુકાદાથી મૂળ ગુજરાતી જજ અમિત મહેતા ચર્ચામાં

## કેપિટલ હિલ હિંસાના કેસમાં ટ્રમ્પને ઝટકો જજે સંરક્ષણની દલીલ ફગાવી દીધી

નવી દિલ્હી : અમેરિકાના રાજકારણ અને ન્યાયિક પ્રણાલી વચ્ચે ચાલી રહેલા મહત્વપૂર્ણ કાનૂની વિવાદમાં ભારતીય મૂળના ન્યાયાધીશ અમિત મહેતાનું નામ મુખ્ય રીતે ઉભરી આવ્યું છે. અમિત મહેતા મૂળ ગુજરાતના પાટણના વતની છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મોટો ફટકો આપતા વોશિંગ્ટનમાં યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટના એક ન્યાયાધીશે ચુકાદો આપ્યો છે કે 6 જાન્યુઆરી, 2021ના રોજ કેપિટલ હિંસા પહેલાં આપેલું તેમનું ભાષણ રાષ્ટ્રપતિની સત્તાવાર ફરજોના દાયરામાં આવતું નથી અને તેથી તેમને રાષ્ટ્રપતિના સંરક્ષણનો લાભ મળી શકે નહીં. આ ચુકાદો અમેરિકાના કેપિટલ પર 2021ના હુમલા તરીકે ઓળખાતી ઐતિહાસિક ઘટના સાથે સંબંધિત છે, જેણે અમેરિકન લોકશાહી પર ઊંડી અસર કરી હતી. ન્યાયાધીશ મહેતાએ તેમના આદેશમાં સ્પષ્ટતા કરી હતી કે ટ્રમ્પનું ભાષણ પોલિટિકલ હતું, સત્તાવાર ન હોતું અને જ્યોર્જિયાના સ્ટેટ સેક્રેટરી બ્રેડ રેફેન્સપરગરને ટ્રમ્પે ફોન કરીને ઉમેદવાર તરીકે ચૂંટણી પરિણામો બદલવાની અપીલ કરી હતી. એ રાષ્ટ્રપતિની સત્તાવાર ફરજોનો ભાગ નહોતો.

### સીલ ટીમ-6એ પહાડોમાંથી અમેરિકી પાઇલટને બચાવ્યો

## ઈરાનમાં 300 કિમી અંદર ઘૂસીને અમેરિકાએ ઓપરેશન પાર પાડ્યું

• વોશિંગ્ટન ડીસી

અમેરિકાએ ઈરાનમાં ગુમ થયેલા બંને પાઈલટ્સને 36 કલાકની અંદર બચાવી લીધા. ઈરાનમાં 3 એપ્રિલે એક ઓપરેશન પર ગયેલા F-15E ફાઈટર જેટ્સ પર હુમલો થયો હતો. વિમાન ક્રેશ થાય તે પહેલાં બંને પાઈલટ્સ પેરાશૂટની મદદથી બહાર નીકળી ગયા હતા.

તેમાંથી એક પાઈલટને અમેરિકી સેનાએ થોડા કલાકો પછી શોધી કાઢ્યો, જ્યારે બીજા માટે એક મોટું રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવ્યું. તેની સફળતાની પ્રશંસા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ કરી. તેમણે તેને દેશના ઈતિહાસનું સૌથી ખતરનાક રેસ્ક્યુ મિશન ગણાવ્યું.



ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટમાં સૂત્રોના હવાલાથી જણાવવામાં આવ્યું છે કે અમેરિકી નેવીની સ્પેશિયલ યુનિટ 'સીલ ટીમ-6' એ આને અંજામ આપ્યો. આ તે જ સ્પેશિયલ ફોર્સ છે જેણે 2011માં આતંકવાદી ઓસામા બિન લાદેનને પાકિસ્તાનના એબટાબાદમાં ઘૂસીને માર્યો હતો.

ઈરાન સાથેના સંઘર્ષ વચ્ચે, આ 2026નું પ્રથમ કન્ફર્મ અમેરિકી ગ્રાઉન્ડ ઓપરેશન માનવામાં આવે છે. એક સૈનિકને બચાવવા માટે મોટા પાયે સૈન્ય શક્તિનો ઉપયોગ થયો, જે તેનું મહત્વ દર્શાવે છે.

## એર ઈન્ડિયાના CEO કેમ્પબેલ વિલ્સને રાજીનામું આપી દીધુ.!

### અમદાવાદ પ્લેન ક્રેશનો રિપોર્ટ આવ્યા બાદ પદ છોડશે

• નવી દિલ્હી

એર ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) કેમ્પબેલ વિલ્સને રાજીનામું આપી દીધું છે. ન્યૂઝ એજન્સી ANIએ મંગળવારે સૂત્રોને ટાંકીને આ માહિતી આપી હતી. ઘણા મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે એર ઈન્ડિયાએ નવા CEOની શોધ પણ શરૂ કરી દીધી છે. સૂત્રો અનુસાર, વિલ્સન સપ્ટેમ્બરમાં પોતાનું પદ છોડી શકે છે. ગયા અઠવાડિયે યોજાયેલી કંપનીની બોર્ડ મીટિંગમાં તેમનું રાજીનામું સ્વીકારી લેવામાં આવ્યું છે. વિલ્સનને સપ્ટેમ્બર 2022માં એર ઈન્ડિયાના CEO અને મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમનો કરાર 5 વર્ષ માટે, જુલાઈ 2027 સુધીનો હતો. રિપોર્ટ્સ અનુસાર, એરલાઈન અમદાવાદ પ્લેન ક્રેશની અંતિમ તપાસ રિપોર્ટ આવ્યા બાદ નવા CEOની નિમણૂક કરશે. એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) એ 12 જુલાઈ 2025 ના રોજ દુર્ઘટનાનો પ્રારંભિક રિપોર્ટ જાહેર કર્યો હતો. અંતિમ રિપોર્ટ જૂન 2026 માં આવી શકે છે. વિલ્સનના રાજીનામા પર એર ઈન્ડિયાએ કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી. જોકે, સૂત્રોનું કહેવું છે કે એર ઈન્ડિયા નવા CEO માટે સંભવિત ઉમેદવારો સાથે ઉચ્ચ સ્તરીય વાતચીત કરી રહી છે. આ સંબંધમાં આવતા અઠવાડિયે એક મહત્વપૂર્ણ બેઠક પણ યોજાવાની છે. દાવા મુજબ, કંપનીએ નવા CEOની શોધ જાન્યુઆરીમાં જ શરૂ કરી દીધી હતી.

### મહાકુંભના વાઇરલ IITian બાબાએ સંસાર માંડ્યો:એન્જિનિયર છોકરી સાથે લગ્નના બંધનમાં બંધાયા

પ્રયાગરાજ મહાકુંભ-2025 થી ચર્ચામાં આવેલા IITian બાબા અભય સિંહે લગ્ન કરી લીધા છે. પત્નીનું નામ પ્રતીકા છે. આ ખુલાસો ખુદ IITian બાબાએ સોમવારે કર્યો. લાંબા સમય પછી તેઓ ભગવા કપડાં પહેરીને હરિયાણાના ઝજ્જર પહોંચ્યા. પત્ની પ્રતીકા પણ તેમની સાથે હતી. અહીં સૌથી પહેલા તેઓ બેંક ગયા અને ત્યાં KYC કરાવી. ત્યારબાદ વકીલ પિતાને મળવા તેમના ચેમ્બર પહોંચ્યા. ત્યાં પિતા ન મળતા અભય સિંહ પત્ની સાથે પોતાના ઘરે પહોંચ્યા. અહીં તેમની માતા શીલા દેવીએ દીકરા-વહુનું સ્વાગત કર્યું. તેમણે બંનેના કપાળે તિલક લગાવ્યું, આરતી ઉતારી અને મીઠાઈ ખવડાવી. ત્યારબાદ વહુનો ગૃહ પ્રવેશ કરાવ્યો. અભય સિંહે ભાસ્કરને જણાવ્યું કે તેમણે પ્રતીકા સાથે 15 ફેબ્રુઆરી (શિવરાત્રી) ના રોજ હિમાચલના અઘંજર મંદિરમાં લગ્ન કર્યા હતા. પછી 19 ફેબ્રુઆરીએ કોર્ટ મેરેજ પણ કર્યા. અમે બંને ખુશ છીએ. હાલ સાદગીથી રહી રહ્યા છીએ. મારી પત્ની મૂળરૂપે કર્ણાટકની રહેવાસી છે. તે પણ એન્જિનિયર છે. અમે હિમાચલના ધર્મશાલામાં રહીએ છીએ. બોમ્બે IITમાંથી એરો સ્પેસ એન્જિનિયરિંગ કરનાર અભય સિંહ પ્રયાગરાજ મહાકુંભમાં સંન્યાસી વેશમાં દેખાયા પછી દેશ-વિદેશમાં ચર્ચામાં આવ્યા હતા. IITian બાબાના પિતા કર્ણ સિંહે જણાવ્યું- મને આજે જ ખબર પડી કે દીકરાએ લગ્ન કરી લીધા છે. મને ખૂબ ખુશી થઈ. અભય સિંહ (36) મૂળરૂપે ઝજ્જરના સાસરોલી ગામના રહેવાસી છે. તેમના પિતા હવે ઝજ્જર શહેરના સુભાષ નગરમાં રહે છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# ડભોઈ વડોદરા હાઈવે પર ટ્રિપલ અકસ્માત: એકસાથે 4 વાહનો અથડાયા

### હાઈવે પર કિલોમીટર લાંબો ટ્રાફિક જામ ડભોઈ તાલુકાનું ફરતી કોઈ ગામ, ડભોઈ-વડોદરા હાઈવે

• ફકીરા ખત્રી ડભોઈ




હાઈવે પર ચાલી રહેલા રોડના કામ દરમિયાન ખાડો બચાવવા જતાં એક પછી એક 4 વાહનો (કાર અને ટ્રક) પાછળથી એકબીજામાં ઘૂસી ગયા.ઈજાગ્રસ્ત: અકસ્માતમાં 3 લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે (કોઈ જાનહાનિ થઈ નથી).નુકસાન: ચારેય વાહનોમાં મોટા પાયે આર્થિક નુકસાન થયું છે.ટ્રાફિક : અકસ્માતના પગલે હાઈવે પર 1 કિલો મીટર સુધી વાહનોની લાંબી કતારો લાગી હતી અકસ્માતનું મુખ્ય કારણ: કોન્ટ્રાક્ટરની બેદરકારીસ્થાનિકો અને વાહન ચાલકોના જણાવ્યા અનુસાર, અકસ્માત પાછળ નીચેના કારણો જવાબદાર હોવાનું જણાય છેઅધૂરું કામ અને ખાડા: રોડ પર કામ ચાલતું હોવાથી સાઈડ પર પડેલા ખાડાને બચાવવા જતાં વાહનોએ અચાનક બ્રેક મારવી પડી હતી.સૂચના બોર્ડનો અભાવ: સાઈટ પર કોઈ રેડિયમ સ્ટીકર કે સૂચનાના બોર્ડ લગાવવામાં આવ્યા ન હોવાથી દૂરથી વાહન ચાલકોને ખતરો દેખાતો નથી.ગંભીર બેદરકારી: કોન્ટ્રાક્ટર દ્વારા સુરક્ષાના સાધનોના અભાવે નિર્દોષ વાહન ચાલકોનો ભોગ લેવાઈ રહ્યો છે કારની પાછળ ટ્રક અને ટ્રકની પાછળ ફરી કાર ઘૂસી જતાં સર્જાયો ગંભીર અકસ્માત સદનસીબે મોટી જાનહાનિ ટળી, પરંતુ કોન્ટ્રાક્ટરની લાપરવાહી સામે લોકોમાં રોષ

# ગ્રામ્ય LCBની મોટી સફળતા : ચાંગોદરમાં ચોરીનો ગુનો ઉકલ્યો

અમદાવાદ : અમદાવાદ પોલીસ મહાનિરીક્ષક રાઘવેન્દ્ર વત્સ અને જિલ્લા પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટના માર્ગદર્શન હેઠળ અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા ગુનાખોરી ડામવા વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત LCB ટીમે ચાંગોદરમાં નોંધપાત્ર કામગીરી કરી છે. ચાંગોદર પોલીસ સ્ટેશનની હદમાં સરી ગામ પાસે આવેલી એક એસ્ટેટમાંથી 55 નંગ સેન્ટિંગ ફોર્માની ચોરી થઈ હતી. આ વણઉકેલાયેલા (અનડિટેક્ટ) ગુનાને ઉકેલવા LCB એ ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદ લીધી હતી. તપાસના અંતે પોલીસે 6 આરોપીઓને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી ચોરી થયેલો તમામ મુદ્દામાલ અને ગુનામાં વપરાયેલા વાહનો સહિત કુલ 10,74,500 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

**નિમણૂક** દેસાઈની અડાલજ અને વિશાલ શાહની ઇન્ફોસિટીમાં નિમણૂક

# અડાલજ, કલોલ અને ટ્રાફિક શાખામાં નવા પોલીસ ઈન્સ્પેકટરોની નિમણૂક

### વાસમ શેટ્ટી ધ્વારા જિલ્લા પોલીસ મથકોમાં નવા પોલીસ ઈન્સ્પેકટરોની નિમણૂક કરી દેવામાં આવી છે

• ગાંધીનગર

ગુજરાતના પાટનગર અને તેની આસપાસના વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવાના હેતુથી ગાંધીનગર પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા મોડી રાતે મહત્વનો વહીવટી નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લામાં બદલી થઈને આવેલા બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટરોને વિવિધ પોલીસ મથકો અને ટ્રાફિક જેવી મહત્વની શાખાઓમાં તાત્કાલિક અસરથી નિમણૂંક આપી દેવામાં આવી છે. આ ફેરબદલ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય પાટનગરના વધતા જતા વિસ્તાર અને ટ્રાફિકની સમસ્યાઓ સામે પોલીસિંગને વધુ સઘન બનાવવાનો છે.

ગાંધીનગર પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી ધ્વારા જિલ્લા પોલીસ મથકોમાં નવા પોલીસ ઈન્સ્પેકટરોની નિમણૂક કરી દેવામાં આવી છે. ગાંધીનગરના આઈટી હબ ગણાતા ઈન્ફોસિટી વિસ્તાર અને અમદાવાદ-ગાંધીનગરને જોડતા અડાલજ પટ્ટા પર સુરક્ષા વધારવા માટે અનુભવી અધિકારીઓની પસંદગી કરાઈ છે. જે અન્વયે સીઆઈડી ક્રાઈમમાંથી આવેલા એસ.જી. દેસાઈને અડાલજ પોલીસ સ્ટેશનમાં અને વી.એ. શાહને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં જવાબદારી સોંપાઈ છે. આ વિસ્તારોમાં વ્યાપારી પ્રવૃત્તિઓ અને અવરજવર વધુ હોવાથી અહીં નવા અધિકારીઓની નિમણૂંક સુરક્ષાના દ્રષ્ટિકોણથી ઘણી મહત્વની માનવામાં આવે છે.

એજ રીતે શહેરમાં વાહનોની વધતી સંખ્યા અને ટ્રાફિક વ્યવસ્થાના સુચારુ સંચાલન માટે ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં બે નવા અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. વડોદરાથી એન.એમ. ચૌધરી અને પોરબંદરથી બદલી થઈને આવેલા વી.પી. પરમાર હવે પાટનગરના ટ્રાફિક નિયમનની જવાબદારી સંભાળશે. તો બોટાદથી બદલી થઈને આવેલા પીઆઈ એ.જી.સોલંકીને સેકટર 7 પોલીસ મથકમાં મૂકવામાં આવ્યા છે.

બીજી તરફ મહિલાઓની સુરક્ષા અને સંવેદનશીલ મુદ્દાઓના નિકાલ માટે મહિલા પીઆઈ એમ.આર. તબિયારને



મહિલા પોલીસ સ્ટેશનમાં મુકવામાં આવ્યા છે જે દર્શાવે છે કે પોલીસ વિભાગ મહિલા સુરક્ષાને અગ્રતા આપી રહ્યું છે. જ્યારે રાજ્યનું શાસન જ્યાંથી ચાલે છે તેવા સચિવાલય સંકુલની સુરક્ષામાં કોઈ કચાસ ન રહે તે માટે કચ્છ ભુજથી એચ.એસ. ત્રિવેદી અને ઈન્ટેલિન્જસથી બદલી થઈને આવેલા એન.જી. બારોટ જેવા અધિકારીઓને ત્યાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત અમદાવાદથી આવેલા પોલીસ ઈન્સ્પેકટર એચ.એન.પટેલ અને કરાઈથી બદલી થઈને આવેલા આર.જે. બોડાટની કલોલ શહેર અને સુરત થી આવેલા પીઆઈ એ.એસ.ચૌહાણને ડભોડા મૂકવામાં આવ્યા છે. તો કલોલ તાલુકા પીઆઈ તરીકે જે. જે.ગઢવીને મૂકવામાં આવ્યા છે. જ્યારે રખિયાલ પોલીસ મથકમાં રામજીભાઈ ગોયલને પીઆઈ તરીકે નિમણુંક અપાઈ છે. એજ રીતે પેથાપર પોલીસ મથકમાં અમરેલીથી આવેલા પીઆઈ એ. એમ. દેસાઈની નિમણૂક કરાઈ છે.


આ તમામ અધિકારીઓ અગાઉ રાજ્યના વિવિધ એકમો જેવા કે લોકલ ક્રાઈમ બ્રાન્ચ, એન્ટી કરપ્શન બ્યુરો, સીઆઈડી ક્રાઈમ અને ઈન્ટેલિજન્સ બ્યુરોમાં કાર્યરત હતા. તેમના બહોળા અનુભવનો લાભ હવે ગાંધીનગર જિલ્લાના સ્થાનિક પોલીસિંગમાં મળશે. આ નવા અધિકારીઓ આવતા પાટનગરની શાંતિ અને સલામતી જાળવવામાં પોલીસ તંત્રને નવી ગતિ મળશે તેવું જણાય છે.

ગુજરાત વન વિભાગમાં ધરખમ ઉથલપાથલ

# એ.પી. સિંઘને 'હેડ ઓફ ફોરેસ્ટ'ના પદ પરથી હટાવી જયપાલસિંઘને વધારાનો ચાર્જ સોંપાયો

**ઉથલપાથલ** એ.પી. સિંઘની ગુજરાત સ્ટેટ ફોરેસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં નિમણૂક

• ગાંધીનગર



ગુજરાતના વન વિભાગમાં રાજ્ય સરકારે મોટા પાયે વહીવટી ફેરફારો કરતા તંત્રમાં હલચલ મચી ગઈ છે. લાંબા સમયથી ટોચના પદ પર કાર્યરત અધિકારીઓની અચાનક બદલીના આદેશો બહાર પડતા સચિવાલયના ગલિયારાઓમાં ચર્ચાઓ તેજ બની છે. વન વિભાગના મુખ્ય વન સંરક્ષક તેમજ 'હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ' તરીકે ફરજ બજાવતા એ.પી. સિંઘને તેમના પદ પરથી હટાવીને ગુજરાત સ્ટેટ ફોરેસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિર્ણયને વન વિભાગના માળખામાં સૌથી મહત્વપૂર્ણ ફેરફાર માનવામાં આવી રહ્યો છે. એ.પી. સિંઘની બદલી બાદ હવે વન વિભાગના વડા તરીકેનો વધારાનો ચાર્જ જયપાલસિંઘને સોંપવામાં આવ્યો છે, જે વિભાગના કામકાજ માટે મહત્વપૂર્ણ જવાબદારી માનવામાં આવે છે. માત્ર ટોચના સ્તરે જ નહીં, પરંતુ સચિવાલયના અન્ય અધિકારીઓમાં પણ ફેરબદલ કરવામાં આવ્યા છે. વન વિભાગના નાયબ સચિવ આસવ ગઢવીની બદલી ભાવનગર ખાતે 'ડેપ્યુટી કન્ટ્રોલર સિવિલ ડિફેન્સ' તરીકે કરવામાં આવી છે, જેને સાઈડ પોસ્ટિંગ તરીકે જોવામાં આવી રહી છે. આ એકાએક થયેલા ફેરફારોને કારણે વહીવટી તંત્રમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને વન વિભાગના વડાને કોર્પોરેશનમાં મોકલવાના અને અન્ય અધિકારીઓને સાઈડ પોસ્ટિંગ આપવાના નિર્ણય પાછળના કારણોને લઈને અનેક તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે. આ ફેરફારો પાછળ શા માટેનો વ્યૂહરચનાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે તે અંગે સત્તાવાર સ્પષ્ટતા ભલે ન થઈ હોય, પરંતુ તંત્રમાં આ મામલો ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે.

તે જ રીતે, ઉપ સચિવ હિમાંશુ ગોહિલને પણ વન વિભાગમાંથી મુક્ત કરી સરકારી વકીલની કચેરીમાં ઉપ સચિવ તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ એકાએક થયેલા ફેરફારોને કારણે વહીવટી તંત્રમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને વન વિભાગના વડાને કોર્પોરેશનમાં મોકલવાના અને અન્ય અધિકારીઓને સાઈડ પોસ્ટિંગ આપવાના નિર્ણય પાછળના કારણોને લઈને અનેક તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે. આ ફેરફારો પાછળ શા માટેનો વ્યૂહરચનાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે તે અંગે સત્તાવાર સ્પષ્ટતા ભલે ન થઈ હોય, પરંતુ તંત્રમાં આ મામલો ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે.

# ATSનું મેગા ઓપરેશન: ગુજરાત-રાજસ્થાન બોર્ડર પરથી રૂપિયા 25 કરોડનું મેથામ્ફેટામાઈન ઝડપાયું

### આરોપીઓની ધરપકડ અને પાકિસ્તાની કનેક્શન, પાકિસ્તાની ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ




અમદાવાદ :

ગુજરાત અને રાજસ્થાન એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ (ATS)એ એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સ્મગલિંગ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પાકિસ્તાન સરહદેથી ભારતમાં ઘુસાડવામાં આવેલ અંદાજે 25 કરોડ રૂપિયાની કિંમતનો 5 કિલો 'મેથામ્ફેટામાઈન' ડ્રગ્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઓપરેશનમાં રાજસ્થાનના બારમેરના બે શખસોની રંગેહાથ ધરપકડ કરવામાં આવી છે.


ગુજરાત એટીએસને ચોક્કસ બાતમી મળી હતી કે રાજસ્થાનના બે શખસો પાકિસ્તાની સ્મગલરો પાસેથી નશીલો પદાર્થ મેળવીને ગુજરાત તરફ ડિલિવરી આપવા જઈ રહ્યા છે. આ માહિતીના આધારે બંને રાજ્યોની એજન્સીઓએ જેસલમેર અને બનાસકાંઠાને જોડતા નેશનલ હાઈવે 68 પર સઘન વોચ ગોઠવી હતી. છટ્ઠી એપ્રિલ 2026ના રોજ સાંજે વાહન ચેકિંગ દરમિયાન એક શંકાસ્પદ ઈકો કારમાંથી પીળા રંગની થેલીમાં સંતાડેલો 5 કિલો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. ATSની ટીમે કારમાં સવાર શંકરરામ રમેશરામ અને સલમાન લાલાખાનની ધરપકડ કરી છે. આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે, આ ડ્રગ્સ પાકિસ્તાનના થારપારકર વિસ્તારમાં રહેતા 'મસાત સઓ મુબારક' નામના શખસે સરહદ પાર કરાવીને બારમેર જિલ્લામાં ડ્રોપ કર્યું હતું. આરોપીઓએ ત્યાંથી આ જથ્થો મેળવી આગળ મોકલવાનું આયોજન કર્યું હતું. આરોપીઓ સામે બારમેરના સદર પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તપાસ એજન્સીઓએ આરોપીઓના મોબાઈલ ફોનમાંથી વોટ્સએપ ચેટ, કોલ રેકોર્ડ્સ અને ડ્રગ્સ ડિલિવરીના વીડિયો જેવા મહત્ત્વના પુરાવાઓ કબજે કર્યા છે. હાલમાં આ ઈન્ટરનેશનલ સિન્ડિકેટના મૂળ સુધી પહોંચવા અને અન્ય કયા લોકો આ નેટવર્ક સાથે જોડાયેલા છે.

# શહેરમાં અલગ-અલગ 15 બેન્કમાં વિવિધ દરની રૂપિયા 4.96 લાખની 1,483 નકલી ચલણી નોટો જમા થઈ :SOGએ ગુનો નોંધ્યો

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં અલગ-અલગ 15 બેન્કમાં વિવિધ દરની રૂપિયા 4.96 લાખની 1,483 નકલી ચલણી નોટો જમા થઈ છે. જેમાં 2000ના દરની 8, 500ના દરની 803, 200ના દરની 225, 100ના દરની 248, અને 50ના દરની 190 નોટ જમા થઈ હોવાની વિગતો સામે આવી છે.આ અંગે SOGએ અજાણ્યા શખ્સો સામે ગુનો નોધીને તપાસ શરૂ કરી છે.

શહેરની બેંકમાં ચિલ્ડ્રન બેન્ક, ફાટેલી, કલર ઝેરોક્ષ વાળી સહિત નકલી નોટ જમા કરાવવામાં આવી છે. બોગસ ચલણી નોટ જમા થયા બાદ મોટા પ્રમાણમાં આ નોટ બજારમાં પણ ફરી રહી હોવાનું સામે આવી રહ્યું છે. આ સમગ્ર મામલે હજી સુધી કોઈ આરોપી ઝડપાયા નથી. એ સાથે જ આ નોટ કઈ રીતે બજારમાં ફરતી થઈ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે.




મહત્વનું છે કે આ નોટની અંદર ચિલ્ડ્રન બેંક ફુલ ઓફ ફન લખેલી નોટ પણ છે. જ્યારે SOGની 'ઈ-સાક્ષ્ય' એપ્લિકેશન દ્વારા તમામ નકલી નોટોની ઓનલાઈન વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવામાં આવી છે. જેથી કોર્ટમાં મજબૂત પુરાવા રજૂ કરી શકાય. ઉલ્લેખનીય છે કે આ પહેલા 29 માર્ચે જ 18 બેન્કમાં ચિલ્ડ્રન બેન્ક સહિત રૂ. 5.67 લાખની 1659 નકલી ચલણી નોટો જમા થઈ હતી.

# ગ્રામ્ય SOG પોલીસે 64 ગ્રામ MD ડ્રગ્સ સાથે એક આરોપીની કરી ધરપકડ



• અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા સાણંદ તાલુકાના લોદરીયાળ ગામે દરોડો પાડીને મેફેડ્રોન (MD) ડ્રગ્સના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપી પાસેથી 64 ગ્રામ ડ્રગ્સ જપ્ત કર્યું છે, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત અંદાજે 1,92,000 રૂપિયા આંકવામાં આવી છે. નશાકારક પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે પોલીસ મહાનિરીક્ષક રાઘવેન્દ્ર વત્સ અને પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટના માર્ગદર્શન હેઠળ SOGની ટીમ કાર્યરત હતી. આ દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એન. રામાણીને ચોક્કસ બાતમી મળી હતી કે લોદરીયાળ ગામના એક ખેતરની ઓરડીમાં ડ્રગ્સનો સંગ્રહ કરવામાં આવ્યો છે. બાતમીના આધારે ટીમે તાત્કાલિક દરોડો પાડી નરેશ ઉર્ફે ગોપાલ કોળી પટેલને ઝડપી લીધો હતો.

ડભોઈ એક તરફ ઉનાળાની શરૂઆતમાં અનેક ગામો પાણી માટે વલખાં

# ડભોઈ તાલુકાના રાજલી પાસે પીવાના પાણીની ધોળે દિવસે લૂંટ કરવામાં આવી

• ફકીરા ખત્રી ડભોઈ



ડભોઈ તાલુકાના રાજલી પાસે પીવાના પાણીની ધોળે દિવસે લૂંટ: તંત્રની રહેમનજર હેઠળ હોટલ ધારકો દ્વારા પાણીની ચોરી ડભોઈ એક તરફ ઉનાળાની શરૂઆતમાં અનેક ગામો પાણી માટે વલખાં મારી રહ્યા છે, ત્યારે બીજી તરફ ડભોઈ તાલુકાના રાજલી ગામ પાસેથી પસાર થતી પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈન પર અધિકારીઓની મિલીભગતથી પાણીની ઉઘાડી ચોરી થતી હોવાનું સામે આવ્યું છે. રાજલી પાસે આવેલા પાણીના વાલ્વમાંથી હજારો લીટર શુદ્ધ પાણીનો વેડફાટ થઈ રહ્યો છે, જેનો સીધો લાભ સ્થાનિક હોટલ ધારકો ઉઠાવી રહ્યા છે તંત્રની મિલીભગત કે બેદરકારી સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજલી ગામ પાસેની આ પાઈપલાઈનના વાલ્વમાં મોટા પાયે લીકેજ છે. આ લીકેજને રીપેર કરવાને બદલે, આસપાસના હોટલ ધારકોએ ત્યાં પ્લાસ્ટિકની થેલીઓ બાંધી, પાઈપ અને ટોટીઓ ફિટ કરી દીધી છે.આ વ્યવસ્થા દ્વારા હોટલોમાં મફતનું હજારો ગેલન પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છેસૌથી ચોંકાવનારી વાત તો એ છે કે જ્યારે આ અંગે હોટલ સંચાલકોને પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ નિર્ભયતાથી જણાવ્યું હતું કે આ વ્યવસ્થા પાણી પુરવઠા વિભાગના અધિકારીઓએ જ કરી આપી છે હજારો લીટર પાણીનો વેડફાટ: રોજનું હજારો ગેલન શુદ્ધ પીવાનું પાણી ગટરમાં વહી રહ્યું છે અથવા ચોરી થઈ રહ્યું છેભ્રષ્ટાચારની ગંધ: શું પાણી પુરવઠાના અધિકારીઓ કે ત્યાંના પગીઓ (લાઈનમેન) હોટલ ધારકોને જલસા કરાવી રહ્યા છે? જનતાને હાલાકી: ગામડાઓમાં જ્યારે પાણીની અછત વર્તાતી હોય, ત્યારે હોટલ ધારકો તંત્રના આશી ર્વાદથી મફતનું પાણી વાપરી રહ્યા છે.શું ઉચ્ચ અધિકારીઓ આ ખુલ્લી પાણી ચોરી સામે લાલ આંખ કરશે?ર. લીકેજ રીપેર કરવાના બહાને હોટલ ધારકોને પાણી વેચવાનો ખેલ ક્યાં સુધી ચાલશે જવાબદાર પગી કે અધિકારી સામે તપાસના આદેશ અપાશે કે પછી આ મામલો ઠંડો પાડી દેવાશે થયા બાદ ઊંઘતું તંત્ર જાગશે ખરું? શું રાજલીની જનતાના હકનું પાણી બચાવવામાં આવશે કે પછી હોટલ ધારકોની આ પાણીદાર' લૂંટ ચાલુ જ રહેશે.

# યુપીના મુરાદાબાદમાં લોહીયાળ 'ઓનર કિલિંગ': પ્રેમી યુગલની હત્યા કરી લાશ નદી કિનારે દાટી દીધી

• મુરાદાબાદ (UP)

ઉત્તર પ્રદેશના મુરાદાબાદના ઉમરી સબ્જીપુર ગામમાં પ્રેમ પ્રકરણનો અત્યંત કરુણ અને લોહીયાળ અંજામ આવ્યો છે. બે અલગ સમુદાયના પ્રેમી યુગલને પકડી પાડ્યા બાદ યુવતીના ત્રણ સગા ભાઈઓએ ક્રૂરતાની હદ વટાવી બંનેને પાવડાના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે.

પ્રેમની સજા 'મોત': ભાઈઓનો ગુસ્સો સાતમા આસમાને

ઘટનાની વિગત મુજબ, અરમાન અને કાજલ વચ્ચે છેલ્લા બે વર્ષથી પ્રેમ સંબંધ હતો. રવિવારે રાત્રે અરમાન જ્યારે કાજલને મળવા તેના ઘરે પહોંચ્યો, ત્યારે કાજલના ત્રણ ભાઈઓ - રાજારામ, રિંકુ અને સતીશે બંનેને સાથે જોઈ લીધા હતા. ગુસ્સામાં અંધ થયેલા ભાઈઓએ પહેલા બંનેના મોબાઈલ છીનવી લીધા અને ત્યારબાદ લાકડી-ડંડાથી ઢોર માર માર્યો હતો.ક્રૂરતાની પરાકાષ્ઠાએ પહોંચેલા સતીશે પાવડા વડે અરમાન અને કાજલના માથા પર ઘા મારીને સ્થળ પર જ તેમની કરપીણ હત્યા કરી નાખી હતી. પુરાવા ભૂંસવા લાશને નદી કિનારે દાટી, સવારે શાંતિથી નાસ્તો કર્યો! હત્યા કર્યા બાદ પુરાવા નાશ કરવા માટે ત્રણેય ભાઈઓએ ફિલ્મી ઢબે પ્લાન ઘડ્યો: * લાશને ચાદર અને બોરીમાં બાંધી બાઈક પર લઈ ગયા. * ગાંગન નદીના કિનારે ખાડો ખોદી બંનેને દાટી દીધા. *આશ્ચર્યની વાત એ છે કે, આટલું મોટું પાપ કર્યાના બીજા દિવસે સવારે ત્રણેય ભાઈઓએ જાણે કંઈ બન્યું જ ન હોય તેમ શાંતિથી નાસ્તો કર્યો અને કામે નીકળી ગયા હતા. પોલીસ તપાસમાં ખૂલ્યું પાપનું પોટલું અરમાનના પિતાએ પુત્ર ગુમ હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસ એક્શનમાં આવી હતી. કાજલના પરિવાર પર શંકા જતા પોલીસે કડક પૂછપરછ કરી, જેમાં ભાઈઓએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો. ધરપકડ બાદ આરોપીઓએ પોલીસ સામે બેફામ નિવેદન આપતા કહ્યું કે, 'અમને આ કૃત્યનો કોઈ જ પસ્તાવો નથી.' ગામમાં PAC તૈનાત, ચુસ્ત પોલીસ બંદોબસ્તઆ મામલો બે અલગ સમુદાય સાથે જોડાયેલો હોવાથી ગામમાં સાંપ્રદાયિક તણાવ ન સર્જાય તે માટે મોટા પ્રમાણમાં પોલીસ કાફલો અને PAC તૈનાત કરી દેવામાં આવી છે. ઉચ્ચ અધિકારીઓ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે.

# ભાજપનો 'નો-રિપીટ' પાર્ટ-2: 60 વટાવનારા અને ત્રણ ટર્મવાળાના પત્તા કપાયા, પરિવારવાદ પર પણ ફેરવી દેવાઈ કાતર

ગાંધીનગર: ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓ પહેલા ભારતીય જનતા પાર્ટીએ ટિકિટ વહેંચણીને લઈને અત્યાર સુધીના સૌથી કડક અને મોટા નિર્ણયો લીધા છે. મુખ્યમંત્રી નિવાસસ્થાને મળેલી પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં હાઈકમાન્ડે ટિકિટ માટેના નવા માપદંડો પર મહોર મારી દીધી છે. આ નવા નિયમોના કારણે અનેક દિગ્ગજ નેતાઓ અને રાજકીય 'મુરતિયાઓ' ના શ્વાસ અધ્ધર થઈ ગયા છે.

ટિકિટ મેળવવાના નવા 'કડક' માપદંડો: * ઉંમરનો બાધ: 60 વર્ષથી વધુ ઉંમર ધરાવતા નેતાઓને આ વખતે ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવશે નહીં. ભાજપ હવે યુવા ચહેરાઓ પર દાવ રમવાની તૈયારીમાં છે.

ભ્રષ્ટાચાર

સુરત જિલ્લા આંગણવાડી કર્મચારી સંઘે તપાસની માંગ કરી

# ઓલપાડ તાલુકા માં આંગણવાડી કેન્દ્રોમાં સ્વચ્છતા અને હીમજીન કીટ ખરીદીમાં ભ્રષ્ટાચારની રાવ

-તાલુકાની આંગણવાડીમાં ભણતા ભૂલકાઓ માટે કીટની ખરીદી નિયમો મુજબ આંગણવાડી બહેનોએ કરવાના બદલે સ્થાનિક તંત્રએ હલકી કક્ષાની ખરીદી કરી પધરાવી દીધી

• ઓલપાડ,તા.૦૭

ઓલપાડ તાલુકાની ૧૭૬ આંગણવાડીમાં ભણતા ભૂલકાઓ માટેની સ્વચ્છતા અને અન્ય વસ્તુઓની હાઈજીન કીટ ખરીદીમાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આરોપ ખુદ આંગણવાડી કાર્યકર બહેનોએ કરતા તાલુકામાં ખળભરાટ મચી જવા પામ્યો છે. સુરત જિલ્લા આંગણવાડી કર્મચારી સંઘનાં હોદ્દેદારોએ સુરત જિલ્લા પ્રોગ્રામ ઓફિસરને ઓલપાડ તાલુકાનાં ૧૭૬ આંગણવાડી કેન્દ્રો માટે હલકી કક્ષાની ખરીદવામાં આવેલ સ્વચ્છતા સાથે અન્ય વસ્તુઓની હાઈજીન કીટની તપાસ કરવા લેખિત માંગ કરી છે.સુરત જિલ્લા આંગણવાડી કર્મચારી સંઘ સલગ્ન સુરત જિલ્લા ભારતીય મજદૂર સંઘનાં ઉપપ્રમુખ અને આંગણવાડી વર્કર મિતાલી પટેલ, મજદૂર સંઘનાં કોષાધ્યક્ષ મનોજ ચાસિયા સહિત ઓલપાડ તાલુકાનાં વડોદ ગામની આંગણવાડી કેન્દ્રની કાર્યકર મનિષા પટેલે તંત્ર ઉપર હાઈજીન કીટ ખરીદીમાં ભ્રષ્ટાચાર નો આક્ષેપ કરી બળાપો કાઢ્યો હતો કે,દરેક આંગણવાડી કેન્દ્રોને વર્ષમાં બે વખત કેન્દ્ર દીઠ રૂ.૯૧૦ લેખે કેન્દ્રની સાફ-સફાઈ માટે સ્વચ્છતા અને ભૂલકાઓનાં તંદુરસ્ત આરોગ્ય માટે હાઈજીન કીટનાં સામાનની ખરીદી માટે સરકારી ગ્રાન્ટમાંથી જે-તે આંગણવાડી કેન્દ્રનાં બેંક ખાતામાં રકમ જમા થાય છે. આ રકમમાંથી સરકારનાં નિયમો મુજબ સામાનની ખરીદી સ્થાનિક આંગણવાડી બહેનોએ કરવાની હોય છે.પરંતુ ઓલપાડ તાલુકામાં ગત તા.૦૩ એપ્રિલ નાં રોજ તાલુકાની સોંદલાખારા આંગણવાડી કેન્દ્ર ઉપર તમામ આંગણવાડી વર્કરોને રૂબરૂ બોલાવી હાઈજીન કીટ પધરાવી દેવામાં આવી હતી. આ બાબતે તાલુકા સંકલિત બાળ વિકાસ યોજના કચેરીનાં ઈન્ચાર્જ સી.ડી. પી.ઓ. હિનાબેન પટેલ સમક્ષ વર્કરોએ રજુઆત કરી હતી કે,આ કીટ અમોએ ખરીદેલ ન હોવા છતાં મળી છે.જે સમયે તેમણે સત્તાનાં નશામાં આંગણવાડી બહેનો સાથે તોછડું વર્તન કરી ખખડાવી માનસિક ત્રાસ આપ્યો હતો.જેથી આ વિવાદ વધુ વકરતા આંગણવાડી વર્કરોએ સુરત જિલ્લા આંગણવાડી કર્મચારી સંઘના હોદ્દેદારોને જાણ કરતા તેઓ ત્યાં પહોંચ્યા હતાં અને વિતરણ થયેલ કીટનાં સામાનની ચકાસણી કરતા આ સામાન તદ્દન હલકી કક્ષાનો હોવાથી તેઓ ચોંકી ગયા હતાં.સંઘનાં હોદ્દેદારો સાથે ચોર્યાસી તાલુકાનાં દામકા ગામની આંગણવાડી કાર્યકર ચંદ્રિકાબેન પટેલે કહ્યું કે, અમારા તાલુકામાં આ રકમ કેન્દ્રમાં જમા થતા અમોએ હાઈજીન સામાનની જાતે ખરીદી કરી છે. જેથી આંગણવાડી વર્કરોએ રોષ ઠાલવ્યો હતો કે, તાલુકાનાં ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ. હિનાબેન પટેલ મિડીયા સમક્ષ કબુલાત કરી રહ્યા છે કે,હજુ આંગણવાડી કેન્દ્રોનાં જે-તે ખાતામાં રૂ. ૯૧૦ લેખે ચેક રકમ જમા થયેલ નથી અને આ સામાન મેં ખરીદેલ નથી.તો પછી આંગણવાડી માં ભણતા ગરીબ બાળકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવા વિતરણ કરેલ હલકી કક્ષાનાં સામાનની આ કીટની ખરીદી કોણે કરી?તેની તપાસ થવી જોઈએ અને થયેલ ભ્રષ્ટાચારનાં જવાબદારો સામે કડક પગલાં ભરાવવા જોઈએ. જયારે મનોજ ચાસિયાએ મિડીયાને કહ્યું કે, આશાવર્કર બહેનો પગાર વધારા માંગણી મુદ્દે હાલ સરકારી ઓનલાઈન કામગીરીથી અલિપ્ત હોવાથી તંત્ર બહેનો ઉપર દબાણ લાવવા ટોર્ચરિંગ કરી રહ્યું છે.જે અમારો સંઘ કદી સાંખી લેશે નહીં.

વિતરણ કરેલ હાઈજીન કીટ મેં ખરીદી નથી.

હું આ કચેરીમાં સને-૧૯૯૬ થી આંગણવાડી કેન્દ્રોની મુખ્ય સેવિકા તરીકે ફરજ બજાવું છું.આ કચેરીનાં સી.ડી. પી.ઓ.જયશ્રીબેન પટેલની બદલી થતા મને ગત તા. ૦૨ એપ્રિલે ચાર્જ સોંપવામાં આવેલ છે.જેથી હાલમાં વિતરણ કરેલ હાઈજીન કીટની ખરીદી કોણે કરી તે મને ખબર નથી અને હજુ જે-તે આંગણવાડી કેન્દ્રોનાં બેંક ખાતામાં આ રકમનાં ચેક ક્લિયરિંગ થયેલ નથી.

-(હિનાબેન પટેલ, ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ. ઓલપાડ)

આંગણવાડી દીઠ હાઈજીન કીટમાં ક્યાં ક્યાં સામાનનો સમાવેશ?

વર્ષ દરમ્યાન બે વખત આંગણવાડી દીઠ હાઈજીન કીટ ખરીદવા રૂ.૯૧૦ લેખે સરકારી ગ્રાન્ટ મળે છે.જે ગ્રાન્ટમાંથી દર છ મહિને ૦૪ નંગ પેટ્રોલિયમ જેલી,જેની કિંમત રૂ.૧૦૦,હેન્ડવોશ નંગ-૦૬,જેની કિંમત કુલ કિંમત રૂ.૩૦૦,નેઈલ કટર નંગ-૦૨,જેની કિંમત રૂ.૫૦,વાળ ઓળવા માટે કાંસકા નંગ-૦૫, જેની કિંમત રૂ.૫૦,

સાધનો પૈકી ૦૨ નંગ જ્યુટ(શણ) ના પગ લૂછણિયા, જેની કિંમત રૂ.૧૦૦,વેસ્ટ બાસ્કેટ(ડસ્ટબીન)

૦૧ નંગ,જેની કિંમત રૂ.૮૦,

મોસ્કલેટો ટ્રેપ,જેની કિંમત રૂ.૮૦ મળી કુલ રૂ.૨૬૦ નાં સ્વચ્છતા સાધનો અને રૂ.રૂ.૬૫૦ નો હાઈજીન કીટ મળી કુલ રૂ.૯૧૦ કિંમતનો સામાન ખરીદવામાં આવે છે.

મહેસાણા જિલ્લાના વાતાવરણમાં આવેલા અચાનક પલટાએ ઊંઝા શહેરમાં ભારે તારાજી સર્જી છે

# ઊંઝામાં કુદરતી પ્રકોપ: તોફાની પવન સાથે વરસાદ ત્રાટક્યો, જર્જરિત મકાનની દીવાલ પડતા કારનો કચ્ચરઘાણ

જર્જરિત

ગાજવીજ અને તોફાની પવન સાથે ત્રાટકેલા વરસાદને કારણે શહેરના મિલન સિનેમા રોડ પર એક જર્જરિત

ઊંઝા: મહેસાણા જિલ્લાના વાતાવરણમાં આવેલા અચાનક પલટાએ ઊંઝા શહેરમાં ભારે તારાજી સર્જી છે. ગાજવીજ અને તોફાની પવન સાથે ત્રાટકેલા વરસાદને કારણે શહેરના મિલન સિનેમા રોડ પર એક જર્જરિત મકાનની દીવાલ પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં નીચે પાર્ક કરેલી એક ખાનગી કાર પર મસમોટો કાટમાળ પડતા ગાડીનો કચ્ચરઘાણ નીકળી ગયો છે.

ઊંઝા પંથકમાં આજે અચાનક પવનની ગતિ એટલી તેજ બની હતી કે રસ્તા પરના હોર્ડિંગ્સ અને ઝાડ પણ હલબલી ગયા હતા. આ તેજ પવન અને વરસાદી ઝાપટાં જૂની ઈમારતો માટે આફત બનીને આવ્યા હતા. મિલન સિનેમા રોડ જેવા



ભરચક વિસ્તારમાં આવેલા એક જૂના મકાનની દીવાલ પવનનું દબાણ સહન ન કરી શકી અને જોતજોતામાં ધરાશાયી થઈ ગઈ.

કારનો નીકળી ગયો કચ્ચરઘાણ, સદનસીબે જાનહાનિ ટળી

દીવાલ પડવાની આ ઘટના એટલી ઓચિંતી હતી કે આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. દીવાલની બરાબર નીચે પાર્ક કરેલી કાર પર ઈંટો અને ભારેખમ કાટમાળ પડતા ગાડીની છત અને બોનેટ વચકાઈ ગયા હતા.

* આર્થિક નુકસાન: ગાડીના માલિકને લાખો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

* મોટી હોનારત ટળી: સદનસીબે જે સમયે દીવાલ પડી તે સમયે ગાડીમાં કોઈ સવાર નહોતું અને મકાનની આસપાસ પણ કોઈ અવરજવર નહોતી, જેના કારણે મોટી જાનહાનિ ટળી છે.

પાક્કો ગુજરાતનો સવાલ: જર્જરિત ઈમારતો ક્યાં સુધી જોખમી રહેશે?

આ ઘટનાએ ફરી એકવાર ઊંઝા નગરપાલિકા અને તંત્ર સામે સવાલ ઉઠાવ્યા છે. ભરચક વિસ્તારોમાં આવેલી આવી જર્જરિત ઈમારતો ગમે ત્યારે કોઈનો ભોગ લઈ શકે છે. આજે તો માત્ર ગાડીનો કચ્ચરઘાણ નીકળ્યો, પણ જો કોઈ નિર્દોષ નાગરિક ત્યાં હોત તો?

» 'ભારે પવનને કારણે જૂની દીવાલ અચાનક ધસી પડી હતી. અવાજ એટલો મોટો હતો કે જાણે મોટો ધડાકો થયો હોય. ગાડી આખી દબાઈ ગઈ છે પણ ભગવાનની દયા છે કે કોઈ માણસને ઈજા નથી થઈ.' – સ્થાનિક પ્રત્યક્ષદર્શી

»

ચેતવણી: તોફાની વાતાવરણમાં નાગરિકોએ જૂના મકાનો કે મોટા ઝાડ નીચે વાહન પાર્ક કરવાનું ટાળવું જોઈએ અને તંત્રએ પણ આવી ભયજનક મિલકતો સામે તાત્કાલિક લાલ આંખ કરવાની જરૂર છે.

# પ્રેમસંબંધમાં આંધળા બનેલા પતિએ પત્નીનું ગળું દબાવી હત્યા કરી, કાંડ છુપાવવાનો પ્રયાસ નિષ્ફળ

સાબરમતી પોલીસે આ મામલે સઘન તપાસ હાથ ધરી આરોપી પતિની ધરપકડ કરી લીધી છે

• અમદાવાદ

અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાં એક ચોંકાવનારી હત્યાની ઘટના સામે આવી છે. જેમાં એક પતિએ પોતાની પ્રેમિકા સાથે રહેવા માટે પત્નીનો કાંટો કાઢી નાખ્યો છે. અન્ય મહિલા સાથેના આડા સંબંધોમાં અડચણરૂપ બનતી પત્નીએ છૂટાછેડા આપવાની ના પાડતા પતિએ તેણીની ગળું દબાવી હત્યા કરી નાખી હતી. સાબરમતી પોલીસે આ મામલે સઘન તપાસ હાથ ધરી આરોપી પતિની ધરપકડ કરી લીધી છે. મળતી માહિતી અનુસાર, મૃતક 35 વર્ષીય યુવતીના 65 વર્ષીય પિતા ઈશ્વરભાઈ ઠાકોરે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ઘટનાના દિવસે સાસરિયા પક્ષ દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે દીકરી બાથરૂમમાં ચક્કર આવવાથી પડી ગઈ છે અને તેનું મોત નીપજ્યું છે. જોકે, પિતાએ જ્યારે દીકરીના ગળા પર નખના નિશાન જોયા ત્યારે તેમને શંકા ગઈ હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ મોતનું કારણ ગળું દબાવવાથી



થયું હોવાનું ખુલતા સમગ્ર હત્યાકાંડનો પર્દાફાશ થયો હતો.મૃતક યુવતીએ વર્ષ 2022માં હર્ષ પ્રજાપતિ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. હર્ષ ઓ.ટી. આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. દંપતીને એક વર્ષનો દીકરો પણ છે. જોકે, લગ્નજીવનમાં કલેશ ત્યારે શરૂ થયો જ્યારે હર્ષને તેની નોકરીના સ્થળે અન્ય મહિલા સાથે આડા સંબંધો બંધાયા. હર્ષ સતત પત્ની પાસે છૂટાછેડાની માંગણી કરતો હતો અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપતો હતો. ચોથી એપ્રિલ 2026ના રોજ સવારે ફરી એકવાર છૂટાછેડા બાબતે પતિ-પત્ની વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. આ દરમિયાન આવેશમાં આવીને હર્ષે પત્નીને માર મારી, ગળું દબાવીને તેની જીવનલીલા સંકેલી લીધી હતી. હત્યાને અકસ્માત ખપાવવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. સાબરમતી પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સાતમી એપ્રિલના રોજ પોલીસે આરોપી પતિ હર્ષ પ્રજાપતિની ધરપકડ કરી છે.

# હમ લોગ: મોત પછી ગળું કાપવાની ભયાનક પરંપરા! જ્યાં આજે પણ રાજાનું ચાલે છે રાજ, પૂર્વજોની ખોપરીમાં વસે છે 'આત્મા'

એક ઊંચી પહાડી, સવારના 8 વાગ્યાનો સમય અને ચારેબાજુ ફેલાયેલી સન્નાટાભરી શાંતિ. પહાડની ટોચ પર એક વૃદ્ધની લાશ પડી છે, જે કાળી પડી ચૂકી છે. લાશની બાજુમાં 24-25 વર્ષનો એક યુવાન ઘૂંટણિયે બેસીને ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડી રહ્યો છે. આ કોઈ ગુનાની ઘટના નથી, પણ એક એવી જનજાતિની સદીઓ જૂની પરંપરા છે, જે સાંભળીને તમારા રુવાડા ઊભા થઈ જશે.આ જનજાતિની દુનિયા આપણી કલ્પના બહારની છે. અહીં જ્યારે કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય છે, ત્યારે તેને સામાન્ય રીતે અગ્નિદાહ કે દફનાવવામાં આવતી નથી. પરંપરા મુજબ, મૃતદેહને પહાડી પર ખુલ્લો છોડી દેવામાં આવે છે. સૌથી વધુ ચોંકાવનારી વાત એ છે કે, ચોક્કસ વિધિ બાદ મૃતકનું ગળું કાપી નાખવામાં આવે છે. આ લોકોનું માનવું છે કે આમ કરવાથી મૃતકની આત્મા મુક્ત થાય છે.ખોપરીમાં વસે છે પૂર્વજોના આત્મા આ જનજાતિના લોકો વિજ્ઞાનના યુગમાં પણ માને છે કે તેમના પૂર્વજોના આત્મા તેમની 'ખોપરી' (Skull) માં વસે છે. * પરિવારના સભ્યો પૂર્વજોની ખોપરીઓને સાચવીને રાખે છે. * મુશ્કેલ સમયમાં આ ખોપરીઓ સામે પ્રાર્થના કરવામાં આવે છે * આ લોકો માને છે કે ખોપરી તેમની રક્ષા કરે છે અને શિકાર કે ખેતીમાં મદદરૂપ થાય છે. આજના આધુનિક યુગમાં જ્યાં દુનિયા ડિજિટલ બની રહી છે, ત્યાં આ જનજાતિમાં આજે પણ 'રાજા' નું જ શાસન ચાલે છે. પંચાયત કે પોલીસ નહીં, પણ રાજા જે નક્કી કરે તે જ અંતિમ કાયદો. જન્મથી લઈને મૃત્યુ સુધીના તમામ નિર્ણયો રાજાની મંજૂરી વગર શક્ય નથી.

પાક્કો ગુજરાત વિશ્લેષણ: અંધશ્રદ્ધા કે અનોખી સંસ્કૃતિ?

બહારની દુનિયા માટે આ પરંપરાઓ 'ક્રૂર' કે 'ભયાનક' હોઈ શકે છે, પરંતુ આ જનજાતિ માટે તે તેમના અસ્તિત્વ અને આસ્થાનો ભાગ છે. હજારો વર્ષોથી આ લોકોએ પોતાની આ અનોખી અને ચોંકાવનારી દુનિયાને અકબંધ રાખી છે.

# આ છે ભારતનું 'Love Marriage Capital'! અહી નથી નડતા જ્ઞાતિ-જાતિના બંધનો, પરિવાર સામે ચાલીને કરાવે છે મનપસંદ લગ્ન

ભારતમાં સામાન્ય રીતે લવ મેરેજ માટે પ્રેમી પંખીડાઓએ પર્વતો ચીરવા પડે છે અથવા તો ઘર છોડીને ભાગવું પડે છે. પરંતુ શું તમે જાણો છો કે ભારતમાં એક એવું રાજ્ય પણ છે જેને 'લવ મેરેજ કેપિટલ' કહેવામાં આવે છે? જી હા, આપણે વાત કરી રહ્યા છીએ પશ્ચિમ બંગાળના કોલકાતા અને આસપાસના વિસ્તારોની, જ્યાં પ્રેમ લગ્નનો દર આખા દેશમાં સૌથી વધુ છે.

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS) ના ડેટા મુજબ, પશ્ચિમ બંગાળમાં પ્રેમ લગ્નનું પ્રમાણ અન્ય રાજ્યોની સરખામણીએ ઘણું વધારે છે. તેના મુખ્ય કારણો નીચે મુજબ છે: * સાંસ્કૃતિક આઝાદી: બંગાળી સંસ્કૃતિમાં કલા, સાહિત્ય અને પ્રેમની હંમેશા પ્રશંસા કરવામાં આવી છે. રવીન્દ્રનાથ ટાગોરની ભૂમિ પર પ્રેમને પવિત્ર માનવામાં આવે છે. * પરિવારનો સપોર્ટ: અહીં અન્ય રાજ્યોની જેમ લગ્નમાં 'કાસ્ટ' કે 'ગોત્ર'ને લઈને બહુ જડતા જોવા મળતી નથી. પરિવારના સભ્યો સંતાનોની પસંદગીને માન આપે છે અને પોતે જ લગ્ન કરાવી આપે છે. * શિક્ષણ અને જાગૃતિ: શિક્ષણનો ઊંચો દર યુવાનોને પોતાના જીવનસાથી પસંદ કરવા માટે આત્મવિશ્વાસ આપે છે. કોલકાતામાં 'વિક્ટોરિયા મેમોરિયલ' હોય કે 'પ્રિન્સપ ઘાટ', અહીં પ્રેમી પંખીડાઓનું સન્માન જળવાય છે. અહીં સમાજ અન્ય લોકોના અંગત જીવનમાં દખલ દેવાનું ટાળે છે, જેને કારણે યુગલો ડર્યા વગર પોતાના સંબંધો સ્વીકારી શકે છે.

ભારતીય સૈન્યના ઈતિહાસમાં અનેક શૂરવીરો થયા

# ભારતના 'અમર' સૈનિક: રાયફલમેન જસવંત સિંહ રાવત, જેમણે એકલા હાથે ચીની સેનાના છક્કા છોડાવ્યા હતા!


• ખાસ અહેવાલ: શૌર્યગાથા

ભારતીય સૈન્યના ઈતિહાસમાં અનેક શૂરવીરો થયા, પરંતુ રાયફલમેન જસવંત સિંહ રાવતની વાર્તા કંઈક અલગ જ છે. ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ દરમિયાન નેફા (હવે અરુણાચલ પ્રદેશ)ના નુરાનાંગમાં જસવંત સિંહે જે બહાદુરી બતાવી, તે આજે પણ ચીની સૈનિકોના મનમાં ફાળ પાડે છે.

૭૨ કલાક, ૩૦૦ ચીની સૈનિકો અને એક ભારતીય વીર!

૧૭ નવેમ્બર ૧૯૬૨ના રોજ, જ્યારે ચીની સેનાએ ત્રીજો પ્રચંડ હુમલો કર્યો, ત્યારે ચોથી ગઢવાલ રાઈફલ્સના ૨૧ વર્ષીય જસવંત સિંહે પીછેહઠ કરવાનો ઈનકાર કર્યો.

* ચતુરાઈનો જંગ: સ્થાનિક મોનપા છોકરીઓ, સેલા અને નુરાની મદદથી તેમણે પહાડી પર અલગ-અલગ જગ્યાએ અનેક ફાયરિંગ પોઈન્ટ્સ બનાવ્યા.



* ભ્રમની વ્યૂહરચના: જસવંત સિંહ સતત એક પોઈન્ટથી બીજા પોઈન્ટ પર દોડીને ફાયરિંગ કરતા હતા. ચીની સેનાને એવું લાગ્યું કે સામે આખી ભારતીય બટાલિયન લડી રહી છે!

* દુશ્મનનો સફાયો: તેમણે સતત ૭૨ કલાક સુધી ચીની સેનાને રોકી રાખી અને અંદાજે ૩૦૦ દુશ્મન સૈનિકોને યમધામ પહોંચાડી દીધા.

શહીદી પછી પણ જેઓ 'ઓન ડ્યુટી' છે

પોતાની માતૃભૂમિની રક્ષા કરતા કરતા જસવંત સિંહ શહીદ થયા, પરંતુ તેમની બહાદુરીને જોઈને ચીની સેનાના જનરલ પણ નતમસ્તક થઈ ગયા હતા. તેમની અસાધારણ હિંમત માટે તેમને મરણોત્તર 'મહાવીર ચક્ર' થી નવાજવામાં આવ્યા.

» 'શરીર ત્યજ્યા પછી પણ જસવંત સિંહ અમર છે. આજે પણ અરુણાચલમાં તેમનું મંદિર છે, જ્યાં સૈનિકો તેમને આજે પણ જીવતા માનીને માન-સન્માન આપે છે.'

» પાક્કો ગુજરાત સલામ: હિંમતનું બીજું નામ એટલે જસવંત સિંહ

જસવંત સિંહ રાવતની આ વાર્તા માત્ર ઈતિહાસ નથી, પણ આવનારી પેઢીઓ માટે પ્રેરણાનો સ્ત્રોત છે. મુશ્કેલી ભલે ગમે તેટલી મોટી હોય, જો ઈરાદા મક્કમ હોય તો એક એકલો સૈનિક પણ આખી સેનાને હંફાવી શકે છે. આજે પણ સરહદ પર તૈનાત દરેક ભારતીય સૈનિકના લોહીમાં જસવંત સિંહનો આ જુસ્સો દોડે છે.

જય હિન્દ, જય ભારત!

# ડોનાલ્ડ ટ્રમ્પનો નવો ધડાકો: હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજો પાસેથી વસૂલાશે 'ટોલ ટેક્સ', મિડલ ઈસ્ટના તણાવ વચ્ચે ટ્રમ્પની બિઝનેસ માઈન્ડ ગેમ

• વોશિંગ્ટન/દુબઈ

મિડલ ઈસ્ટમાં જ્યારે એક તરફ સીઝફાયર અને શાંતિની વાટાઘાટો ચાલી રહી છે, ત્યારે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આંતરરાષ્ટ્રીય સ્તરે એક નવો વિવાદ છેડ્યો છે. સમુદ્રી વેપાર માટે અત્યંત મહત્વની એવી હોર્મુઝ સ્ટ્રેટ (Hormuz Strait) માંથી પસાર થતા જહાજો પાસેથી 'ટોલ ટેક્સ' વસૂલવાનો પ્રસ્તાવ મૂકીને ટ્રમ્પે વિશ્વભરના નેતાઓને વિચારતા કરી દીધા છે.

શું છે ટ્રમ્પનો 'ટોલ પ્લાન'?

હોર્મુઝ સ્ટ્રેટમાં વારંવાર સર્જાતા તણાવ અને અવરજવર બંધ થવાની ઘટનાઓથી વૈશ્વિક અર્થતંત્ર પર ખતરો મંડરાયેલો રહે છે. ઈરાન દ્વારા આ વિસ્તારમાં વર્ચસ્વ જમાવવાના પ્રયાસો અને ટેક્સ વસૂલવાની ચર્ચાઓ વચ્ચે ટ્રમ્પે મેદાનમાં આવીને કહ્યું છે કે, જો સુરક્ષા આપવી હોય અને આર્થિક સ્થિરતા રાખવી હોય તો ટોલ વસૂલવામાં કોઈ વાંધો નથી.

ટ્રમ્પના મતે: * અમેરિકા આર્થિક રીતે સક્ષમ છે અને આવા વૈશ્વિક માર્ગો પર ટેક્સ વસૂલવો એ વ્યવહારુ છે. * આ પ્રસ્તાવ પાછળ ટ્રમ્પની બિઝનેસમેન તરીકેની છાપ સ્પષ્ટ દેખાઈ રહી છે, જેમાં તેઓ અમેરિકાના હિતોને સર્વોપરી ગણાવી રહ્યા છે.

વિશ્વભરમાં ચર્ચાઓનો દોર

હોર્મુઝ સ્ટ્રેટ એ વિશ્વના તેલ વેપારની ધમની ગણાય છે. જો અહીં ટોલ ટેક્સ લાદવામાં આવે, તો તેલની કિંમતો અને શિપિંગ કોસ્ટમાં જંગી વધારો થઈ શકે છે. ટ્રમ્પના આ નિવેદન બાદ આંતરરાષ્ટ્રીય સમુદાય બે ભાગમાં વહેંચાયો છે:

* સમર્થકો: જેઓ માને છે કે સુરક્ષાના બદલામાં ટેક્સ આપવો એ વેપાર ચાલુ રાખવા માટેનો રસ્તો હોઈ શકે છે.

* વિરોધીઓ: જેઓ આ પ્રસ્તાવને સમુદ્રી સ્વતંત્રતાના ભંગ તરીકે જોઈ રહ્યા છે.

પાક્કો ગુજરાત વિશ્લેષણ: શાંતિ કે નવી આર્થિક લડાઈ?

એક તરફ ઈરાન સાથેની વાટાઘાટોથી શાંતિની આશા જન્મી છે, ત્યારે ટ્રમ્પનો આ નવો 'પેંતરો' મિડલ ઈસ્ટના સમીકરણો બદલી શકે છે. શું આ ટોલ ટેક્સ દ્વારા ટ્રમ્પ ઈરાનને નબળું પાડવા માંગે છે? કે પછી અમેરિકા ફરી એકવાર વૈશ્વિક વેપાર પર પોતાનો કબજો જમાવવા માંગે છે?

# કેરળ ચૂંટણી 2026: 420ના મોત અને તૂટેલા મકાનો વચ્ચે 'વાયનાડ'માં ગાંધી પરિવારની સૂકી હાજરી!

થિરૂવનંતપુરમ / વાયનાડ:કેરળમાં લોકશાહીનો પર્વ જામ્યો છે. બે દિવસ પછી મતદાન થવાનું છે, પરંતુ દક્ષિણ ભારતમાં કોંગ્રેસના 'ગઢ' ગણાતા વાયનાડમાં સ્થિતિ ગંભીર છે. એક તરફ ભૂસ્ખલન (Landslide) માં 420 લોકોના મોત અને સેંકડો પરિવારો બેઘર થયા છે, ત્યારે બીજી તરફ વાયનાડના લોકોમાં પોતાના જ લોકપ્રિય સાંસદ પ્રિયંકા ગાંધીની ઓછી હાજરીને લઈને ગણગણાટ શરૂ થયો છે.

4.1 લાખની લીડ, પણ એક્ટિવિટીમાં દેખાયા 'ઢીલા'?

પેટાચૂંટણીમાં 4.1 લાખ મતોની પ્રચંડ જીત મેળવનાર પ્રિયંકા ગાંધી આ વખતની ચૂંટણી પ્રક્રિયામાં કંઈક અંશે ગાયબ દેખાઈ રહ્યા છે. આંકડાકીય રીતે જોઈએ તો: * પ્રિયંકા ગાંધીએ તેમની પહેલી મોટી રેલી 2 એપ્રિલે તિરુવનંતપુરમમાં કરી હતી.

હેલ્થ ડેસ્ક | ખોરાક ગળવામાં તકલીફ: ગળામાં કશુંક ભરાયેલું હોય તેવું લાગવું અથવા ખોરાક ઉતારતી વખતે દુખાવો થવો

# સાવધાન! કેન્સરના આ 10 લક્ષણોને લોકો સામાન્ય ગણીને અવગણે છે, અમેરિકન કેન્સર સોસાયટીની લાલબત્તી

## અતિશય થાક લાગવો: આખો દિવસ આરામ કર્યા પછી પણ જો તમે સતત થાક અનુભવો છો, તો તેને હળવાશથી ન લો

• ખાસ અહેવાલ

કેન્સર એ એક એવો રોગ છે જેનું જો વહેલું નિદાન થાય તો જીવ બચાવી શકાય છે. પરંતુ મોટાભાગના કિસ્સામાં લોકો શરીર દ્વારા અપાતા સંકેતોને સામાન્ય બિમારી સમજીને નજરઅંદાજ કરતા હોય છે. અમેરિકન કેન્સર સોસાયટી (ACS) એવા ૧૦ મુખ્ય લક્ષણો વિશે જણાવ્યું છે જેને લોકો ઘણીવાર અવગણે છે, જે પાછળથી જીવલેણ સાબિત થઈ શકે છે.


તમે પણ આ ભૂલ તો નથી કરી રહ્યા ને? જાણો આ 10 સંકેતો:

* વજનમાં અચાનક ઘટાડો: કોઈપણ કારણ વગર કે ડાયટિંગ વગર જો ૫ કિલો કે તેથી વધુ વજન ઘટી જાય, તો તે કેન્સરનું પ્રાથમિક લક્ષણ હોઈ શકે છે.

* અતિશય થાક લાગવો: આખો દિવસ આરામ કર્યા પછી પણ જો તમે સતત થાક અનુભવો છો, તો તેને હળવાશથી ન લો.

* શરીરમાં ગાંઠ કે સોજો: સ્તન, અંડકોષ અથવા શરીરના કોઈપણ ભાગમાં નવી ગાંઠ દેખાય કે જૂની ગાંઠમાં ફેરફાર થાય તો તુરંત તપાસ કરાવો.

* ચામડીમાં ફેરફાર: ત્વચા પરના તલ કે



વજન ઘટવું, તાવ આવવો : કેન્સરના એવા 10 સંકેત જેને સામાન્ય ગણી ધ્યાન નથી અપાતું

મસાનો રંગ બદલાવો, કદ વધવું કે ત્યાં ખંજવાળ આવવી એ ત્વચાના કેન્સરના સંકેત હોઈ શકે છે.

* લાંબા સમય સુધી દુખાવો: શરીરના કોઈપણ ભાગમાં સતત દુખાવો રહેવો અને દવાઓ છતાં તે મટે નહીં, તો તે ભયજનક હોઈ શકે છે.

* ખાંસી કે અવાજમાં ફેરફાર: સતત રહેતી ખાંસી અથવા અવાજ બેસી જવો એ ફેફસાં કે ગળાના કેન્સરની નિશાની હોઈ શકે છે.

* પાચન અને પેશાબની ટેવોમાં ફેરફાર: લાંબા સમય સુધી કબજિયાત, ડાયેરિયા કે પેશાબમાં લોહી પડવું એ પેટ કે કિડનીના કેન્સરના લક્ષણ હોઈ શકે છે.

* ખોરાક ગળવામાં તકલીફ: ગળામાં કશુંક ભરાયેલું હોય તેવું લાગવું અથવા ખોરાક ઉતારતી વખતે દુખાવો થવો.

* અસામાન્ય રક્તસ્ત્રાવ: ઉધરસમાં લોહી પડવું, અચાનક નાક કે અન્ય અંગોમાંથી રક્તસ્ત્રાવ થવો એ ચિંતાનો વિષય છે.

* મોઢામાં રૂઝ ન આવતી ચાંદી: મોઢામાં લાંબા સમય સુધી ચાંદી રહેવી અથવા સફેદ/લાલ ડાઘા પડવા એ મોઢાના કેન્સરની શરૂઆત હોઈ શકે છે.

ડોક્ટરની સલાહ ક્યારે લેવી?

અમેરિકન કેન્સર સોસાયટીના મતે, આ લક્ષણોનો અર્થ એ નથી કે તમને કેન્સર જ છે, પરંતુ જો આમાંનું કોઈ પણ લક્ષણ ૨ થી ૩ અઠવાડિયા કરતા વધુ સમય સુધી રહે, તો તુરંત નિષ્ણાત ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

પાક્કો ગુજરાતની અપીલ:

કેન્સર સામેની લડાઈમાં 'વહેલું નિદાન' એ જ શ્રેષ્ઠ ઈલાજ છે. અંધશ્રદ્ધા કે ડર રાખ્યા વગર આધુનિક તબીબી પદ્ધતિઓ અપનાવો. યાદ રાખો, તમારી જાગૃતિ જ તમારા પરિવારની સુરક્ષા છે.

પાક્કો ગુજરાત - સાચું જાણો, સુરક્ષિત રહો.

LPG ના વધતા ભાવ સામે ઉત્તરાખંડના યુવાનોનો માસ્ટરસ્ટ્રોક; માત્ર 500માં 18 કિલો ગેસ આપી 'આત્મનિર્ભર ભારત'નું ઉદાહરણ પૂરું પાડ્યું

# દેશી જુગાડ કે વિજ્ઞાનનો ચમત્કાર? બે ભાઈઓએ ગોબરમાંથી ગેસ બનાવી 500માં સિલિન્ડર ભરવાનું શરૂ કર્યું!

**ચમત્કાર?** શુદ્ધ કરેલા ગેસને વાદળી અને જાંબલી રંગના ખાસ સિલિન્ડરમાં હાઈ-પ્રેશરથી ભર્યો

• દહેરાદૂન/અમદાવાદ

ભારતીય યુવાનોની બુદ્ધિ પ્રતિભાનો કોઈ જવાબ નથી. જ્યારે પણ કોઈ મુશ્કેલ પરિસ્થિતિ આવે છે, ત્યારે તેઓ એવો રસ્તો શોધી કાઢે છે કે આખી દુનિયા જોતી રહી જાય. આવો જ એક કિસ્સો ઉત્તરાખંડમાં સામે આવ્યો છે, જ્યાં બે સગા ભાઈઓએ પરંપરાગત બાયોગેસ પ્લાન્ટને આધુનિક રૂપ આપીને તેને કોમર્શિયલ સિલિન્ડરમાં ભરવાની અનોખી ટેકનિક વિકસાવી છે.

સામાન્ય રીતે બાયોગેસનો ઉપયોગ ગામડાઓમાં ઘરના ચૂલા સુધી મર્યાદિત હોય છે, પરંતુ આ બે ભાઈઓએ તેને એક ડગલું આગળ લઈ જઈને:

* ગોબરમાંથી બનતા ગેસને



પ્યુરિફાય (શુદ્ધ) કર્યો.

* શુદ્ધ કરેલા ગેસને વાદળી અને જાંબલી રંગના ખાસ સિલિન્ડરમાં હાઈ-પ્રેશરથી ભર્યો.

* આ એક સિલિન્ડરમાં 18 કિલો ગેસ આવે છે, જેની કિંમત માત્ર 500 રાખવામાં આવી છે.

આ ભાવ વર્તમાન LPG ગેસના ભાવ કરતા અડધાથી પણ ઓછો છે, જે સામાન્ય નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે.

રામ ગોપાલ વર્મા પણ થયા પ્રશંસક

આ ઈનોવેશનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા જ દિગ્ગજ ફિલ્મ નિર્માતા રામ ગોપાલ વર્માએ ટ્વીટ કરીને પ્રશંસા કરી હતી. તેમણે લખ્યું કે, 'ભારતમાં ગોધનની કોઈ કમી નથી, જો સરકાર આ દિશામાં કામ કરે તો વિદેશથી ગેસ મંગાવવાની જરૂર નહીં પડે.' નેટીઝન્સ પણ આ પ્રયાસને 'આપત્તિમાં અવસર' ગણાવી રહ્યા છે.

પર્યાવરણ અને ખેડૂતોને ડબલ ફાયદો

આ પ્રોજેક્ટના અનેક ફાયદાઓ જોવા મળી રહ્યા છે:

* પ્રદૂષણ મુક્તિ: ખેતીનો કચરો અને ગોબરનો યોગ્ય નિકાલ થાય છે.

* ખેડૂતોની આવક: ગોબરની માંગ વધતા ખેડૂતોને પશુપાલનમાંથી વધારાની આવક થશે.

* રોજગારી: જો આ મોડેલ દરેક જિલ્લામાં અમલી બને, તો હજારો યુવાનોને સ્થાનિક સ્તરે રોજગારી મળી શકે છે.

નિષ્ણાતોનો મત

જોકે, કેટલાક સુરક્ષા નિષ્ણાતોએ ગેસને સિલિન્ડરમાં ભરવા માટે વપરાતી હાઈ-પ્રેશર ટેકનિક અને તેની સેફ્ટી અંગે સવાલો ઉઠાવ્યા છે. તેમ છતાં, પ્રાથમિક તબક્કે આ યુવાનોએ જે સાહસ અને બુદ્ધિ ચાતુર્ય બતાવ્યું છે, તેણે આખા દેશનું ધ્યાન ખેંચ્યું છે.

» પાક્કો ગુજરાતનો અભિપ્રાય:

» જો સરકાર અને વૈજ્ઞાનિકો આ યુવાનોને ટેકનિકલ માર્ગદર્શન અને આર્થિક સહાય આપે, તો આ 'દેશી સિલિન્ડર' ભારતના ઉર્જા ક્ષેત્રે મોટી ક્રાંતિ લાવી શકે છે.

»

અહેવાલ: પાક્કો ગુજરાત ઈનોવેશન ડેસ્ક

# વૈશ્વિક અસ્થિરતાના વાદળો વચ્ચે આપણે ચૂંટેલી સરકારને સમજવાનો સમય આવી ગયો છે!

## વિશ્વ જ્યારે યુદ્ધ, આર્થિક સંકટ અને અનિશ્ચિતતાના દોરમાંથી પસાર થઈ રહ્યું છે

• અમદાવાદ

આજે જ્યારે આપણે સવારે ન્યૂઝ પેપર ખોલીએ છીએ અથવા સોશિયલ મીડિયા જોઈએ છીએ, ત્યારે રશિયા-યુક્રેન સંઘર્ષ, મધ્ય પૂર્વમાં વધતો તણાવ અને વિશ્વના મોટા દેશોમાં આવતી આર્થિક મંદીના સમાચાર સામાન્ય બની ગયા છે. આ વૈશ્વિક અસ્થિરતા વચ્ચે, એક સામાન્ય નાગરિક તરીકે હવે એ સમજવાનો સમય આવી ગયો છે કે આપણે જે સરકારને ચૂંટી છે, તેની ભૂમિકા માત્ર રસ્તા કે વીજળી પૂરતી મર્યાદિત નથી, પણ દેશના અસ્તિત્વ અને સાર્વભૌમત્વ સાથે જોડાયેલી છે.

વૈશ્વિક અસ્થિરતા અને ભારતની મજબૂત સ્થિતિ

વિશ્વના નકશા પર નજર કરીએ તો ઘણા શક્તિશાળી દેશો આજે મોંઘવારી અને અસ્થિરતા સામે ઝઝૂમી રહ્યા છે. આવી સ્થિતિમાં ભારતની 'સ્થિર સરકાર' શું કરી રહી છે?

* સ્વતંત્ર વિદેશ નીતિ: કોઈપણ મહાસત્તાના દબાણમાં આવ્યા વગર રાષ્ટ્રહિતમાં નિર્ણયો લેવા. * આર્થિક



સુરક્ષા: વૈશ્વિક મંદી છતાં ભારતનું અર્થતંત્ર સૌથી ઝડપથી વિકસતું રહેવું. * સુરક્ષા કવચ: સરહદો પર વધતી સજ્જતા અને આંતરિક સુરક્ષા પર કડક પકડ. કેમ અત્યારે સરકારને સમજવી જરૂરી છે? જ્યારે દુનિયા બે ભાગમાં વહેંચાયેલી હોય, ત્યારે દેશનું નેતૃત્વ જો ડગમગતું હોય તો તેની અસર સીધી સામાન્ય માણસના ખિસ્સા અને સુરક્ષા પર પડે છે. * નિર્ણાયક નેતૃત્વ: કટોકટીના સમયે મૂંઝવણને બદલે સ્પષ્ટ માર્ગ પસંદ કરવાની ક્ષમતા. * જનહિત અને રાષ્ટ્રહિતનું સંતુલન: મુશ્કેલ પરિસ્થિતિમાં પણ કલ્યાણકારી યોજનાઓ ચાલુ રાખવી. * ગ્લોબલ ઈમેજ: આજે વિશ્વ ભારત તરફ એક આશાની નજરે જોઈ રહ્યું છે, જે એક સ્થિર અને બહુમતી ધરાવતી સરકારને કારણે શક્ય બન્યું છે. નાગરિક તરીકે આપણી જવાબદારી રાજનીતિથી પર રહીને જ્યારે આપણે દેશના ભવિષ્યનો વિચાર કરીએ, ત્યારે સમજાય છે કે લોકશાહીમાં 'મત' ની કિંમત શું છે.

# કાનપુર કિડની રેકેટ: ડોક્ટરોની કરતૂતનો પર્દાફાશ, નોટોના બંડલ ગણતો વીડિયો વાયરલ

## માનવતાને શરમાવે તેવો વેપલો: લાખો રૂપિયામાં થતી કિડનીની સોદબાજી; આહુજા અને મેડલાઈફ હોસ્પિટલના છેડા અડ્યા

• કાનપુર/યુપી

ઉત્તર પ્રદેશના કાનપુરમાં માનવ અંગોના ગેરકાયદેસર વેપાર (કિડની રેકેટ) માં દરરોજ નવા અને ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર ગણાતા ડો. અફઝલ અને પરવેઝનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં તેઓ નોટોના બંડલો સાથે જોવા મળી રહ્યા છે. આ વીડિયો સાબિત કરે છે કે ડોક્ટરીના પવિત્ર વ્યવસાયની આડમાં આ નરાધમો કેવી રીતે ગરીબોની કિડનીનો વેપાર કરી લાખોની કમાણી કરી રહ્યા હતા.

વીડિયોમાં કેદ થઈ કાળી કમાણી વાયરલ થયેલા વીડિયોમાં મુખ્ય આરોપી ડો. અફઝલ અને તેનો સાથી પરવેઝ રકમની વહેંચણી કરતા હોવાનું જણાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ નાણાં ગેરકાયદેસર રીતે કરવામાં આવેલા કિડની ટ્રાન્સપ્લાન્ટના છે. આ ગેંગ માત્ર કાનપુર જ નહીં, પરંતુ ગાઝિયાબાદ અને અન્ય મોટા શહેરોમાં પણ પોતાનું નેટવર્ક ફેલાવીને બેઠી હતી. હોસ્પિટલોની મિલીભગત અને 'ફેક' ડોક્ટરોતપાસમાં અત્યાર સુધીમાં જે વિગતો બહાર આવી છે તે હચમચાવી દે તેવી છે: * ગેરકાયદેસર ટ્રાન્સપ્લાન્ટ: અત્યાર સુધીમાં ઓછામાં ઓછા છ ગેરકાયદેસર ટ્રાન્સપ્લાન્ટની પુષ્ટિ થઈ છે. * હોસ્પિટલોના નામ: આ ટ્રાન્સપ્લાન્ટ પૈકી 5 કિસ્સાઓ આહુજા હોસ્પિટલ અને 1 કિસ્સો મેડલાઈફ સુવિધા સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું છે. * ફરાર આરોપીઓ: પોતાને ડોક્ટર ગણાવતા ગેંગના 4 મુખ્ય સભ્યો હાલ પોલીસ પકડથી દૂર છે, જેમને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા છે.

આ ગેંગ આર્થિક રીતે નબળા લોકોને ટાર્ગેટ કરતી હતી. તેમને પૈસાની લાલચ આપી કિડની કઢાવી લેવામાં આવતી અને જરૂરિયાતમંદ અમીર દર્દીઓ પાસેથી લાખો રૂપિયા વસૂલવામાં આવતા હતા.

# મમતા કુલકર્ણીની દલીલ સામે સવાલ: વાંક અંધશ્રદ્ધાળુ મહિલાઓનો કે પાખંડી 'ખૂંટિયા' બાબાનો?



અમદાવાદ:તાજેતરમાં નાસિકના ઢોંગી બાબા અશોક ખરાતની ધરપકડ બાદ અભિનેત્રી મમતા કુલકર્ણીએ (સાધ્વી મમતાનંદ) પીડિતાઓ પર સવાલ ઉઠાવી 'વિક્ટિમ બ્લેમિંગ'નો મધપૂડો છેડ્યો છે. મમતાએ પૂછ્યું કે, 'મહિલાઓ પ્રાઈવેટ રૂમમાં શું કરવા જતી હતી?' પરંતુ સવાલ એ છે કે, શું છેતરાવું એ ગુનો છે? કે પછી પવિત્રતાના ઓઠા હેઠળ છેતરપિંડી આચરવી એ ગુનો છે? અશોક ખરાત પાસેથી ૫૮થી વધુ અશ્લીલ વીડિયો મળ્યા છે. આ બાબા પતિ-પત્નીના વિવાદ કે શુદ્ધિકરણના નામે મહિલાઓને આશા અને ભય બતાવી માનસિક રીતે કાબૂમાં લેતો હતો. અરે, હદ તો ત્યાં થઈ કે પ્રસાદના નામે નશીલા પીણાં પાઈ, અચેત અવસ્થામાં મહિલાઓનું જાતીય શોષણ કરી ગુપ્ત કેમેરાથી વીડિયો ઉતારવામાં આવ્યા. જે મહિલા શ્રદ્ધા સાથે ગઈ હોય, તેને નશામાં રાખી બ્લેકમેલ કરવામાં આવે, તેને મમતા કુલકર્ણી 'સમજદારીનો અભાવ' ગણાવે તે કેટલું યોગ્ય?

## સુરત 'આપ'માં મોટું ભંગાણ

# ઓમ સોરઠિયાએ 'નકલી ઈમાનદારી'ના ઢોંગીઓ સાથે ફાડ્યો છેડો, ટિકિટોના સોદાનો લગાવ્યો ગંભીર આરોપ

• સુરત

રાજ્યના રાજકારણમાં અને ખાસ કરીને સુરત 'આપ' (Aam Aadmi Party) માં ભડકો થયો છે. પક્ષના અગ્રણી નેતા *ઓમ સોરઠિયાએ* પક્ષમાંથી રાજીનામું આપીને સનસનાટી મચાવી દીધી છે. તેમણે પક્ષના મોવડીમંડળ પર 'આયાતી ઉમેદવારો' ને પૈસા લઈને ટિકિટ આપવાનો ગંભીર આક્ષેપ કરી, પક્ષની કથિત ઈમાનદારી પર સવાલ ઉઠાવ્યા છે.

★★★ *'પૈસા લઈને ટિકિટો વહેંચાઈ રહી છે' -ઓમ સોરઠિયા*

પોતાના રાજીનામા સાથે સોરઠિયાએ પક્ષના આંતરિક વહીવટની પોલ ખોલતા જણાવ્યું કે, તેમને વ્યક્તિગત રીતે ચૂંટણી લડવામાં કોઈ રસ નહોતો, પરંતુ જે




રીતે પક્ષમાં 'નકલી ઈમાનદારી'નું નાટક ચાલી રહ્યું છે તે અસહ્ય છે. તેમણે આરોપ લગાવ્યો છે કે મહેનત કરનારા કાર્યકરોને સાઈડલાઈન કરી, *પૈસા લઈને બહારના (આયાતી) ઉમેદવારોને* ટિકિટો પધરાવી દેવામાં આવી છે.

★★★ *જન જાગૃતિ સેના દ્વારા નવો મોરચો માંડ્યો*

માત્ર રાજીનામું જ નહીં, ઓમ સોરઠિયાએ હવે આરપારની લડાઈના એંધાણ આપ્યા છે. તેમણે પોતાના સંગઠન *'જન જાગૃતિ સેના'* દ્વારા પક્ષથી નારાજ અને સાચા કાર્યકરોને એકઠા થવા આહવાન કર્યું છે.

» *'જે કાર્યકરો કે નેતાઓને અન્યાય થયો હોય તેમણે ડરવાની જરૂર નથી. નકલી ઈમાનદારીના ઢોંગીઓ સામે અવાજ ઉઠાવો અને જરૂર પડે તો અપક્ષ મેદાને ઉતરો. આવો, મારી 'જન જાગૃતિ સેના' સાથે જોડાઓ અને આપણે સાથે મળીને આ ગંદી રાજનીતિને બદલીએ.'*

» – ઓમ સોરઠિયા

પાક્કો ગુજરાતનું વિશ્લેષણ: શું 'આપ'ના ગઢમાં ગાબડું પડશે?*

સુરત એ આમ આદમી પાર્ટીનો મજબૂત ગઢ માનવામાં આવે છે, પરંતુ ચૂંટણી ટાણે જ ઓમ સોરઠિયા જેવા પાયાના નેતાનું આ રીતે છેડો ફાડવો એ પક્ષ માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે. ખાસ કરીને 'ટિકિટના સોદા'નો જે ગંભીર આક્ષેપ થયો છે, તે પક્ષની છબી ખરડવા માટે પૂરતો છે.

# ગરીબી હટાવો કે ગરીબોને? સત્તાના નશામાં જનતાના ઘર પર બુલડોઝર!

## વાયદાનું શું? જે ગરીબી દૂર કરવાની વાતો થતી હતી, શું તે માત્ર કાગળ પર જ હતી?

• રાજકોટ/અમદાવાદ

ચૂંટણી આવે ત્યારે નેતાઓના મોઢે એક જ રાગ સાંભળવા મળે છે - 'ગરીબી હટાવો'. પણ જેવી સત્તા હાથમાં આવે કે તરત જ આ સૂત્ર બદલાઈને 'ગરીબોને હટાવો' થઈ જાય છે. રાજકોટનું 'જંગલેશ્વર' હોય કે અમદાવાદનું 'શિલજ', લોકશાહીમાં જે ગરીબોના મતે નેતાઓને ગાદી પર બેસાડ્યા, આજે એ જ ગરીબોના માથા પરથી છત છીનવાઈ રહી છે.

ચૂંટણીમાં 'હાથ જોડ્યા', જીત્યા પછી 'જેસીબી' જોડ્યા!

જ્યારે વોટ લેવાના હોય ત્યારે ગલીએ ગલીએ ફરતા નેતાઓ આજે એ જ ગલીઓમાં ડિમોલેશનના ઓર્ડર મોકલી રહ્યા છે. જંગલેશ્વર અને શિલજમાં થયેલા ડિમોલેશન માત્ર દીવાલો નથી તોડી, પણ કેટલાય પરિવારોના સપના અને વર્ષોની મહેનતને પણ તોડી નાખી છે.

જનતાએ વિચારવાનો સમય પાકી ગયો છે

* વાયદાનું શું? જે ગરીબી દૂર કરવાની વાતો થતી હતી, શું તે માત્ર કાગળ પર જ હતી?

* વિકાસ કોના ભોગે? આલીશાન મોલ અને રસ્તાઓ બનાવવા માટે શું ગરીબના ઝૂંપડાનો જ ભોગ લેવો અનિવાર્ય છે?

* યાદ રાખજો: વોટ આપતી વખતે આ 'બુલડોઝર'ની ગર્જના ભૂલી ન જતા. જે હાથ આજે તમારી સામે વોટ માટે ફેલાય છે, એ જ હાથ કાલે તમારા ઘર તોડવાની સહી પણ કરી શકે છે.

'પાક્કો ગુજરાત'નો અવાજ:

સત્તાના નશામાં ચૂર શાસકો ભૂલી ગયા છે કે જનતા જર્નાદન છે. આજે ગરીબોને હટાવીને શહેરને 'ચકચકાટ' બનાવવાનો દાવો કરનારા નેતાઓએ યાદ રાખવું જોઈએ કે ગરીબના આંસુમાં આખી સલ્તનત ડૂબાડવાની તાકાત હોય છે.

મત આપતા પહેલા જરૂર વિચારજો... ગરીબી હટાવનારા જોઈએ છે કે ગરીબોને જ હટાવનારા?

પત્રકારત્વની ભાષામાં કહીએ તો: 'સત્ય કડવું હોય છે, પણ 'પાક્કો ગુજરાત' હંમેશા કડવું સત્ય પીરસતું રહેશે.'

# કોંગ્રેસમાં ટિકિટ કકળાટ: 'ઘર વાપસી' પહેલા જ ટિકિટ મળી જતાં અમદાવાદ કોંગ્રેસમાં ભડકો!

અમદાવાદ:ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના રણશિંગા ફૂંકાઈ ચૂક્યા છે, ત્યારે અમદાવાદ કોંગ્રેસમાં ટિકિટ વહેંચણીને લઈને મોટો વિવાદ છેડાયો છે. કોંગ્રેસે ઉમેદવારોની યાદી જાહેર કરી નથી ત્યાં જ બે નામોને લઈને સંગઠનમાં ભડકો થયો છે. આરોપ છે કે, જે નેતાઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયા હતા અને હજુ વિધિવત 'ઘર વાપસી' પણ કરી નથી, તેમને ટિકિટ પીરસી દેવામાં આવી છે. આ ઘટનાને પગલે નિષ્ઠાવાન કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે ટિકિટ મેળવનારા આ કહેવાતા નેતાઓના ભાજપના દિગ્ગજ નેતાઓ સાથેના જૂના અને નવા ફોટા સોશિયલ મીડિયા પર વાઈરલ થયા.

દેવદૂત

બહારવટું એટલે શું? લૂંટફાટ નહી, પણ અન્યાય સામેનો જંગ!

# ગુજરાતના ગૌરવવંતા બહારવટીયા: જેમના નામે અંગ્રેજોના થરથરતા ફાળિયા, પણ ગરીબો માટે જેઓ હતા 'દેવદૂત'!

## બહારવટીયાઓમાં જો કોઈનું નામ સૌથી આદરથી લેવાતું હોય તો તે છે ભાવનગરના જોગીદાસ ખુમાણ

• રાજકોટ/સૌરાષ્ટ્ર

ગુજરાતની ધરતી એટલે માત્ર સંતો અને મહંતોની ભૂમિ નહીં, પણ આ એ ધરા છે જ્યાં ટેક અને મર્યાદા કાજે બહારવટે ચડનારા શૂરવીરોનો પણ ઈતિહાસ છે. આજે 'પાક્કો ગુજરાત'ના વિશેષ અહેવાલમાં વાત કરવી છે એ બહારવટીયાઓની, જેમના ઘોડાના ડાબલા વાગતા ત્યારે રજવાડાં અને બ્રિટિશ હકુમતની ઊંઘ હરામ થઈ જતી.

બહારવટું એટલે શું? લૂંટફાટ નહીં, પણ અન્યાય સામેનો જંગ!

ઘણા લોકો 'બહારવટીયા' અને 'ડાકુ' વચ્ચેનો તફાવત ભૂલી જાય છે. બહારવટીયાઓ ક્યારેય પોતાની મરજીથી હથિયાર ઉપાડતા નહીં. જ્યારે રાજા કે સત્તા દ્વારા અન્યાય થાય, જમીન હડપી લેવામાં આવે કે આબરૂ પર આંચ આવે, ત્યારે ન્યાય મેળવવા માટે તેઓ 'બહારવટે' (રાજ્યની હદ છોડીને જંગલમાં) નીકળતા.

ઈતિહાસના અમર પાત્રો: જેમના શૌર્યની આજે પણ કથાઓ ગવાય છે




૧. જોગીદાસ ખુમાણ (ભાવનગર):

બહારવટીયાઓમાં જો કોઈનું નામ સૌથી આદરથી લેવાતું હોય તો તે છે ભાવનગરના જોગીદાસ ખુમાણ. તેમની ટેક એવી હતી કે ભાવનગરના મહારાજા વજેસંગ સાથે વેર હોવા છતાં, મહારાજાના મૃત્યુના સમાચાર સાંભળીને જોગીદાસે શોક પાળ્યો હતો. તેમણે સ્ત્રીઓની મર્યાદા અને ગરીબોના હિત માટે હથિયાર ઉપાડ્યા હતા.

૨. કાદુ મકરાણી (જૂનાગઢ/ગીર):

ગીરના જંગલોનો આ સિંહ જેણે અંગ્રેજ સરકારના નાકે દમ લાવી દીધો હતો. કાદુ મકરાણીએ ક્યારેય ગરીબ કે અસહાયને લૂંટ્યા નથી. તેમની લડત સિસ્ટમ સામે હતી. આજે પણ સૌરાષ્ટ્રના લોકગીતોમાં કાદુની મરદાનગીના વખાણ થાય છે.

૩. મૂળુ માણેક અને જોધા માણેક (ઓખામંડળ):

દ્વારકાની ધરતી પર બ્રિટિશ આર્મી સામે જે રીતે વાઘેર બહારવટીયાઓએ લડત આપી, તે ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલી છે. તોપના ગોળા સામે ગોદડાં ભીના કરીને સામે છાતીએ લડનારા આ શૂરવીરોએ ક્યારેય હાર સ્વીકારી નહોતી.

બહારવટીયાઓના કડક નિયમો: મર્યાદા જેણે તેમને 'અમર' બનાવ્યા

આજના લૂંટારાઓ અને એ સમયના બહારવટીયાઓ વચ્ચે આભ-જમીનનો તફાવત હતો:

* સ્ત્રી સન્માન: બહારવટીયાની નજર ક્યારેય કોઈ પરસ્ત્રી પર બગડતી નહીં. ઉલટું, તેઓ સ્ત્રીઓને પોતાની બહેન-દીકરી ગણીને રક્ષણ આપતા.

* ગરીબોની સહાય: અમીરો અને અન્યાયી રાજાઓને લૂંટીને તેઓ ગરીબોના ઘરે કરિયાવર મોકલતા કે જમવાનું પહોંચાડતા.

* ગાય અને બ્રાહ્મણનું રક્ષણ: તેઓ ક્યારેય ગાય કે પંડિત પર હાથ ઉપાડતા નહીં.

લોકસાહિત્યમાં સ્થાન

ઝવેરચંદ મેઘાણીએ 'સોરઠી બહારવટીયા' પુસ્તકમાં આ શૂરવીરોની ગાથાઓને જીવંત કરી છે. મેઘાણીએ તેમને 'ન્યાયના રક્ષકો' તરીકે ઓળખાવ્યા છે. આ બહારવટીયાઓ માટે બહારવટું એ શોખ નહીં, પણ મજબૂરી અને મર્યાદાનો રસ્તો હતો.

નિષ્કર્ષ

આજે રજવાડાં ગયા અને અંગ્રેજો પણ ગયા, પણ ગુજરાતની લોક સંસ્કૃતિમાં આ બહારવટીયાઓ હજુ પણ જીવંત છે. તેઓ શીખવે છે કે અન્યાય સામે ઝૂકવા કરતાં લડવું અને પોતાની ટેક માટે બલિદાન આપવું એ જ સાચું ક્ષાત્રવટ છે.

અહેવાલ: 'પાક્કો ગુજરાત' સ્પેશિયલ ડેસ્ક

## એક અજીબ પ્રક્રિયા: સ્નાનથી શરુ થઈને શારીરિક સંબંધ સુધી

# કેરળનો કાળો ઈતિહાસ: જ્યારે 'વસ્ત્ર' આપીને શૂદ્ર મહિલાઓનું શારીરિક શોષણ કરવું એ પરંપરા ગણાતી!

'વસ્ત્ર'

ભોજનની શરત: રસપ્રદ વાત એ છે કે તે સ્ત્રીના ઘરે જતો હોવા છતાં, તે સ્ત્રીના હાથનું રાંધેલું જમતો નહી.

• અમદાવાદ/કેરળ

ભારતીય ઈતિહાસના પાનાઓમાં કેટલીક એવી પરંપરાઓ ધરબાયેલી છે, જે સાંભળીને આજે આપણું લોહી ઉકળી ઉઠે. આજે વાત કરવી છે કેરળના ત્રાવણકોર રિયાસતની એ પ્રથાની, જ્યાં ઉચ્ચ ગણાતા નંબુદરી બ્રાહ્મણો અને નાયર જ્ઞાતિની મહિલાઓ વચ્ચેના સંબંધો પાછળ એક વિચિત્ર અને શોષણખોર વ્યવસ્થા છુપાયેલી હતી.

શું હતી આ 'સંબંધમ' પ્રથા?

ત્રાવણકોરના વિસ્તારોમાં એ સમયે 'સંબંધમ' નામની એક પ્રથા પ્રચલિત હતી. આ કોઈ સામાન્ય લગ્ન નહોતા, પણ એક પ્રકારનો સામાજિક કરાર હતો. નંબુદરી બ્રાહ્મણ પરિવારનો માત્ર મોટો પુત્ર જ પોતાની જ્ઞાતિમાં લગ્ન કરી શકતો, જ્યારે બાકીના નાના પુત્રો નાયર કે અન્ય શૂદ્ર જ્ઞાતિની સ્ત્રીઓ સાથે 'સંબંધ' રાખતા.

એક અજીબ પ્રક્રિયા: સ્નાનથી શરુ થઈને શારીરિક સંબંધ સુધી

સ્ક્રિપ્ટ મુજબ, આ પ્રક્રિયા અત્યંત જટિલ અને ભેદભાવથી ભરેલી હતી:

* શુદ્ધિકરણનો ડોળ: બ્રાહ્મણ પુરુષ જ્યારે નાયર સ્ત્રીના ઘરે જતો, ત્યારે તે ઘરની બહાર જ સ્નાન કરતો. તેનો હેતુ એ હતો કે તે સ્ત્રીના સંપર્કમાં આવતા પહેલા 'પવિત્ર' થઈ જાય.

* ભોજનની શરત: રસપ્રદ વાત એ છે કે તે સ્ત્રીના ઘરે જતો હોવા છતાં, તે સ્ત્રીના હાથનું રાંધેલું જમતો નહીં. અન્ય એક બ્રાહ્મણ ત્યાં આવીને તેને જમવાનું પીરસી જતો.

* નિશાની તરીકે વસ્ત્ર: આ સંબંધની શરૂઆત પુરુષ દ્વારા સ્ત્રીને આપવામાં આવતા એક 'મુંડુ' (ધોતી




અથવા વસ્ત્ર) થી થતી. જો સ્ત્રી તે સ્વીકારી લે, તો તેનો અર્થ એ કે સંબંધ સ્વીકાર્ય છે.

બાળકોને સ્પર્શ પણ નહીં: પિતૃત્વનો ઈનકાર

આ પ્રથાની સૌથી ક્રૂર કડી એ હતી કે આ સંબંધથી જન્મેલા બાળકો પર પિતાનો કોઈ હક નહોતો.

» કહેવાય છે કે નંબુદરી બ્રાહ્મણો આ સ્ત્રીઓ સાથે રાત વિતાવતા, પણ સવારે ઉઠીને તે જ સ્ત્રી કે તેનાથી જન્મેલા સંતાનને અડકતા પણ નહીં. જો ભૂલથી સ્પર્શ થઈ જાય, તો તેઓ ફરીથી સ્નાન કરીને શુદ્ધ થતા હતા.

»

પરિણીત મહિલાઓ કેમ આ પરંપરા માનતી?

આ પ્રશ્ન આપણને અચૂક થાય. તેના મુખ્ય ત્રણ કારણો હતા:

* ધાર્મિક અંધશ્રદ્ધા: એ સમયે એવી માન્યતા ફેલાવવામાં આવી હતી કે ઉચ્ચ જ્ઞાતિના બ્રાહ્મણ સાથે સંબંધ રાખવો એ પુણ્યનું કામ છે અને તેનાથી મોક્ષ મળે છે.

* સામાજિક મોભો: નાયર પરિવારોમાં બ્રાહ્મણ પુરુષનો પધરામણો એક પ્રકારનો સામાજિક દરજ્જો (Status Symbol) ગણાતો હતો.

* માતૃસત્તાક પ્રથા: નાયર સમાજમાં મિલકત સ્ત્રીના નામે રહેતી, તેથી સ્ત્રીઓને આર્થિક રીતે પુરુષ પર નિર્ભર રહેવું પડતું નહીં. પરંતુ પિતૃત્વના નામે બાળકોને પિતાનું નામ ક્યારેય મળતું નહીં.

નિષ્કર્ષ

આજે જ્યારે આપણે સ્ત્રી સમાનતાની વાતો કરીએ છીએ, ત્યારે ઈતિહાસની આ ઘટનાઓ યાદ અપાવે છે કે ધર્મ અને પરંપરાના નામે કેવી રીતે માનવ અધિકારોનું હનન કરવામાં આવતું હતું. કેરળના સામાજિક સુધારકો અને વીસમી સદીના આંદોલનોએ અંતે આ કુપ્રથાનો અંત આણ્યો.

રિપોર્ટ: 'પાક્કો ગુજરાત' ન્યૂઝ ડેસ્ક

# ૫ પૈસાનો 'જંગ' અને ૪૦ વર્ષનો 'વનવાસ' ન્યાય મળ્યો કે ન્યાયની ક્રૂર મજાક?

• નવી દિલ્હી/અમદાવાદ

કહેવાય છે કે 'ન્યાયમાં વિલંબ એટલે ન્યાયનો ઈન્કાર', પણ હરિયાણા રોડવેઝના કંડક્ટર રણવીર સિંહ યાદવે સાબિત કરી દીધું કે જો હિંમત હોય તો ગમે તેટલા વર્ષો લાગે, સત્યને દબાવી શકાતું નથી. માત્ર ૫ પૈસા માટે એક વ્યક્તિએ આખી જિંદગી કોર્ટના ઉંબરા ઘસવામાં વિતાવી દીધી.


વર્ષ ૧૯૮૫માં રણવીર સિંહ યાદવ પર આરોપ લાગ્યો હતો કે તેમણે ૧૦ પૈસાની ટિકિટમાં ૫ પૈસાની ગેરરીતિ કરી છે. આ મામૂલી રકમ માટે તંત્રએ તેમને નોકરીમાંથી પાણીચું પકડાવી દીધું. ત્યારથી શરૂ થયો સત્ય માટેનો સંઘર્ષ જે ૨૦૨૪-૨૫ સુધી એટલે કે પૂરા ૪૦ વર્ષ ચાલ્યો.

કોર્ટનો આદેશ: વિજય થયો પણ મોડો. લાંબી કાનૂની લડત બાદ કોર્ટે રણવીર સિંહને નિર્દોષ જાહેર કર્યા અને તંત્રને ઝાટકણી કાઢતા નીચે મુજબ ચૂકવણી કરવાનો આદેશ આપ્યો:

* ૩૦,૦૦૦ નું વળતર.
* ૧.૨૮ લાખ ગ્રેચ્યુઈટી પેટે.
* ૧.૩૭ લાખ CPF પેટે.

**માત્ર 5 પૈસા માટે 40 વર્ષ સુધી કોર્ટના ધક્કા ખાધા પણ આખરે મળી જીત!**






સોશિયલ મીડિયા પર આક્રોશ: 'આ ન્યાય નથી, સિસ્ટમની નિષ્ફળતા છે'

ઈન્ટરનેટ પર આ સમાચાર વાયુવેગે ફેલાતા લોકોનો પિત્તો ગયો છે. લોકો પૂછી રહ્યા છે:

» 'જે માણસની આખી જિંદગી કોર્ટમાં વેડફાઈ ગઈ, તેની યુવાની અને માનસિક શાંતિનું વળતર આ રકમ આપી શકશે? ૫ પૈસા માટે ૪૦ વર્ષ સુધી લડાવવું એ ન્યાય નહીં પણ સિસ્ટમની નિર્દયતા છે.'

»

'પાક્કો ગુજરાત'નો સવાલ:

આજે જ્યારે કરોડોના કૌભાંડો કરનારાઓ આરામથી ફરે છે, ત્યારે એક ગરીબ કંડક્ટરને ૫ પૈસા માટે ૪૦ વર્ષ સુધી હેરાન કરવામાં આવ્યા. શું આપણી સિસ્ટમ ગરીબો માટે આટલી જ કઠોર છે? રણવીર સિંહ યાદવ જીતી તો ગયા, પણ આ જીતનો આનંદ માણવા માટે તેમની પાસે હવે જિંદગીના છેલ્લા વર્ષો જ બાકી રહ્યા છે.

તંત્ર જાગે તો સારું: ૫ પૈસાની કિંમત ૪૦ વર્ષ જેટલી મોંઘી ન હોવી જોઈએ!

# તમારી કિંમત 500 નથી, તમે અનમોલ છો!

## દારૂ-ચવાણું એક સાંજની વાત છે, પણ સન્માન આખી જિંદગીની. આ વખતે બદલાવ લાવો

ચૂંટણીનો માહોલ જામ્યો છે. ફરી એકવાર ગલીઓમાં ગાડીઓ ફરશે, ફરી એકવાર તમારા હાથમાં પાંચસોની નોટો પધરાવવાના પ્રયાસો થશે અને ફરી એકવાર સાંજની મહેફિલો માટે દારૂ-ચવાણાની લાલચ અપાશે.

પણ જરા થોભો અને વિચારજો...

* શું તમારા સંતાનોનું ભવિષ્ય 500માં વેચવા જેવું છે?

* શું તમારા ગામના તૂટેલા રસ્તાઓ અને અસુવિધાઓનું વળતર માત્ર એક સાંજનું ચવાણું છે?

* શું એક પોટલી માટે તમે તમારી આવનારી પેઢીનું નસીબ કોઈ ખોટા માણસના હાથમાં સોંપવા તૈયાર છો?

જે નેતા તમને ખરીદવા આવે છે, તે તમારી સેવા કરવા નહીં પણ તમને લૂંટવા માટે રોકાણ કરી રહ્યો છે. જે આજે તમને 500 આપશે, એ કાલે તમારી પાસે કામના બદલામાં 5000 લાંચ માંગશે.

અમારી હાકલ:

આ વખતે વેચાશો નહીં, આ વખતે માંગજો!

* માંગો... એવી શાળાઓ જ્યાં દીકરા-




દીકરીઓનું ભવિષ્ય બને.

* માંગો... એવી હોસ્પિટલો જ્યાં ગરીબને પણ સન્માનજનક સારવાર મળે.

* માંગો... એવો ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ જ્યાં તમારે કોઈની સામે હાથ ન ફેલાવવો પડે.

પાંચસો રૂપિયા અને દારૂ-ચવાણું નહીં, આ વખતે તમારું 'સન્માન' માંગો! તમારો એક કિંમતી વોટ લાલચને નહીં, પણ લાયકાતને આપો.

# મહેસાણામાં 'મીઠા ઝેર'નો પર્દાફાશ: ગોળમાં ભેળસેળનું મોટું કૌભાંડ, 'રસ મલાઈ' અને 'પોપટ છાપ' બ્રાન્ડના સેમ્પલ ફેલ

મહેસાણા: સાચવજો! જો તમે બજારમાંથી આકર્ષક પીળો કે કેસરી ગોળ ખરીદી રહ્યા છો, તો તે તમારા સ્વાસ્થ્ય માટે ખતરાની ઘંટડી સમાન હોઈ શકે છે. મહેસાણા જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ગોળના મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. લોકપ્રિય એવી 'રસ મલાઈ' અને 'પોપટ છાપ' બ્રાન્ડના ગોળના નમૂના પરીક્ષણમાં નાપાસ થતા ખળભળાટ મચી ગયો છે.

કેમિકલના રંગે ખેલ બગાડ્યો

છેલ્લા બે મહિનાથી ચાલી રહેલી સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન ફૂડ વિભાગે અલગ-અલગ જગ્યાએથી ગોળના કુલ ૬ નમૂના લીધા હતા. આશ્ચર્યજનક રીતે, ૬માંથી ૪ નમૂનામાં પ્રતિબંધિત સિન્થેટિક ફૂડ કલર (કેમિકલ) મળી આવ્યું છે. ગોળને વધુ આકર્ષક અને ચોખ્ખો દેખાડવા માટે વેપારીઓ માનવ સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યા છે.

કઈ બ્રાન્ડના નામ ખુલ્યા?

તપાસ દરમિયાન મુખ્યત્વે બે બ્રાન્ડના નામ સામે આવ્યા છે:

* રસ મલાઈ (ગોળ) * પોપટ છાપ (ગોળ)

આ ભેળસેળ બદલ વિભાગ દ્વારા બે મોટા ડિસ્ટ્રીબ્યુટરો સામે કોર્ટ કાર્યવાહીના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. સ્વાસ્થ્ય પર ખતરનાક અસરો નિષ્ણાતો અને આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગોળમાં વપરાતો આ ગેરકાયદેસર કલર ધીમું ઝેર સાબિત થઈ શકે છે: * તાત્કાલિક અસર: ચામડીની એલર્જી અને પેટની ગંભીર સમસ્યાઓ. * લાંબા ગાળાની અસર: લિવર અને કિડની ફેઈલ થવાનું જોખમ.

## ગુજરાતના રાજકારણનો એ રક્તરંજિત ઈતિહાસ

# જ્યારે રાજકોટની જીતે દિલ્હી હચમચાવ્યું અને ગુજરાતમાં ખેલાયો લોહીનો ખેલ!

• અમદાવાદ

ગુજરાતનું રાજકારણ આજે ભલે ભાજપનો ગઢ ગણાતું હોય, પણ આ ગઢની ઈંટો 60ના દાયકામાં રાજકોટમાં મુકાઈ હતી. એ સમયે દેશમાં ઈન્દિરા ગાંધીનું એકહથ્થુ શાસન હતું, પરંતુ રાજકોટ નગરપાલિકાની એક ચૂંટણીએ ઈન્દિરા ગાંધીને પણ ઊંઘતા કરી દીધા હતા. જોકે, આ વિજયની ગાથા સાથે ગુજરાતની *'પહેલી રાજકીય હત્યા'*નો કાળો ડાઘ પણ જોડાયેલો છે.

વર્ષ 1967-68ના ગાળામાં રાજકોટ નગરપાલિકાની ચૂંટણી યોજાઈ. ભારતીય જનસંઘે (જે અત્યારનું ભાજપ છે) કોંગ્રેસના સુપડા સાફ કરીને સત્તા હાંસલ કરી. ગુજરાતમાં જનસંઘે કબજે કરેલી આ પહેલી નગરપાલિકા હતી. આ સમાચાર જ્યારે દિલ્હી પહોંચ્યા ત્યારે વડાપ્રધાન ઈન્દિરા ગાંધી ચોંકી ઉઠ્યા હતા. તેમને અહેસાસ થયો કે ગુજરાતમાં કોંગ્રેસ સામે એક નવો અને મજબૂત વિકલ્પ ઊભો થઈ રહ્યો છે.

રાજકીય ગરમાવા વચ્ચે જનસંઘનો પ્રચાર ચરમસીમાએ હતો. આ દરમિયાન જનસંઘના પ્રખર કાર્યકર અને અગ્રણી પોપટલાલ વ્યાસની હત્યા કરવામાં આવી. ઈતિહાસકારો અને રાજકીય વિશ્લેષકોના મતે, આ હત્યા ગુજરાતના ઈતિહાસની 'પહેલી રાજકીય હત્યા' હતી.

» ઘટનાક્રમ પર એક નજર:

» * સ્થળ: રાજકોટના માર્ગો

» * સમય: નગરપાલિકાની ચૂંટણીનો જંગ

» * પરિણામ: આ હત્યા બાદ ઉકળતા ચરુ જેવી સ્થિતિ સર્જાઈ અને જનસંઘ પ્રત્યે પ્રચંડ જનસમર્થન ઉભરાયું.

»

બલિદાન જેણે પાયો નાખ્યો

પોપટલાલ વ્યાસની હત્યાએ માત્ર જનસંઘના કાર્યકરોને જ નહીં, પણ સામાન્ય જનતાને પણ હચમચાવી દીધી હતી. લોકોમાં કોંગ્રેસ પ્રત્યે ભારે રોષ ફાટી નીકળ્યો. પરિણામે, રાજકોટમાં જનસંઘનો ભવ્ય વિજય થયો અને અરવિંદ મણિયાર જેવા નેતાઓ ઉભરી આવ્યા.

રાજકોટની આ બેઠક પરથી જ આગળ જતાં નરેન્દ્ર મોદીએ પોતાની પહેલી વિધાનસભા ચૂંટણી લડી હતી. આમ, જે નગરપાલિકાની જીતે ઈન્દિરા ગાંધીને વિચારતા કર્યા હતા, તેના પાયામાં પોપટલાલ વ્યાસનું લોહી રેડાયેલું હતું.

-ખાસ રિપોર્ટ, 'પાક્કો ગુજરાત'

લેખ માટે હાઈલાઈટ્સ (Short Snippets):

* ચોંકાવનારું તથ્ય: ગુજરાતની પહેલી રાજકીય હત્યા રાજકોટમાં થઈ હતી.

* ઐતિહાસિક જીત: જનસંઘે કોંગ્રેસને હરાવીને પહેલીવાર રાજકોટ પાલિકા સર કરી.

* દિલ્હી સુધી ગુંજ: ઈન્દિરા ગાંધીએ આ હારને ગંભીરતાથી લઈ ગુજરાત પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

# યુપીમાં યોગી આદિત્યનાથનું 'ઓપરેશન ક્લીન': 24 કલાકમાં અનેક એન્કાઉન્ટર, ગુનેગારોમાં ફફડાટ

## મિર્ઝાપુરથી કાનપુર સુધી પોલીસની ત્રાટકતી બંદૂકો; જીમની આડમાં ધર્મ પરિવર્તન કરાવતા નરાધમોથી લઈને ચેઈન સ્નેચરો સુધીના બદમાશો જેલના સળિયા પાછળ

• લખનૌ/યુપી

ઉત્તર પ્રદેશમાં ગુનાખોરી અને ગુનેગારો સામે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની 'ઝીરો ટોલરન્સ' નીતિ ફરી એકવાર આક્રમક મૂડમાં જોવા મળી રહી છે. રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં પોલીસે સંગઠિત ગુનાખોરીના નેટવર્કને તોડી પાડવા માટે મોટા પાયે અભિયાન છેડ્યું છે, જેમાં અનેક કુખ્યાત આરોપીઓ પોલીસની ગોળીનો શિકાર બની હોસ્પિટલ ભેગા થયા છે.

મિર્ઝાપુરઃ જીમની આડમાં ધર્મ પરિવર્તનનો ખેલ

મિર્ઝાપુરમાં પોલીસે લવ જેહાદ અને ધર્મ પરિવર્તનના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે.

* ફરીદ નામના શખ્સની ધરપકડઃ જીમ ચલાવવાની આડમાં યુવતીઓને ફસાવી ધર્મ પરિવર્તન કરાવવાના આરોપ હેઠળ ફરીદની ધરપકડ કરાઈ છે.

* પોલીસ એન્કાઉન્ટરઃ ધરપકડ દરમિયાન આરોપીએ પોલીસ પર ગોળીબાર કરતા વળતા પ્રહારમાં તે ઘાયલ થયો હતો.

* મોટી કાર્યવાહીઃ યુવતીઓની ફરિયાદના આધારે કુલ 4 આરોપીઓને જેલ ભેગા કરાયા છે અને શંકાસ્પદ ગવિવિધિ ધરાવતા 4 જીમને સીલ કરી દેવામાં આવ્યા છે.

કાનપુરઃ ચેઈન સ્નેચર નિયાઝ અહેમદ ઘાયલ

કાનપુરમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમ પર હુમલો કરનાર કુખ્યાત ગુનેગાર નિયાઝ અહેમદને પોલીસે એન્કાઉન્ટરમાં દબોચી લીધો છે. રુટિન ચેકિંગ દરમિયાન નિયાઝે પોલીસ પર ફાયરિંગ કર્યું હતું, જેના જવાબમાં પોલીસે પણ ગોળી ચલાવતા તે ઘાયલ થયો હતો. તેની સામે ચેઈન સ્નેચિંગ અને લૂંટના અનેક ગુનાઓ નોંધાયેલા છે.



બહરાઈચ અને સોનભદ્રમાં પશુ તસ્કરો પર પ્રહાર

માત્ર શહેરી ગુનાઓ જ નહીં, પરંતુ ગ્રામ્ય સ્તરે પશુ તસ્કરી કરતા ગેંગ સામે પણ પોલીસે મોરચો ખોલ્યો છેઃ

* બહરાઈચઃ ઝફર નામનો કથિત પશુ તસ્કર પોલીસ સાથેની અથડામણમાં ઘાયલ થયો છે.

* સોનભદ્રઃ અહીં પણ સમાન કામગીરીમાં બે આરોપીઓ પોલીસના હાથે ઝડપાયા છે જે હાલ સારવાર હેઠળ છે.

જાહેર સલામતી પર ભાર

યુપી પોલીસના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહીનો હેતુ સામાન્ય જનતામાં સુરક્ષાનો ભાવ જગાડવાનો અને ગુનેગારોના મનમાં કાયદાનો ડર પેદા કરવાનો છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં પણ તપાસ માટે વધારાની ટીમો તૈનાત કરી દેવામાં આવી છે.

દો ભાઈ

ભારતીય ઈતિહાસમાં ૧૯૪૭નું વર્ષ આઝાદીના સૂર્યોદય માટે અમર છે

# ૧૯૪૭નું વર્ષ અને ભારતીય સિનેમાની અમર વિરાસત: ફિલ્મ 'દો ભાઈ' (Do Bhai)

## એ સમય હતો જ્યારે ભારતીય સિનેમા પોતાના 'સુવર્ણ યુગ' (Golden Age) તરફ ડગ માંડી રહ્યું હતું

ભારતીય ઈતિહાસમાં ૧૯૪૭નું વર્ષ આઝાદીના સૂર્યોદય માટે અમર છે, પરંતુ કળા અને સિનેમાની દ્રષ્ટિએ પણ આ વર્ષ એક મોટા પરિવર્તનનું સાક્ષી રહ્યું છે. આ એ સમય હતો જ્યારે ભારતીય સિનેમા પોતાના 'સુવર્ણ યુગ' (Golden Age) તરફ ડગ માંડી રહ્યું હતું. આ ઐતિહાસિક વર્ષમાં, એટલે કે ૮ એપ્રિલ ૧૯૪૭ ના રોજ એક એવી ફિલ્મ રજૂ થઈ જેણે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી અને સંગીત જગતમાં નવા ઈતિહાસ રચ્યા. તે ફિલ્મનું નામ હતું – 'દો ભાઈ' (Do Bhai).

૧. ફિલ્મની પૃષ્ઠભૂમિ અને સફળતા

'દો ભાઈ' એ માત્ર એક ફિલ્મ નહોતી, પણ તે સમયની સામાજિક અને પારિવારિક સંવેદનાઓને પડદા પર ઉતારતો એક જીવંત દસ્તાવેજ હતો. મુનશી અબ્બાસના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મ તે વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાંની એક સાબિત થઈ હતી. ત્યારે આ ફિલ્મે પ્રેક્ષકોને એક ભાવનાત્મક રાહત આપી હતી.

૨. કલાકારો: કામિની કૌશલ અને ઉલ્હાસનો જાદુ

ફિલ્મની સફળતામાં તેના કલાકારોનો ફાળો સિંહફાળો રહ્યો છે.

કામિની કૌશલ: આ ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી ત રીકે કામિની કૌશલ હતા. તેમની સાદગી, ગ રિમાપૂર્ણ અભિનય અને આંખોમાં રહેલી ભારોભાર વેદનાએ પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. કામિની કૌશલે આ ફિલ્મ દ્વારા સાબિત કર્યું કે તેઓ માત્ર ગ્લેમર નહીં પણ ઉચ્ચ કોટિના અભિનયની




ક્ષમતા ધરાવે છે.

ઉલ્હાસ: અભિનેતા ઉલ્હાસે પણ આ ફિલ્મમાં પોતાના પાત્રને ન્યાય આપીને ફિલ્મની ગંભીરતામાં વધારો કર્યો હતો.

૩. સંગીત: એસ. ડી. બર્મનનો ઉદય

'દો ભાઈ' ફિલ્મનું સૌથી મજબૂત પાસું તેનું સંગીત હતું. ભારતીય સંગીત જગતના દિગ્ગજ અને રિયાસતી સંગીતકાર એસ. ડી. બર્મન (Sachin Dev Burman) દ્વારા આ ફિલ્મનું સંગીત તૈયાર કરવામાં આવ્યું હતું. બર્મન દા માટે આ ફિલ્મ તેમની કારકિર્દીનો એક મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ હતી. તેમણે લોક સંગીત અને શાસ્ત્રીય સંગીતનું જે મિશ્રણ કર્યું, તેણે બોલિવૂડ સંગીતની વ્યાખ્યા બદલી નાખી.

૪. ગીતા દત્ત અને 'મેરા સુંદર સપના બીત ગયા'

જો આપણે 'દો ભાઈ' ની વાત કરીએ અને તેના ગીતોની ચર્ચા ન કરીએ તો તે અન્યાય ગણાશે. આ ફિલ્મનું એક ગીત આજે પણ એટલું જ લોકપ્રિય છે અને તે છે – 'મેરા સુંદર સપના બીત ગયા'.

૫. દિગ્દર્શન અને કથા શૈલી

મુનશી અબ્બાસે આ ફિલ્મમાં માનવીય સંબંધોની જટિલતાને ખૂબ જ સરસ રીતે વણી લીધી હતી. ફિલ્મનું ટાઈટલ 'દો ભાઈ' ભલે પારિવારિક લાગતું હોય, પણ તેની અંદર છુપાયેલી લાગણીઓ અને સંઘર્ષ દરેક સામાન્ય માણસના જીવન સાથે જોડાયેલો હતો. તે સમયના સિનેમામાં વાર્તા કહેવાની પદ્ધતિ ખૂબ જ ધીમી અને પ્રભાવશાળી હતી, જે પ્રેક્ષકોને પાત્રો સાથે એકાકાર કરી દેતી.

૬. ૧૯૪૭: ભારતીય સિનેમાનો સીમાચિહ્ન વર્ષ

૧૯૪૭નું વર્ષ ભારતીય સિનેમા માટે ઘણું ફળદાયી રહ્યું હતું. 'દો ભાઈ' ની સાથે સાથે અન્ય કેટલીક ફિલ્મોએ પણ ઈતિહાસ રચ્યો હતો:

જુગ્નુ: દિલીપ કુમાર અને નૂરજહાંની આ ફિલ્મ પણ અત્યંત સફળ રહી હતી.

શહેનાઈ: આ ફિલ્મમાં સી. રામચંદ્રનું સંગીત અને 'આના મેરી જાન સન્ડે કે સન્ડે' જેવા ગીતોએ ધૂમ મચાવી હતી.

દર્દ: ઉમા દેવી (ટુનટુન) ના અવાજમાં 'અફસાના લિખ રહી હૂં' ગીત સાથે આ ફિલ્મ પણ સુપરહિટ રહી હતી.

આ બધી ફિલ્મો વચ્ચે 'દો ભાઈ' એ પોતાની મજબૂત પટકથા અને સંગીતને કારણે એક અલગ જ ઓળખ ઊભી કરી હતી.

૭. ફિલ્મની લાંબાગાળાની અસરો

'દો ભાઈ' ની સફળતાએ કામિની કૌશલ માટે બોલિવૂડના દ્વાર ખોલી નાખ્યા. ત્યારબાદ તેમણે 'નીચા નગર' અને 'શહીદ' જેવી અનેક યાદગાર ફિલ્મો આપી. તેવી જ રીતે, સંગીતકાર એસ. ડી. બર્મને આ ફિલ્મ પછી પાછું વળીને જોયું નથી અને હિન્દી સિનેમાને એક પછી એક માસ્ટરપીસ સંગીત આપ્યું.

આજે જ્યારે આપણે આધુનિક ટેકનોલોજી અને હાઈ-ડેફિનેશન સિનેમાના યુગમાં જીવી રહ્યા છીએ, ત્યારે 'દો ભાઈ' જેવી બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મો આપણને સિનેમાના વાસ્તવિક આત્માની યાદ અપાવે છે. ૮ એપ્રિલ ૧૯૪૭ ના રોજ રજૂ થયેલી આ ફિલ્મ માત્ર મનોરંજનનું સાધન નહોતી, પણ તે ભારતીય સંસ્કૃતિ, સંગીત અને સાહિત્યનો એક સંગમ હતી. જો તમે જૂના ગીતો અને ક્લાસિક સિનેમાના શોખીન હોવ, તો આ ફિલ્મ અને તેનું સંગીત તમારા સંગ્રહમાં ચોક્કસ હોવું જોઈએ.

શું તમે જાણો છો? કામિની કૌશલ એવા પ્રથમ ભારતીય અભિનેત્રીઓમાંના એક હતા જેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે એટલે કે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પોતાની ફિલ્મનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમની અન્ય ફિલ્મો જેવી કે 'બીરાજ બહુ' અને 'ઝિદ્દી' પણ જોવી જોઈએ.

લેખક અશ્વિન ગોહિલ ની કલમે (લેખક, કવિ, સાહિત્યકાર)

# સગીરાને પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરનાર નરાધમ બે મહિને ઝડપાયો

## બારડોલીથી ભગાડી ગયેલી સગીરાનું અનેક વખત જાતીય શોષણ કર્યું; મધ્યપ્રદેશમાં આશરો લીધા બાદ સુરત આવતા જ પોલીસે દબોચ્યો

સુરત: શહેરમાં સગીરાઓને પ્રેમજાળમાં ફસાવી તેમનું શોષણ કરવાની ઘટનાઓ વધી રહી છે, ત્યારે સુરત ગ્રામ્ય પોલીસે એક મોટી સફળતા મેળવી છે. લગ્નની લાલચ આપી સગીરાનું અપહરણ કરી બે મહિના સુધી તેનું શારિરીક શોષણ કરનાર આરોપીને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે.

ગત ૨૮ જાન્યુઆરીના રોજ આરોપીએ બારડોલી વિસ્તારની એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. લગ્ન કરવાની પાયાવિહોણી લાલચ આપી તે સગીરાને તેના ઘરેથી ભગાડી ગયો હતો. આ



મામલે પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસ હરકતમાં આવી હતી. જોકે, પોલીસનો ડર લાગતા આરોપી સગીરાને લઈને તાત્કાલિક મધ્યપ્રદેશ નાસી છૂટ્યો હતો.

પોલીસે કેવી રીતે ગોઠવી જાળ?

બે મહિના સુધી નાસતા ફરતા આરોપી અંગે સુરત પોલીસને ગુપ્ત બાતમી મળી હતી કે:

* આરોપી મધ્યપ્રદેશથી પરત આવ્યો છે.

* તે સુરતના ફૂલવાડી વિસ્તારમાં તેના એક મિત્ર પાસેથી ઉછીના રૂપિયા લેવા માટે આવવાનો છે.

આ બાતમીના આધારે પોલીસે ફૂલવાડી વિસ્તારમાં વોચ ગોઠવી હતી. જેવો આરોપી ત્યાં પહોંચ્યો કે તરત જ પોલીસે તેને કોર્ડન કરીને દબોચી લીધો હતો.

અનેકવાર આચર્યું દુષ્કર્મ

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આરોપી સગીરાને અલગ-અલગ સ્થળે ફેરવીને તેની મરજી વિરુદ્ધ અનેકવાર શારિરીક સંબંધો બાંધ્યા હતા. પોલીસે સગીરાનો કબજો મેળવી તેને પરિવારને સોંપવાની અને મેડિકલ તપાસ કરવાની તજવીજ હાથ ધરી છે.

# શ્રદ્ધા કે અંધશ્રદ્ધા? જ્યારે લોજીક હારે છે ત્યારે મેજિકના નામે ખેલાય છે સેક્સ ખેલ!

## નાસિકના પાખંડી અશોક ખરાતનો કાળો ચહેરો: ઉચ્ચ શિક્ષિત મહિલાઓ પણ બની શિકાર

• અમદાવાદ/નાસિક

જ્યારે માણસ વિવેકબુદ્ધિ ગીરે મૂકે છે ત્યારે અશોક ખરાત જેવા 'નરરાક્ષસો'નો ઉદય થાય છે. હાલ નાસિકનો કહેવાતો સેક્સ-બાબા અશોક ખરાત સમાજમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ન્યુમરોલોજી, જ્યોતિષ અને વશીકરણના નામે આ પાખંડીએ અનેક ઉચ્ચ શિક્ષિત, અમીર અને સેલિબ્રિટી મહિલાઓનું શારીરિક શોષણ કર્યું હોવાની વિગતો બહાર આવી છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે અંધશ્રદ્ધાને ગરીબી કે અભણતા સાથે લેવાદેવા નથી, એ તો માનસિક નબળાઈનો ખેલ છે. આ કેસમાં સૌથી આશ્ચર્યજનક પાસું એ છે કે ભોગ બનનાર મહિલાઓ ડોક્ટર, એન્જિનિયર કે ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન હતી. અહીં એક કડવી વાસ્તવિકતા સમજવા જેવી છે: વિજ્ઞાન ભણવું અને જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ હોવો એ બંને ભિન્ન બાબતો છે. ડિગ્રીઓ લેવાથી તર્કશક્તિ આવતી નથી. અનેક કિસ્સામાં જોવા મળ્યું છે કે વિજ્ઞાનનો ઊંચો અભ્યાસ કરનાર વ્યક્તિ પણ બાબાઓના પગમાં આળોટતી હોય છે, જ્યારે કોઈ ઓછું ભણેલો વ્યક્તિ પોતાની કોઠાસૂઝ અને તર્કથી આવા પાખંડોને ઓળખી લે છે. ભારતીય સમાજમાં વૈજ્ઞાનિકો કરતા બાબાઓ કેમ વધુ વ્યાપક છે? કારણ કે લોકોને તર્ક (Logic) કરતા ચમત્કાર (Magic) માં વધુ રસ છે. પોતાની સમસ્યાઓના ઉકેલ માટે મહેનત કરવાને બદલે કોઈ શોર્ટકટ કે તાવીજ મળી જાય તેવી લાલચ પાખંડી બાબાઓને ફૂલવા-ફાલવાની તક આપે છે. આ જ માનસિકતાનો લાભ ઉઠાવી અશોક ખરાત જેવા શખ્સો અબજોની સંપત્તિ ભેગી કરે છે અને આશ્રમોના નામે સેક્સ કાંડ આચરે છે.

પ્રશ્ન એ થાય કે અમીર અને સફળ લોકો કેમ ફસાય છે? જવાબ છે 'ઈનસિક્યોરિટી'. પોતાની અમીરી, સત્તા કે પોપ્યુલારિટી ક્યાંક છીનવાઈ ન જાય તેવો ડર તેમને સતત સતાવતો હોય છે. આ માનસિક નબળાઈનો ફાયદો ઉઠાવી બાબાઓ તેમને 'વશીકરણ' કે 'ગ્રહદોષ'ના નામે ડરાવે છે અને પછી શરૂ થાય છે શોષણનો ખેલ.

ઉકેલ શું?

માત્ર કાયદાઓથી આવા પાખંડો અટકશે નહીં. તેનો કાયમી ઉકેલ બે જ રસ્તે આવે છે:

* વૈજ્ઞાનિક અભિગમ: દરેક બાબતને પ્રશ્ન પૂછવાની આદત કેળવવી. 'ચમત્કાર' જેવું કશું હોતું નથી એ સત્ય સ્વીકારવું.

* કડક સજા: અશોક ખરાત જેવા પાખંડીઓને એવી કડક સજા થવી જોઈએ કે જે અન્ય નકલી બાબાઓ માટે દાખલો બેસાડે.

## રાશીફળ (તા.08-04-2026)

**મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ ઊર્જા અને ઉત્સાહથી ભરેલો રહેશે. કાર્યક્ષેત્રમાં તમારી મહેનતનું ફળ મળશે અને નવા અવસર મળી શકે છે. જો તમે કોઈ નવા પ્રોજેક્ટ પર કામ શરૂ કરવા માંગો છો તો સમય અનુકૂળ છે.

**વૃષભ (બ.વ.ઉ)** આજે આર્થિક બાબતોમાં લાભ મળવાની સંભાવના છે. રોકાણ માટે દિવસ શુભ છે, પરંતુ વિચાર કરીને નિર્ણય લો. નોકરી કરતા લોકોને પ્રમોશન અથવા પ્રશંસા મળી શકે છે.

**મિથુન (ક.છ.ઘ)** આજનો દિવસ મિશ્ર પરિણામ આપનાર રહેશે. કાર્યક્ષેત્રમાં ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. ઉતાવળમાં લીધેલા નિર્ણયો નુકસાનકારક બની શકે છે.

**કર્ક (ડ.હ)** આજે પરિવાર સાથે સમય પસાર કરવાની તક મળશે. ઘરમાં શાંતિ અને સુખ રહેશે. કાર્યક્ષેત્રમાં તમારી જવાબદારીઓ વધે શકે છે. આર્થિક સ્થિતિ સ્થિર રહેશે.

**સિંહ (મ.ટ)** આજે તમારો આત્મવિશ્વાસ ઊંચો રહેશે. કાર્યક્ષેત્રમાં સફળતા મળશે અને તમારા કામની પ્રશંસા થશે. આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. પ્રેમ સંબંધોમાં મધુરતા આવશે.

**કન્યા (પ.ઠ.ણ)** આજે તમને તમારા કામમાં સાવધાની રાખવી પડશે. નાની ભૂલો મોટી સમસ્યા બની શકે છે. આર્થિક બાબતોમાં વિચાર કરીને નિર્ણય લો. પરિવારનો સહયોગ મળશે.

**તુલા (ર.ત)** આજનો દિવસ સંતુલન જાળવવાનો છે. કાર્યક્ષેત્રમાં નવી જવાબદારીઓ મળી શકે છે. આર્થિક સ્થિતિ સામાન્ય રહેશે. સંબંધોમાં સુધારો આવશે.

**વૃશ્ચિક (ન.ય.)** આજનો દિવસ તમારા માટે પરિવર્તન લાવી શકે છે. કાર્યક્ષેત્રમાં નવા અવસર મળશે. આર્થિક લાભ મળવાની શક્યતા છે. સંબંધોમાં મધુરતા આવશે. સ્વાસ્થ્ય સારું રહેશે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** આજનો દિવસ સકારાત્મક રહેશે. કાર્યક્ષેત્રમાં સફળતા મળશે. નવી યોજનાઓ પર કામ શરૂ કરી શકો છો. આર્થિક સ્થિતિ સારી રહેશે. પરિવારનો સહયોગ મળશે.

**મકર (ખ.જ)** આજે તમને તમારી મહેનતનું ફળ મળશે. કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે. આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે.

**કુંભ (ગ.શ.સ.ષ)** આજનો દિવસ નવા વિચારો અને યોજનાઓ માટે સારો છે. કાર્યક્ષેત્રમાં સફળતા મળશે. આર્થિક સ્થિતિ સામાન્ય રહેશે. મિત્રો સાથે સમય પસાર કરવાની તક મળશે. સ્વાસ્થ્ય સારું રહેશે.

**મીન (દ.ચ.ઝ.થ)** આજે તમારું મન આધ્યાત્મિક કાર્યોમાં લાગશે. કાર્યક્ષેત્રમાં સફળતા મળશે. આર્થિક સ્થિતિ સારી રહેશે. પરિવારનો સહયોગ મળશે. સ્વાસ્થ્ય સારું રહેશે.

# બેનામી સંબંધોની મહેક: જ્યાં લોહીના સંબંધો કરતા પણ વધુ મધુરતા હોય છે

લેખક: પવન માકન (ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત)

દરેક સંબંધને નામ આપવું શું અનિવાર્ય છે? સમાજે આપણને શીખવ્યું છે કે જો કોઈ વ્યક્તિ સાથે જોડાણ હોય, તો કાં તો એ ભાઈ હોય, બહેન હોય, મિત્ર હોય કે પછી લોહીનો કોઈ સગો હોય. પણ હકીકત એ છે કે જીવનના વળાંક પર કેટલાક એવા સંબંધો મળી જાય છે જેનું કોઈ નામ નથી હોતું, છતાં તેની હાજરી આખા જીવનને મહેકાવી દે છે.

ઔપચારિકતા વગરનું અમૃત

આજકાલના યુગમાં જ્યારે સંબંધો 'સ્ટેટસ' અને 'સોશિયલ મીડિયા' પૂરતા સીમિત થઈ ગયા છે, ત્યારે કેટલાક સંબંધો એવા પણ છે જે કોઈ પણ જાહેરાત વગર, બેનામી રીતે જીવાય છે. આ એવા લોકો છે જેમને આપણે રોજ નથી મળતા, જેમના માટે કોઈ ફેમિલી વોટ્સએપ ગ્રુપ નથી હોતું, છતાં જ્યારે મન ઉદાસ હોય ત્યારે સૌથી પહેલો વિચાર એમનો જ આવે છે. અહીં 'આપણો સંબંધ શું?' એવો સવાલ ક્યારેય ઉઠતો નથી, કારણ કે અહીં અહેસાસની ભાષા શબ્દો કરતાં વધુ સ્પષ્ટ હોય છે.

જવાબદારી નહીં, પણ જીવવાની ઈચ્છાશક્તિ

આપણે જોયું છે કે લોહીના સંબંધો ક્યારેક 'નિભાવવા પડે' છે એટલે નિભાવાય છે. તેમાં એક પ્રકારનો વજન હોય છે, મજબૂરી હોય છે. જ્યારે આ બેનામી સંબંધોની સુંદરતા જ એ છે કે તેને નિભાવવાનો કોઈ ભાર નથી લાગતો.

* અહીં કોઈ શરત નથી.

* અહીં કોઈ અપેક્ષાનું પોટલું નથી.

* અહીં માત્ર ને માત્ર સાથે હોવાની નિખાલસ ઈચ્છાશક્તિ હોય છે.

સંબંધોનું 'વેઈટલેસ' હોવું જ તેની તાકાત છે

આવા સંબંધો લોહીના સંબંધોથી પણ ચડિયાતા સાબિત થાય છે, કારણ કે તે આત્માથી જોડાયેલા હોય છે. તેમાં મજબૂરીની કોઈ સાંકળ નથી હોતી, એટલે જ તેમાં મુક્તિનો આનંદ હોય છે. જે સંબંધ જવાબદારી બની જાય તે ક્યારેક ગૂંગળામણ આપે છે, પણ જે સંબંધ માત્ર 'જીવવાની ઈચ્છા'થી ટકેલો હોય તે જીવનભર તાજગી આપે છે.



અંતિમ વિચાર:

તમારી પાસે પણ કોઈ એવી વ્યક્તિ છે જેની સાથેના સંબંધને તમે નામ નથી આપી શક્યા પણ એ તમારી જિંદગીનો અવિભાજ્ય હિસ્સો છે? જો હા, તો તમે નસીબદાર છો. સંબંધોને નામના પિંજરામાં કેદ કરવા કરતા, તેને લાગણીના આકાશમાં વિહરવા દેવા જોઈએ. કેમ કે, અસલી મજા તો એ બેનામી સંબંધોમાં જ છે, જે કોઈપણ સ્વાર્થ વગર હૃદયના ખૂણે સચવાયેલા રહે છે.

પવન માકન

ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત

એડિટર નોટ: આ લેખ વાંચ્યા પછી જો તમને પણ કોઈ એવી 'બેનામી' વ્યક્તિ યાદ આવી હોય, તો આજે જ તેમને એક મેસેજ કરજો, કારણ કે જિંદગી બહુ ટૂંકી છે અને સાચા સંબંધો બહુ ઓછા.

# વીઆઈપી કલ્ચર પર સર્જિકલ સ્ટ્રાઈક: નેપાળના ગૃહમંત્રીનો ક્રાંતિકારી નિર્ણય

• કાઠમંડુ/ડેસ્ક

રાજકારણીઓ અને ઊંચા પદ પર બેઠેલા લોકો માટે રસ્તાઓ રોકી દેવા અને સામાન્ય જનતાને ટ્રાફિકમાં કલાકો સુધી અટકાવી રાખવી એ દક્ષિણ એશિયાઈ દેશોમાં એક સામાન્ય દ્રશ્ય છે. પરંતુ, આપણા પાડોશી દેશ નેપાળના ગૃહમંત્રી સુદાન ગુરુંગે આ પ્રથાને જડમૂળથી ઉખેડી નાખવા માટે એક એવો નિર્ણય લીધો છે જેની અત્યારે સોશિયલ મીડિયા પર ચોમેર પ્રશંસા થઈ રહી છે.

શું છે નવો આદેશ?

નેપાળના હોમ મિનિસ્ટર સુદાન ગુરુંગે ટ્રાફિક પોલીસને સ્પષ્ટ અને કડક શબ્દોમાં આદેશ આપ્યો છે કે:

* માર્ગો પર કોઈ પણ પ્રભાવશાળી વ્યક્તિ કે રાજકારણી માટે ટ્રાફિક રોકવામાં ન આવે.

* કોઈપણ નેતાને વિશેષ છૂટછાટ કે 'ગ્રીન કોરિડોર' જેવી સુવિધા સામાન્ય સંજોગોમાં ન આપવી.

* કાયદો અને ટ્રાફિકના નિયમો સામાન્ય નાગરિક અને મંત્રી, બંને માટે સમાન રહેશે.

વીઆઈપી કલ્ચરના દબદબાનો અંત

અત્યાર સુધી જે દ્રશ્યો જોવા મળતા હતા (જેમ કે તસવીરના ડાબા ભાગમાં




જોઈ શકાય છે), જેમાં ડઝનબંધ સુરક્ષા વાહનો અને જવાનોના કાફલા સાથે નેતાઓ નીકળતા હતા, તેને હવે ભૂતકાળ બનાવવાની મંત્રીએ તૈયારી કરી છે. તેમણે પરંપરાગત પોશાકમાં સાદગી સાથે ઉભા રહીને સંદેશ આપ્યો છે કે સત્તા એ સેવા માટે છે, દેખાડા માટે નહીં.

સમાનતાનો નવો સૂર્યોદય

આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ 'સમાનતા અને નિયમનું પાલન' છે. નેપાળ સરકારના આ પગલાથી સામાન્ય જનતામાં ખુશીની લહેર જોવા મળી રહી છે. લોકોનું કહેવું છે કે જો મંત્રીઓ પોતે ટ્રાફિકમાં ઉભા રહેવાની હિંમત બતાવે, તો જ જનતાને તેમનામાં વિશ્વાસ બેસે છે.

# વરાછામાં કુમાર કાનાણીની તોપ ફૂટી, AAP પર આકરા પ્રહારો

## ધમાકેદાર એક્સક્લુઝિવ: કુમાર કાનાણીનું 'કાનાણી' સ્ટાઈલમાં આક્રમણ!

• સુરત | પાક્કો ગુજરાત બ્યુરો*

સુરતનું રાજકારણ હંમેશા ગરમાગરમ રહે છે, પણ આ વખતે વરાછાના લોકપ્રિય ધારાસભ્ય કુમાર કાનાણીએ જે અંદાજમાં વિપક્ષને આડે હાથ લીધા છે, તેનાથી ગરમીનો પારો સાતમા આસમાને પહોંચી ગયો છે. સુરતના વરાછા વિસ્તારમાં એક કાર્યક્રમ દરમિયાન કાનાણીએ આમ આદમી પાર્ટી (AAP) પર શબ્દોના એવા પ્રહારો કર્યા કે આખું રાજકારણ ગુંજી ઉઠ્યું છે.

★★★ *ભ્રષ્ટાચારના 'કાંડ' વિરુદ્ધ 'સુંદરકાંડ'*

કુમાર કાનાણીએ કટાક્ષ કરતા કહ્યું કે, 'જે લોકોએ આખું વર્ષ ભ્રષ્ટાચારના કાંડ કર્યા છે, તે હવે જનતાને છેતરવા માટે સુંદરકાંડના પાઠ કરી રહ્યા છે.' તેમણે સ્પષ્ટ શબ્દોમાં આક્ષેપ કર્યો કે ધર્મના નામે રાજનીતિ કરીને લોકોની આંખમાં ધૂળ નાખવાનો આ પ્રયાસ હવે સફળ નહીં થાય.

★★★ *હપ્તાખોરી પર આકરા પ્રહાર*

ભ્રષ્ટાચાર મુદ્દે વધુ આક્રમક બનતા કાનાણીએ ઉમેર્યું કે, 'પોતાને ઈમાનદારીની પૂંછડી ગણાવતા લોકોએ પાંચ વર્ષ સુધી માત્ર હપ્તા ઉઘરાવવાનું કામ કર્યું છે.' તેમણે સુરતની જનતાને ચેતવતા કહ્યું કે આ લોકોની કથની અને કરણીમાં મોટો તફાવત છે.

★★★ *'AAP વાળાને પાડી દેવાના છે'*

આગામી ચૂંટણીલક્ષી રણશિંગુ ફૂંકતા કુમાર કાનાણીએ કાર્યકરોમાં જોશ પૂર્યો હતો. તેમણે ખુલ્લેઆમ હુંકાર કર્યો કે, 'આ વખતે વરાછાની જનતા જાગૃત છે. ગમે તે થાય, આ AAP વાળાને પાડી દેવાના છે.' કાનાણીના આ નિવેદનથી સુરત મહાનગરપાલિકાની ગતિવિધિઓ અને આગામી રાજકીય જંગમાં ભાજપ અને AAP વચ્ચે સીધો જંગ ખેલાશે તે નક્કી થઈ ગયું છે.

*પાક્કો ગુજરાતનો સવાલ:*

શું વરાછાની જનતા કુમાર કાનાણીના આ આક્રમક તેવરને સમર્થન આપશે? કે પછી સુરતના રાજકારણમાં હજુ કોઈ મોટો ઉલટફેર જોવા મળશે?

# ખેડૂતોનો મકાઈનો મહામુલો તૈયાર પાક બળીને ખાખ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના ચાંદોદ-નવા માંડવાની સીમમાં ખેતરો ની બાજુમાંથી પસાર થતી વીજ લાઈનમાં ખામી સર્જાતા શોર્ટ સર્કિટના કારણે વીજ તણખા ખેતરમાં પડતા અંદાજિત 10 થી 12 એકર જમીનમાં પાંચ ખેડૂતોનો મકાઈનો મહામુલો તૈયાર પાક બળીને ખાખ થઈ જતા ખેડૂતોને મોટો આર્થિક ફટકો પડ્યો છે ચાંદોદ-નવા માંડવાની સીમમાં રેલ્વે સ્ટેશન તરફ જતી નેર વિસ્તારમાં આવેલા ખેતરો ની બાજુમાંથી પસાર થતી એમજીવીસીએલની વીજ લાઈનમાં સોમવારે બપોરે એકાએક ખામી સર્જાતા શોર્ટ સર્કિટ થવાથી વીજ તણખા બાજુના ખેતરમાં પડતા તૈયાર મકાઈનો પાક ભળભળ બળવા લાગ્યો હતો પાક બળતો જોઈ દોડી આવેલા ખેડૂતોએ પાણીનો મારો ચલાવવાની સાથે ડભોઈ ફાયર ફાઈટર ની મદદ લીધી હતી પરંતુ પાકને બચાવી શક્યા ન હતા સુસવાટા ભેર ફુકાતા પવનના કારણે જોતાજોતા માં આસપાસના 10 થી 12 એકર જમીનમાં મકાઈનો તૈયાર પાક બળીને ખાખ થઈ જતા ખેડૂતોને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું હોય માથે હાથ દઈને રોવાનો વારો આવ્યો છે .

**વ્યૂહરચના**

ભાજપ પ્રદેશ ચૂંટણી સમિતિની મહત્વપૂર્ણ બેઠક પૂર્ણ થઈ ગઈ છે

# CM નિવાસ સ્થાને ભાજપની બેઠક પૂર્ણ : બેઠક બાદ ઉમેદવારોને લઈ મોટો નિર્ણય, C-D નગરપાલિકાઓ માટે અલગ વ્યૂહરચના

## બેઠકમાં મનપા (મ્યુનિસિપલ કોર્પોરેશન)ની બેઠકોને કેન્દ્રમાં રાખીને ચર્ચાની શરૂઆત કરવામાં આવી હતી

• ગાંધીનાગર



રાજ્યમાં આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી નિવાસસ્થાને યોજાયેલી ભાજપ પ્રદેશ ચૂંટણી સમિતિની મહત્વપૂર્ણ બેઠક પૂર્ણ થઈ ગઈ છે. બેઠકમાં ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં વિસ્તૃત ચર્ચા બાદ ઉમેદવારોની પસંદગી અંગે મોટા નિર્ણયો લેવામાં આવ્યા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. બેઠકમાં મનપા (મ્યુનિસિપલ કોર્પોરેશન) ની બેઠકોને કેન્દ્રમાં રાખીને ચર્ચાની શરૂઆત કરવામાં આવી હતી, જ્યાં જીતની સંભાવનાઓ, સ્થાનિક ફીડબેક અને મજબૂત ઉમેદવારોને ધ્યાનમાં રાખીને માઈક્રો લેવલ સુધી મંથન થયું હતું. ત્યારબાદ A અને B વર્ગની નગરપાલિકાઓ તેમજ જિલ્લા પંચાયતના ઉમેદવારો અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ખાસ કરીને C અને D વર્ગની નગરપાલિકાઓ માટે અલગ વ્યૂહરચના અપનાવવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ નગરપાલિકાઓ માટે સ્થાનિક સ્તરે જ મંથન કરીને ઉમેદવારો નક્કી કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે, જેથી સ્થાનિક સામાજિક અને રાજકીય સમીકરણોને વધુ સારી રીતે સંતુલિત કરી શકાય.

જિલ્લાવાર આંકડા મુજબ C અને D વર્ગની નગરપાલિકાઓને લઈ પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અમરેલીમાં 3 C અને 1 D, અમદાવાદમાં 1 C, અરવલ્લીમાં 1 D, આણંદમાં 2 C અને 1 D, કચ્છમાં 1 C, ખેડામાં 1 C અને 2 D, ગીર સોમનાથમાં 2 C, છોટાઉદેપુરમાં 1 C, જામનગરમાં 1 C, દેવભૂમિ દ્વારકામાં 1 C, નવસારીમાં 1 D, પંચમહાલમાં 1 C, બનાસકાંઠામાં 1 C, બોટાદમાં 1 D, ભરૂચમાં 1 D, ભાવનગરમાં 1 D, મહેસાણામાં 2 C, મોરબીમાં 1 C અને 1 D, વડોદરામાં 2 C, વલસાડમાં 1 C, વાવ-થરાદમાં 1 C, સાબરકાંઠામાં 1 C, સુરતમાં 3 C અને સુરેન્દ્રનગરમાં 1 D વર્ગની નગરપાલિકાઓનો સમાવેશ થાય છે.

બેઠકમાં મહામંત્રી અજય બ્રહ્મભટ્ટ સહિત અન્ય વરિષ્ઠ નેતાઓએ ઝોનવાઈઝ સૂચનો આપ્યા હતા અને ઉમેદવારોના નામોને લગભગ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ ટૂંક સમયમાં ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર થવાની શક્યતા છે.

આ સાથે જ પાર્ટીએ 60 વર્ષની ઉંમર મર્યાદાનો કડક અમલ, થ્રી-ટર્મ ફોર્મ્યુલા લાગુ કરવો તેમજ પદાધિકારીઓના પરિવારજનોને ટિકિટ ન આપવાના મહત્વપૂર્ણ નિર્ણયો પણ સ્વીકાર્યા છે. આ નિર્ણયોથી અનેક વર્તમાન નેતાઓ માટે પડકાર ઊભો થવાનો છે અને નવી પેઢીને તક મળવાની શક્યતા વધી છે. ભાજપની આ વ્યૂહાત્મક મથામણ અને કડક નિયમો સાથે આવનારી ચૂંટણીમાં માત્ર ઉમેદવારોની પસંદગી જ નહીં પરંતુ રાજ્યના રાજકીય સમીકરણોમાં પણ મોટા ફેરફાર જોવા મળી શકે છે.

"કોંગ્રેસના કમિટમેન્ટ" સાથે હકીકતલક્ષી વિકાસનો સ્પષ્ટ રોડમેપ જાહેર કરાયો

# ગુજરાત કોંગ્રેસ દ્વારા જનતાના સૂચનોના આધારે ૧૫ મહાનગરો માટે 'જનતાનો મેનિફેસ્ટો' તૈયાર

**મેનિફેસ્ટો** જનતા વિશ્વાસ રાખે કે, આ માત્ર વચન નથી,તેમના જીવનમાં સુધારો લાવવાનો કોંગ્રેસનો અડગ નિર્ધાર છે

વડોદરા, મહેસાણા, નડીયાદ, મોરબી, વાપી શહેર માટે જન આક્રોશ યાત્રા, કોંગ્રેસ આપને દ્વાર, જનમંચ થકી પ્રજાની વચ્ચે જઈને તૈયાર કરાયેલ જનતાનો મેનિફેસ્ટો એટલે કોંગ્રેસનું કમિટમેન્ટો શહેરોના સર્વાંગી વિકાસ અને સામાજિક ન્યાય માટેનો સંકલ્પ પરંપરાગત વચનપત્ર નથી, પરંતુ ગુજરાતના લાખો નાગરિકોના વિશ્વાસ, આશાઓ અને અપેક્ષાઓનો દસ્તાવેજ છે.

આ મેનિફેસ્ટો "કોંગ્રેસનું કમીટમેન્ટ" એક સ્પષ્ટ રોડમેપ છે. સમયબદ્ધ, હકીકતલક્ષી, જવાબદારીપૂર્ણ અને પારદર્શક અમલીકરણ માટે વિઝન સાથેની બ્લુપ્રિન્ટ છે.

જનતા વિશ્વાસ રાખે કે, આ માત્ર વચન નથી,તેમના જીવનમાં સુધારો લાવવાનો કોંગ્રેસનો અડગ નિર્ધાર છે.

ગુજરાત કોંગ્રેસે જનતાના સૂચનોને આધારે મહાનગરો માટે 'જનતાનો મેનિફેસ્ટો' રજૂ કર્યો; 'કોંગ્રેસ આપને દ્વાર' અને 'જનમંચ' થકી જનતાના પ્રશ્નોને વાચા આપી ગુજરાતઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આજે રાજ્યના સર્વાંગી વિકાસ અને સામાજિક ન્યાયના સંકલ્પ સાથે 'જનતાનો મેનિફેસ્ટો' જાહેર કરવામાં આવ્યો છે.છેલ્લા કેટલાક મહિનાઓથી રાજ્યભરમાં ચલાવવામાં આવેલા 'કોંગ્રેસ આપને દ્વાર' અભિયાન અંતર્ગત કોંગ્રેસના કાર્યકરોએ દરેક ઘર સુધી પહોંચીને શિક્ષણ, રસ્તા, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા પાયાના પ્રશ્નો પર જનતાના સીધા સૂચનો મેળવ્યા હતા, જેના આધારે આ ઐતિહાસિક મેનિફેસ્ટો તૈયાર કરાયો છે.

રાજકીય ઈતિહાસમાં પ્રથમ વખત પ્રજાની વચ્ચે જઈને તૈયાર કરાયેલા આ મેનિફેસ્ટો અંગે પક્ષના નેતૃત્વએ જણાવ્યું હતું કે, જે લોકોની રજૂઆતો સરકારી કચેરીઓમાં સાંભળવામાં આવતી નથી, તેમના માટે વોર્ડ દીઠ 'જનમંચ' પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું હતું. આ મંચ પરથી પ્રાપ્ત થયેલી ફરિયાદો અને ગેરવહીવટના પુરાવાઓને આધારે ભાજપ સરકારના સત્તાધીશો સામે આ કમિટમેન્ટ તૈયાર કરવામાં આવ્યું છે. કોંગ્રેસના નેતાઓએ ઉમેર્યું હતું કે, આ મેનિફેસ્ટો એટલે સત્ય, સમાનતા, વિકાસ અને સામાજિક ન્યાય પ્રત્યેની અમારી કટિબદ્ધતા છે.'

વડોદરા, મહેસાણા, નડીયાદ, મોરબી, વાપી શહેર વિશિષ્ટ કોંગ્રેસના કમિટમેન્ટ

સંસ્કારનગરી વડોદરા: વડોદરામાં વહીવટી પારદર્શિતા લાવવા માટે ટેન્ડરોમાં થયેલા ભ્રષ્ટાચાર સામે 'શ્વેત પત્ર' જાહેર કરવામાં આવશે. વિશ્વામિત્રી નદીના શુદ્ધિકરણ અને પૂર નિયંત્રણ માટે 'મેગા વિશ્વામિત્રી પ્રોજેક્ટ' અંતર્ગત સ્પેશિયલ ટાસ્ક ફોર્સ બનાવી શહેરને કાયમી રાહત અપાશે. વડોદરા શહેર કોંગ્રેસના કમિટમેન્ટ મેનિફેસ્ટો કાર્યક્રમમાં અમદાવાદ શહેરના પૂર્વ મેયર શ્રી હિંમતસિંહ પટેલ, શહેર પ્રમુખ શ્રી ઋત્વિજ જોશી, વિરોધ પક્ષના નેતા શ્રી ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થું ભાઈ), પ્રદેશ પ્રવક્તા ડૉ. પાર્થિવરાજ કઠવાડિયા, શ્રી નરેન્દ્ર રાવત, શ્રી નિશાંત રાવલ સહિત કોર્પોરેટરશ્રીઓ તથા આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.મહેસાણા શહેર: મહેસાણામાં મહિલા સશક્તિકરણ માટે તેમના નામે નોંધાયેલી મિલકત પર ઘરવેરામાં ૫૦% રાહત આપવામાં આવશે. વર્ષો જૂના ગટરના પ્રશ્નોના નિકાલ માટે આધુનિક એસ.ટી.પી. પ્લાન્ટ અને નવી લાઈનો નાખી ઐતિહાસિક તળાવોનું સૌંદર્યીકરણ કરાશે. મહેસાણા શહેરમાં કોંગ્રેસના કમિટમેન્ટ મેનિફેસ્ટો લોન્ચિંગ કોંગ્રેસના કમિટમેન્ટ કાર્યક્રમ માં રાષ્ટ્રીય કોંગ્રેસ વર્કિંગ કમિટીના સદસ્ય અને પૂર્વ સાંસદ શ્રી જગદીશભાઈ ઠાકોર, મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી બળદેવજી ઠાકોર, મહેસાણા શહેર પ્રમુખશ્રી જયદીપસિંહ ડાભી, મીડિયા પ્રવક્તા શ્રી યુવરાજસિંહ રાણા, મહેસાણા પ્રભારી શ્રી અશોક પટેલ સહિતના આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અત્યારે નહીં તો ક્યારેય નહીં!

## નેતાઓનું સ્વાગત કંકુ-ચોખાથી નહી, સળગતા સવાલોથી કરો: રસ્તો આપો, મોત નહી!

અમદાવાદ: ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. સફેદ કપડાં સજાવીને, હાથ જોડીને નેતાઓ હવે તમારા આંગણે 'મત'ની ભીખ માંગવા આવશે. પાંચ વર્ષ સુધી ગાયબ રહેલા આ ચહેરાઓ અચાનક તમારા વિસ્તારની ગલીઓમાં દેખાશે. પણ સાવધાન! આ વખતે પરંપરા બદલવાનો સમય આવી ગયો છે. હવે કંકુ-ચોખાની થાળી સજાવીને આરતી ઉતારવાનો નહીં, પણ પાંચ વર્ષનો હિસાબ માંગવાનો વખત છે.

ધૂળ અને લોખંડ: શું આ જ આપણું સ્વાગત છે?

તમે જે રસ્તા પરથી પસાર થાઓ છો ત્યાં ડામર ઓછો અને ધૂળ-ખાડા વધારે છે. લોખંડના સળિયા બહાર નીકળેલી ગટરો અને ઉબડખાબડ રસ્તાઓ આપણું નસીબ બની ગયા છે. નેતાઓ જ્યારે લક્ઝરી ગાડીઓમાં તમારા વિસ્તારમાં આવે, ત્યારે તેમને એ જ ખાડાઓ બતાવો જેનો સામનો તમે રોજ કરો છો. તેમને પૂછો કે - 'પહેલા ડામર કેમ નહીં? અને જો ડામર નાખ્યો તો ખાડા કેમ પડ્યા?'

સ્વાગત પછી, પહેલા સવાલ!

'પાક્કો ગુજરાત' તમામ મતદારોને અપીલ કરે છે કે, જ્યારે કોઈ નેતા મત માંગવા આવે ત્યારે:

* શિક્ષણનો સવાલ પૂછો: સરકારી શાળાઓની હાલત કેમ આવી છે?
* રોડ-રસ્તાનો હિસાબ માંગો: દર ચોમાસે રસ્તા કેમ ધોવાઈ જાય છે? ટેક્સના પૈસા ક્યાં જાય છે?
* ગટર અને પાણીની સમસ્યા: પીવાનું શુદ્ધ પાણી અને ગટરની યોગ્ય વ્યવસ્થા કેમ નથી?

રસ્તો આપો, મોત નહીં!

ખરાબ રસ્તાઓને કારણે થતા અકસ્માતોમાં અનેક નિર્દોષ લોકો જીવ ગુમાવે છે. શું આ લોકશાહી છે? નેતાઓને સ્પષ્ટ કહો કે - 'અમને રસ્તો આપો, મોત નહીં!' જો તમારા

**અત્યારે નહી તો ક્યારેય નહી**




**અત્યારે ચૂંટણીનો પ્રચાર ચાલુ છે ત્યારે કોઈ નેતા તમારા વિસ્તારમાં મત માંગવા આવે ત્યારે..**

વિસ્તારની પ્રાથમિક સુવિધાઓ પૂરી ન થતી હોય, તો એવા નેતાઓને ચાંદલા કરીને વધાવવાનો કોઈ અર્થ નથી.

મત આપતા પહેલા વિચારજો

તમારો મત એ માત્ર કાગળનો ટુકડો નથી, પણ તમારી આવતીકાલનો પાયો છે. જો આજે સવાલ નહીં પૂછો, તો આવતા પાંચ વર્ષ ફરીથી એ જ ધૂળ અને ખાડાઓમાં જીવવું પડશે. માટે જાગો જનતા જાગો! પક્ષપાત ભૂલીને પ્રગતિનો હિસાબ માંગો.

- લોકજાગૃતિ અભિયાન, 'પાક્કો ગુજરાત'

પેપર માટે પાવરફુલ સ્લોગન (Box Items):

» * સવાલ પૂછો, હક માંગો: આરતી ઉતારતા પહેલા કામનો હિસાબ માંગો.

» * નેતાજી જવાબ આપો: પાંચ વર્ષ ક્યાં હતા? હવે કેમ યાદ આવ્યા?

» * ચૂંટણીનો મંત્ર: કામ નહીં તો મત નહીં, ખાડા નહીં તો જ જીત નક્કી!

# ડભોઈ તાલુકાના શિરોલા ગામે 16 વર્ષીય યુવકનું વીજ કરંટ લાગતા મોત

## ટેમ્પામાં કચરું નાખતા સમયે યુવકને લાગ્યો કરંટપોલીસે ઘટના સ્થળે પહોંચી શરૂ કરી તપાસમૃતક કમલેશ ભગોરા દાહોદ જિલ્લાનો રહેવાસી

• ફકીરા ખત્રી ડભોઈ

યુવકના મૃતદેહને પી એમ અર્થે ખસેડાયો બાળમજુરી કરાવનાર માલિક સામે પોલીસે શરૂ કરી તપાસડભોઈ તાલુકાના શિરોલા ગામની સીમમા, કમલેશભાઈ રવજીભાઈ પટેલ નાઓએ દાણે રાખેલ ખેતરમા બનેલ છે. ,ડભોઈ મુકેશભાઈ છીનીયાભાઈ ભગોરા ઉ.વ.૪૫ ધંધો-મજુરી હાલ રહે. ભીખાભાઈ પટેલ રહે. છાણી વડોદરા શહેર નાઓનું ફર્ટીલાઈઝર બ્રીજની બાજુમા આવેલ ખેતરની ઓરડીમા, નારાયણ નગર, સોખડા વડોદરા શહેર મુળ રહે.ખરો ગામ, કનકન ડુંગરી ફળીયુ તા.જી.દાહોદ.મરણજનાર નામ અને સરનામાસુખરામ મુકેશભાઈ ભગોરા ઉ.વ.૧૬ રહે. ભીખાભાઈ પટેલ રહે. છાણી વડોદરા શહેર નાઓનુ ફર્ટીલાઈઝર બ્રીજની બાજુમા આવેલ ખેતરની ઓરડીમા, નારાયણ નગર, સોખડા વડોદરા શહેર મુળ રહે.ખરો ગામ, કનકન ડુંગરી ફળીયુ તા.જી.દાહોદજાહેરાત દાખલ કરનાર અધિકારીનુ નામ હોદો/PSO/ASI વિજયકુમાર કૃષ્ણરાવ બ.નં.૮૨૯ ડભોઈ પોલીસ સ્ટેશનડભોઈ પો.સ્ટ આ કામના મરણજનાર સુખરામ મુકેશભાઈ ભગોરા ઉ.વ.૧૬ નાઓ આજરોજ સવારના આશરે સાડા આઠ વાગે શિરોલા ગામની સીમમા. કમલેશભાઈ રવજીભાઈ પટેલ નાઓએ દાણે રાખેલ ખેતરમા પાર્ક કરેલ ટાટા ટ્રક નં. GJ-17-T-9860 ની કેબીન ઉપર પાવડા તગારા લેવા માટે ચડતા કેબીન ઉપર આવેલ જી.ઈ.બી.ના ઈલેકટીક વાયરોને અડી જતા, કરંટ લાગતા નિચે ટ્રક ની બોડીમા પડતા પંજેટીના દાતા ગળાના ભાગે વાગી જતા સ્થળ ઉપર મરણ અંગે પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# 260 જિંદગીઓનો હિસાબ ક્યાં? અમદાવાદ પ્લેન ક્રેશના પીડિતોનો 'ન્યાય પત્ર' પ્રધાનમંત્રીના દ્વારે!




• અમદાવાદ | પાક્કો ગુજરાત એક્સક્લુઝિવ

જ્યારે આખું શહેર ઊંઘતું હોય છે, ત્યારે અમુક આંખો એવી છે જે છેલ્લા 10 મહિનાથી મિંચાઈ નથી. આ એ આંખો છે જેમણે અમદાવાદના આકાશમાં પોતાના વ્હાલસોયાઓને અગનજ્વાળાઓમાં વિલીન થતા જોયા હતા. અકસ્માત થાય, તપાસ બેસે અને પછી ફાઈલો ધૂળ ખાતી પડી રહે - શું આ જ આપણી વ્યવસ્થાની નિયતિ છે? આજે *'પાક્કો ગુજરાત'* એ પરિવારોના હૈયાની વરાળને વાચા આપી રહ્યું છે જેમણે વળતર નહીં, પણ 'સત્ય'ની માંગ કરી છે. અકસ્માતના દસ મહિના વીતી ગયા પછી પણ પીડિત પરિવારો હજુ અંધારામાં છે. તાજેતરમાં આ પરિવારોએ સીધો દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. આ પત્રમાં કોઈ ગુસ્સો નથી, કોઈ રાજનીતિ નથી, પણ એક એવી લાચારી છે જે પથ્થર દિલના માણસને પણ હચમચાવી દે. પરિવારોએ સ્પષ્ટ કહ્યું છે કે: 'અમને કરોડોનું વળતર નથી જોઈતું.

૧૦૦ બોટલ જેટલું રક્ત એકત્રિત કરાયું

# થરાદ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

• અહેવાલ : રાજેશભાઈ જોષી : થરાદ



જિલ્લા આરોગ્ય વિભાગ વાવ-થરાદ તથા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ (SDH) થરાદના સંયુક્ત ઉપક્રમે ગતરોજ એક ભવ્ય રક્તદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. માનવતાની ઉત્તમ સેવા રૂપ આ કાર્યક્રમમાં વહીવટી તંત્રના અધિકારીઓ અને આરોગ્ય વિભાગના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે વાવ-થરાદ જિલ્લા કલેક્ટર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના જિલ્લા વિકાસ અધિકારી (DDO), મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO), આર.સી.એચ. (RCHO) તેમજ ક્વોલિટી મેડિકલ ઓફિસર (QMO) હાજર રહ્યા હતા. તેમજ થરાદ અને વાવના તાલુકા આરોગ્ય અધિકારીઓ (THO) તેમજ થરાદ સબ ડિસ્ટ્રીક હોસ્પિટલના અધિક્ષક અને ડૉકટર સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું હતું. આ કેમ્પની વિશેષતા એ રહી કે વરિષ્ઠ અધિકારીઓએ માત્ર ઉપસ્થિતિ જ નહીં, પરંતુ સ્વયં રક્તદાન કરીને સમાજને પ્રેરણા આપી હતી. DDO સહિત અનેક અધિકારીઓએ રક્તદાન કરીને આ માનવતામૂલક કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું. આ કેમ્પમાં આરોગ્ય સ્ટાફનો ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો હતો વાવ-થરાદ જિલ્લાના આરોગ્ય વિભાગના સ્ટાફ મિત્રો દ્વારા મોટી સંખ્યામાં હાજરી આપી રક્તદાન કરવામાં આવ્યું હતું. સરકારી હોસ્પિટલના પટાંગણમાં યોજાયેલા આ કેમ્પમાં અંદાજે ૧૦૦ જેટલી બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું, જે જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ રક્તદાન કેમ્પ દ્વારા જિલ્લા આરોગ્ય વિભાગે ફરી એકવાર સાબિત કર્યું છે કે તેઓ માત્ર સારવાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ સામાજિક સેવા અને માનવતાના કાર્યોમાં પણ હંમેશા અગ્રેસર છે.

**જિતાશે?** બજારમાં અત્યારે સૌથી વધુ ડિમાન્ડ 3D ઇફેક્ટ ધરાવતી પ્રચાર સામગ્રીની છે

# સુરત મનપાની ચૂંટણીમાં 'પર્સ અને સાડી'ના જોરે જંગ જિતાશે?

## 3D ખેસ અને ડિજિટલ માસ્કના ઓર્ડરમાં ભાજપ નંબર-1, બકલ-લોકેટની ડિમાન્ડ; મતદારોને આકર્ષવા ઉમેદવારોએ ખજાનો ખોલ્યો

• સુરત

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના ઢોલ વાગી ચૂક્યા છે ત્યારે ડાયમંડ સિટીના રાજકીય ગલિયારાઓમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચેના ત્રિ-પાંખિયા જંગમાં હવે માત્ર સભાઓ અને રેલીઓ જ નહીં 'પ્રચાર સામગ્રી' પણ હથિયાર બની છે. સુરતના બજારોમાં અત્યારે દરેક પક્ષના ઝંડા, ટોપી અને ખેસની સાથે અવનવી વેરાયટીઓનો પૂર આવ્યો છે. ઉમેદવારો જાહેર થાય તે પહેલા જ પક્ષના કાર્યકરોએ મતદારોના ઘર સુધી પહોંચવા માટે આકર્ષક પ્રચાર સાહિત્યનું બુકિંગ કરાવી દીધું છે.

આ વખતની ચૂંટણીમાં પરંપરાગત પ્રચારના બદલે હાઈટેક પ્રચાર પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે. બજારમાં અત્યારે સૌથી વધુ ડિમાન્ડ 3D ઈફેક્ટ ધરાવતી પ્રચાર સામગ્રીની છે. ખાસ કરીને ડિજિટલ પ્રિન્ટવાળા ખેસ અને ઝંડાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, પહેલા સામાન્ય કાપડ પર સ્ક્રીન પ્રિન્ટિંગ થતું હતું, પરંતુ હવે ડિજિટલ પ્રિન્ટિંગને કારણે નેતાઓના ચહેરા વધુ સ્પષ્ટ અને આકર્ષક દેખાય છે. આ સામગ્રી માત્ર દેખાવમાં જ નહીં પણ ક્વોલિટીમાં પણ ઉચ્ચ કક્ષાની હોવાથી કાર્યકરો તેની વધુ પસંદગી કરી રહ્યા છે.

એ કાપડનું હબ છે અને તેનો પ્રભાવ ચૂંટણી પ્રચારમાં પણ જોવા મળી રહ્યો છે. મહિલા મતદારોને આકર્ષવા માટે રાજકીય પક્ષોએ ખાસ ડિઝાઈન કરેલી સાડીઓ તૈયાર કરાવી છે. જે સાડી પર પક્ષના ચિન્હ અને નેતાઓની છબી છે. આ ઉપરાંત લેડીઝ પર્સ, સાડી પિન, બકલ અને બ્રોચ જેવી ચીજોની પણ ભારે માંગ છે.

ભલે આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હોય પણ સુરતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતામાં કોઈ ઘટાડો થયો નથી. બજારમાં સૌથી વધુ ઓર્ડર નરેન્દ્ર મોદીની તસવીરવાળા માસ્ક અને ખેસના છે. બાળકો માટે મોદીના ફેસ-માસ્ક અને યુવાનો માટે ખાસ ડિઝાઈનર મફલરની ધૂમ ખરીદી થઈ રહી છે. ચૂંટણી સામગ્રીમાં આ વખતે જ્વેલરીનો પણ સમાવેશ થયો છે. ખાસ પ્રકારના ચેન બનાવવામાં આવ્યા છે, જેમાં પક્ષના ચિન્હ (કમળ, પંજો કે ઝાડુ) ના લોકેટ હોય છે. આ ઉપરાંત ટાઈ બટન અને કી-ચેન જેવી એક્સેસરીઝ પણ માર્કેટમાં ધૂમ મચાવી રહી



છે. પક્ષના સમર્થકો ગળામાં પક્ષના લોકેટ પહેરીને પોતાના પક્ષ પ્રત્યેની વફાદારી દર્શાવતા નજરે પડે છે. આ વેરાયટીઓ ખાસ કરીને યુવા મતદારોને આકર્ષવા માટે તૈયાર કરવામાં આવી છે.

સુરતમાં રાજકીય પક્ષો વચ્ચેની લડાઈ હવે ઓર્ડરના આંકડામાં પણ દેખાઈ રહી છે. પ્રચાર સામગ્રીના વેપારી મનોજભાઈના જણાવ્યા અનુસાર, ખરીદીમાં ભારતીય જનતા પાર્ટી અત્યારે પ્રથમ ક્રમે છે. બીજા ક્રમે આશ્ચર્યજનક રીતે આમ આદમી પાર્ટી (AAP) એ પોતાની પકડ જમાવી છે, જ્યારે કોંગ્રેસ હજુ સુધી ખરીદીના મામલે સુસ્ત જણાઈ રહી છે. કોંગ્રેસમાં રાહુલ ગાંધીની તસવીરવાળા સાહિત્યની માંગ છે, પરંતુ ભાજપની સરખામણીએ તેની માત્રા ઓછી છે.

આમ આદમી પાર્ટીનો નવો અભિગમ અને નેતાઓના ચહેરાનો અભાવ આ વખતે સુરતની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી એક મજબૂત મજબૂત પક્ષ તરીકે ઉભરી રહી છે, પરંતુ પ્રચાર સામગ્રીમાં એક વિચિત્ર વળાંક જોવા મળ્યો છે. ભાજપ અને કોંગ્રેસમાં જ્યાં પક્ષના ટોચના નેતાઓના ફોટાની બોલબાલા છે, ત્યાં 'આપ'ની સામગ્રીમાં અરવિંદ કેજરીવાલ કે અન્ય મોટા નેતાઓની તસવીરો ઓછી જોવા મળી રહી છે. વેપારીઓના મતે, આમ આદમી પાર્ટીમાં અત્યારે કોઈ ચોક્કસ ચહેરા કરતા પક્ષના નિશાન 'ઝાડુ' પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

ઉમેદવારોના નામ જાહેર થયા બાદ બજારમાં આવશે તેજી અત્યારે જે ખરીદી થઈ રહી છે તે માત્ર પક્ષના સ્તરે છે, પરંતુ અસલી તેજી ઉમેદવારોના નામ જાહેર થયા બાદ આવશે. વેપારીઓનું અનુમાન છે કે, જ્યારે વોર્ડવાઈઝ ઉમેદવારો નક્કી થશે ત્યારે તેઓ પોતાની વ્યક્તિગત તસવીરવાળા ટી-શર્ટ, બેનરો અને પેમ્ફલેટ બનાવશે. ઉમેદવારો પોતાના પ્રચારને વધુ વ્યક્તિગત બનાવવા માટે કસ્ટમાઈઝડ ગિફ્ટ્સનો પણ ઓર્ડર આપશે, જેનાથી પ્રચાર બજારનું ટર્નઓવર કરોડોમાં પહોંચવાની શક્યતા છે.ડોર-ટુ-ડોર કેમ્પેઈન માટે નાની વસ્તુઓ પર ભાર મોટી રેલીઓ કરતા હવે રાજકીય પક્ષો ડોર-ટુ-ડોર સંપર્ક પર વધુ ધ્યાન આપી રહ્યા છે. આ માટે ખિસ્સામાં સમાઈ જાય એવી અથવા ઘરમાં કામ લાગે એવી વસ્તુઓ જેવી કે બોલપેન, ડાયરી અને સ્ટીકરોની મોટી માંગ છે. ભાજપ યુવા મોરચાના કાર્યકરો અત્યારથી જ વોર્ડ દીઠ કીટ તૈયાર કરી રહ્યા છે જે સીધી મતદારોના ઘર સુધી પહોંચાડવામાં આવશે. આ રણનીતિ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય મતદારના મન પર પક્ષની છાપ છોડવાનો છે. સોશિયલ મીડિયાના યુગમાં પણ ભૌતિક સામગ્રીનો દબદબો સોશિયલ મીડિયા પ્રચારનું મોટું માધ્યમ હોવા છતાં, ભૌતિક પ્રચાર સામગ્રીનું મહત્વ ઘટ્યું નથી. લોકો હજુ પણ ખેસ પહેરીને કે ટોપી લગાવીને પોતાની પક્ષભક્તિ બતાવવાનું પસંદ કરે છે. સુરતના વેપારીઓ માટે આ ચૂંટણી એક ઉત્સવ સમાન બની છે. છેલ્લા બે વર્ષની મંદી બાદ ચૂંટણીના કારણે પ્રિન્ટિંગ અને ટેક્સટાઈલ માર્કેટમાં કરોડો રૂપિયાના ઓર્ડર આવતા વેપારીઓમાં પણ ખુશીનો માહોલ છે.

---

એક રૂપિયો કોઈ પાસે માંગ્યો હોય તો અત્યારે જ રાજીનામું આપી દઈશ

# 'દારૂના અડ્ડા બંધ કરાવવાના નામે સેટિંગ કરનારા ખુલ્લા પડશે':કુમાર કાનાણીએ કહ્યું 'જનતા સુધી સાચી વાત પહોંચાડવામાં પાછળ રહી ગયા

**વિરોધ પક્ષો** દફતર, બૂટ અને પરિવહન ખર્ચ પણ સરકાર ઉઠાવે છે, છતાં વિપક્ષ માત્ર જૂઠાણાં ફેલાવી રહ્યો છે

• સુરત

સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીનો જંગ જામ્યો છે. ત્યારે વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ વિરોધ પક્ષો પર આકરા પ્રહારો કર્યા છે. વોર્ડ નંબર 5ના મધ્યસ્થ કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે તેમણે કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે, ગત ચૂંટણીમાં વિપક્ષે લોકોને ગેરમાર્ગે દોર્યા હતા. આપણે જનતા સુધી સાચી વાત પહોંચાડવામાં ક્યાંક પાછળ રહી ગયા હતા, પરંતુ આ વખતે ભાજપના શાસનમાં થયેલા વિકાસના કામો અને સત્ય હકીકત દરેક ઘર સુધી પહોંચાડવી એ આપણી પ્રાથમિક જવાબદારી છે.

શિક્ષણના મુદ્દે વિપક્ષને આડે હાથ લેતા કાનાણીએ કહ્યું કે, જે લોકો



મફત શિક્ષણની વાતો કરીને મતો મેળવવા માંગે છે, તેમને ખબર હોવી જોઈએ કે સુરત મહાનગરપાલિકા વર્ષોથી ધોરણ 12 સુધી મફત શિક્ષણ આપી રહી છે. આ ઉપરાંત રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ લાખો બાળકો ખાનગી શાળાઓમાં મફત ભણે છે, જેની ફી સરકાર પોતે ભરે છે. દફતર, બૂટ અને પરિવહન ખર્ચ પણ સરકાર ઉઠાવે છે, છતાં વિપક્ષ માત્ર જૂઠાણાં ફેલાવી રહ્યો છે.

આરોગ્ય સેવાઓ મુદ્દે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, સ્મીમેર અને સિવિલ જેવી હોસ્પિટલોમાં મફત સારવાર મળે જ છે. આયુષ્માન કાર્ડ દ્વારા દરેક વ્યક્તિને 10 લાખની સહાય મળે છે. જો એક પરિવારમાં પાંચ સભ્યો હોય, તો સરકારે અડધા કરોડ રૂપિયાની સ્વાસ્થ્ય સુરક્ષા તમારા ઘરમાં અગાઉથી જ મૂકી દીધી છે. આ વાસ્તવિકતા લોકો સુધી પહોંચાડવાની જરૂર છે, જેથી વિપક્ષના ગપ્પા અને ભ્રામક પ્રચારનો જનતાને સાચો ખ્યાલ આવી શકે.

વિપક્ષી નેતાઓના ચરિત્ર પર પ્રહાર કરતા કાનાણીએ ગંભીર આક્ષેપ કર્યો કે, જે લોકો અત્યારે સુંદરકાંડ કરીને ધાર્મિક હોવાનો ઢોંગ કરે છે, તેમણે પાંચ વર્ષ સુધી દેશી દારૂના અડ્ડાઓ પાસેથી હપ્તા ઉઘરાવ્યા છે. પોલીસ સાથે સેટિંગ કરીને અડ્ડાઓ ચલાવવા અને ગેરકાયદે બાંધકામોની અરજીઓ કરી તોડબાજી કરવી એ વિપક્ષનો અસલી ચહેરો છે. આવા ભ્રષ્ટ શખ્સોને જનતાની સામે ખુલ્લા પાડવા માટે ભાજપના કાર્યકર્તાઓએ હવે જંગે ચઢવું પડશે અને સત્ય જણાવવું પડશે.વરાછાના વિકાસ અંગે વાત કરતા તેમણે સ્પષ્ટ કર્યું કે, શહેરમાં રોડ, રસ્તા કે પાયાની સુવિધાઓમાં કોઈ કમી રાખવામાં આવી નથી. તેમણે બહુ ગાજેલા 'વિરોધ પક્ષ હોવો જોઈએ' તેવા તર્કને ફગાવી દેતા કહ્યું કે, આ વિસ્તારમાં વિરોધ પક્ષની કોઈ જરૂર નથી. ભાજપના કાર્યકર્તાઓ પોતે જ પ્રજાનો અવાજ છે. લોકોની પીડા સરકાર અને વહીવટી તંત્ર સુધી પહોંચાડવામાં અમે સક્ષમ છીએ.

---

# હત્યારાને 'જિલ્લા જેલ'ની લક્ઝરી કોણે આપી? અનિરુદ્ધસિંહની સાબરમતી વાપસી પર કેમ મૌન છે ગુજરાતના 'વોચડોગ'?

ગુજરાત જેલ મેન્યુઅલ અને *પ્રિઝન્સ એક્ટ 1894* મુજબ નિયમ એકદમ સ્પષ્ટ છે

• અમદાવાદ/રાજકોટ

ગુજરાતનું રાજકારણ અને વહીવટીતંત્ર અત્યારે એક એવા સવાલથી ફફડી રહ્યું છે જે પૂછવાની હિંમત ન તો વિપક્ષના ધારાસભ્યો કરી રહ્યા છે, ન તો લપલપતી જીભવાળું મીડિયા. સવાલ એ છે કે, આજીવન કેદનો રીઢો ગુનેગાર જેલના નિયમોને ખિસ્સામાં લઈને કેવી રીતે ફરે છે? અને જ્યારે હાઈકોર્ટના હુકમથી તેને જેલમાં જવું પડે છે, ત્યારે તેને 'સેન્ટ્રલ જેલ'ને બદલે 'જૂનાગઢ જિલ્લા જેલ'માં કયા 'આકા'ના આશીર્વાદથી રાખવામાં આવ્યો હતો?

*શું કહે છે જેલ મેન્યુઅલ અને શું થયું મેદાનમાં?*

ગુજરાત જેલ મેન્યુઅલ અને *પ્રિઝન્સ એક્ટ 1894* મુજબ નિયમ એકદમ સ્પષ્ટ છે:

* *સેન્ટ્રલ જેલ:* આજીવન કેદ, ફાંસીની સજા કે 3 વર્ષથી વધુની સજા પામેલા કેદીઓ માટે (અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત).

* *જિલ્લા જેલ:* માત્ર કાચા કામના કેદીઓ (Undertrials) અથવા ટૂંકી સજાવાળા માટે.

તો પછી સવાલ એ છે કે, પૂર્વ ધારાસભ્ય પોપટભાઈ સોરઠિયાનો હત્યારો



અનિરુદ્ધસિંહ જાડેજા *19 સપ્ટેમ્બર 2025* થી જૂનાગઢ જિલ્લા જેલમાં શું કરી રહ્યો હતો? ત્યાં તેને કઈ સુવિધાઓ પીરસાઈ રહી હતી? 5 એપ્રિલ 2026ની વહેલી સવારે જ્યારે તેને સાબરમતી સેન્ટ્રલ જેલમાં ટ્રાન્સફર કરાયો, ત્યારે મીડિયાએ સમાચાર તો આપ્યા પણ 'કેમ?' અને 'કોના કહેવાથી?' એ વિશ્લેષણ કરવાનું ભૂલી ગયું કે પછી ભુલાવી દેવામાં આવ્યું?

*ટી. એસ. બિષ્ટ: જેલના વડા કે વીઆઈપી સેવાના સંચાલક?*

ભ્રષ્ટાચારનું મૂળ ત્યાં છે જ્યાં તત્કાલીન જેલ વડા *ટી. એસ. બિષ્ટે* પોતાની સત્તાનો દુરુપયોગ કરીને એક જ દિવસમાં ફેક્સ કરીને અનિરુદ્ધસિંહને મુક્ત કરવાનો ગેરકાયદે હુકમ કર્યો હતો.

» *'જો સનદી અધિકારી પ્રદીપ શર્મા સામે જૂના કેસમાં કાર્યવાહી થઈ શકે, તો બિષ્ટ સામે કેમ નહીં? શું ખાખી પર ખાદીના એવા આશીર્વાદ છે કે કાયદો અહીં આંધળો બની જાય છે?'*

» *ચૂંટણી કનેક્શન:જુહાપુરા, અમિત શાહ અને 'મદદ'ની ક્રોનોલોજી*

આ કિસ્સા પાછળ રાજકીય ગણિત હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. 2024ની લોકસભા ચૂંટણીમાં અમિત શાહના મતવિસ્તાર હેઠળ આવતા જુહાપુરામાં 'મતદાન બહિષ્કાર' અટકાવવા માટે અનિરુદ્ધસિંહ મંચ પર દેખાયા હતા.

---

# દરોડા દરમિયાન એક શખ્સને દબોચી લીધો હતો જયારે અન્ય બે શખ્સો ફરાર

હિંમતનગર પોલીસે રહેણાંક મકાનમાં દરોડો પાડી ૨.૫૮ લાખનો વિદેશી દારૂ ઝડપી લીધો

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલા સહયોગનગર (શારદાકુંજ સોસાયટી)માં એક રહેણાંક મકાનમાંથી રૂ.૨.૫૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો હતો પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરીને એક શખ્સને પકડી પાડયો હતો જ્યારે અન્ય બે શખ્સો ફરાર થવામાં સફળ રહ્યા હતા આ મામલે એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કુલ ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.હિંમતનગરના સહયોગનગર (શારદાકુંજ) માં રહેતો કિશનસિંહ જવાનસિંહ રાઠોડ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂ રાખી છૂટક વેચાણ કરે છે.જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડયો હતો અને આ દરોડા દરમિયાન કિશનસિંહ જવાનસિંહ રાઠોડ હાજર મળી આવ્યો હતો તેના રહેણાંક મકાનની સઘન તપાસ હાથ ધરતા વિદેશીદારૂની બોટલો અને બિયર ટીન મળી કુલ ૩૮૨ નંગનો જથ્થો મળી આવ્યો હતો જેની કિંમત ૨,૫૮,૮૮૫ આંકવામાં આવી હતી. રૂ. આ ઉપરાંત આરોપીના અંગ ઝડતી કરતા રૂ. ૧૦ હજારની કિંમતનો ઓપો કંપનીનો સફેદ કલરનો એન્ડ્રોઈડ મોબાઈલ પણ જપ્ત કરવામાં આવ્યો હતો આમ પોલીસે કુલ રૂ. ૨,૯૮,૮૮૫ નો મુદ્દામાલ કબજે કર્યો છે પકડાયેલા આરોપી કિશનસિંહ જવાનસિંહ રાઠોડ (ઉં.વ.૨૫, મૂળ રહે. સઢા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા, હાલ રહે. શારદાકુંજ, સહયોગનગર સોસાયટી, મોતીપુરા, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા) ઉપરાંત દીપકસિંહ જાડેજા (રહે. બેબાર, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા) અને સુરેન્દ્રસિંહ મખુસિંહ જાડેજા (રહે.સુનોખ, તા. ભિલોડા, જિ.અરવલ્લી)ને ફરાર જાહેર કરવામાં આવ્યા હતો.

---

# ઓલપાડ પોલીસ મથકનાં બળાત્કાર ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતો-ફરતો વોન્ટેડ આરોપી ઝડપાયો

• ઓલપાડ,તા.૦૭

સુરત જિલ્લા એલ.સી.બી. પોલીસે પેટ્રોલિંગ દરમ્યાન ઓલપાડ પોલીસ મથકમાં નોંધાયેલ બળાત્કાર ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતો- ફરતો વોન્ટેડ આરોપી રતિલાલ ઉર્ફે રાજુ નોંઘણવદરાને તેના ઉમરા ગામનાં રહેઠાણનાં ઘરેથી દબોચી લીધો છે. વિગત મુજબ મંગળવાર,તા.૦૭ નાં રોજ સુરત જિલ્લા એલ.સી.બી.શાખાના એ.એસ.આઈ.

જગદીશ કામરાજ, અ.હે.કો વિક્રમ સગરામ તથા અ.હે. કો.મહેશ

ચંદુભાઈની ટીમ વિવિધ ગુનાઓમાં નાસતા-ફરતા ભાગેડુ આરોપીઓ ને શોધવા પેટ્રોલિંગ કરી રહ્યા હતાં.તે દરમ્યાન બાતમી મળી હતી કે, ઓલપાડ પોલીસ સ્ટેશનમાં સને-

૨૦૨૨ માં ઓલપાડ પોલીસ મથકમાં ઈ.પી.કો. કલમ-૩૭૬(૨),૫૦૬(૨)મુજબ નોંધાયેલ ગુનામાં છેલ્લા ચાર વર્ષથી ભાગતો-ફરતો વોન્ટેડ આરોપી રતિલાલ ઉર્ફે રાજુ નાનુભાઈ નોંઘણવદરા (રહે.બી-૩,૧૦૪, શિવ રેસીડેન્સી, ઉમરા ગામ, અબ્રામા,સુરત શહેર )હાલમાં પોતાના ઘરે હાજર છે.જે બાતમીનાં આધારે પોલીસે આરોપીના ઘરે

છાપો મારી આરોપીને દબોચી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ઓલપાડ પોલીસ સ્ટેશન ખાતે સુપ્રત કર્યો હતો.


---

કોટનના વાયદામાં રૂ.820નો ઉછાળો

# સોનાના વાયદામાં રૂ.151 અને ચાંદીના વાયદામાં રૂ.1623ની નરમાઈ

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.128871.13 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.29176.08 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.99694.41 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો 35792 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.3254.12 કરોડનું થયું હતું.




કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 17864.66 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.149759ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.150860 અને નીચામાં રૂ.149201ના મથાળે અથડાઈ, રૂ.149981ના આગલા બંધ સામે રૂ.151 ઘટી રૂ.149830 થયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો 8 ગ્રામદીઠ રૂ.258 વધી રૂ.119755 થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો 1 ગ્રામદીઠ રૂ.53 વધી રૂ.14992ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.73 ઘટી રૂ.148341ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.148800ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.149699 અને નીચામાં રૂ.148127ના મથાળે અથડાઈ, રૂ.148854ના આગલા બંધ સામે રૂ.102 ઘટી રૂ.148752ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.232000ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.235547 અને નીચામાં રૂ.230970ના મથાળે અથડાઈ, રૂ.233379ના આગલા બંધ સામે રૂ.1623 ઘટી રૂ.231756ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.1468 ઘટી રૂ.234630ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.1352 ઘટી રૂ.234830ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.બિનલોહ ધાતુઓમાં રૂ. 1944.19 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.2.75 વધી રૂ.1164.25 થયો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.5.7 વધી રૂ.330.15ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.4.6 વધી રૂ.357ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો 75 પૈસા ઘટી રૂ.195.5 થયો હતો.એનર્જી સેગમેન્ટમાં રૂ. 9311.68 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4622ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4784 અને નીચામાં રૂ.4571ના સ્તરને સ્પર્શી, રૂ.118 ઘટી રૂ.4672ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.10722ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.10888 અને નીચામાં રૂ.10386ના મથાળે અથડાઈ, રૂ.10588ના આગલા બંધ સામે રૂ.142 વધી રૂ.10730ના સ્તરે પહોંચ્યો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# 2025-26 સીઝનમાં અદાણી સ્પોર્ટ્સલાઈન એકેડેમીના ખેલાડીઓનું સર્વોચ્ચ પ્રદર્શન

## રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે એક જ સીઝનમાં 98 મેડલ જીત્યા



અમદાવાદની અદાણી સ્પોર્ટ્સલાઈન એકેડેમીના ખેલાડીઓએ વર્ષ 2025-26ની સીઝનમાં રમતગમત ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે. એપ્રિલ 2025થી ફેબ્રુઆરી 2026 દરમિયાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં એકેડેમીના ખેલાડીઓએ કુલ 98 મેડલ પોતાના નામે કર્યા છે, જેમાં 33 ગોલ્ડ, 32 સિલ્વર અને 33 બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. આ ભવ્ય સફળતામાં સૌથી મોટું યોગદાન સ્પીડ સ્કેટિંગનું રહ્યું છે, જેમાં ખેલાડીઓએ સૌથી વધુ 23 ગોલ્ડ મેડલ જીત્યા છે. ખાસ કરીને ભક્તિ ખંધારે નેશનલ ઈનલાઈન સ્કેટિંગમાં ત્રણ વાર ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું અને ’ખેલ મહાકુંભ’માં પણ પાંચ મેડલ મેળવ્યા. બીજી તરફ, ટેનિસ સ્ટાર હર્ષા દેશપાંડેએ અમદાવાદ અને જયપુરમાં યોજાયેલી ઓલ-ઈન્ડિયા ચેમ્પિયનશિપમાં ટાઈટલ જીતીને એકેડેમીનું ગૌરવ વધાર્યું છે. સ્કેટબોર્ડિંગમાં રેયાંશ માશેટ્ટીએ વડોદરામાં બે ગોલ્ડ મેડલ જીત્યા, જ્યારે બાસ્કેટબોલમાં પણ એકેડેમીના ચાર ખેલાડીઓ- સરથ્યા પટેલ, તક્ષ પટેલ, જલ પટેલ અને ગૌરવ અગ્રવાલની પસંદગી અંડર-19 ગુજરાત ટીમમાં કરવામાં આવી છે. ભાનવી જેસલપુરાએ પણ દેહરાદૂનમાં યોજાયેલ સબ-જુનિયર નેશનલમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

અમદાવાદની અદાણી સ્પોર્ટ્સલાઈન એકેડેમીના ખેલાડીઓએ વર્ષ 2025-26ની સીઝનમાં રમતગમત ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે. એપ્રિલ 2025થી ફેબ્રુઆરી 2026 દરમિયાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં એકેડેમીના ખેલાડીઓએ કુલ 98 મેડલ પોતાના નામે કર્યા છે, જેમાં 33 ગોલ્ડ, 32 સિલ્વર અને 33 બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. આ ભવ્ય સફળતામાં સૌથી મોટું યોગદાન સ્પીડ સ્કેટિંગનું રહ્યું છે, જેમાં ખેલાડીઓએ સૌથી વધુ 23 ગોલ્ડ મેડલ જીત્યા છે. ખાસ કરીને ભક્તિ ખંધારે નેશનલ ઈનલાઈન સ્કેટિંગમાં ત્રણ વાર ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું અને ’ખેલ મહાકુંભ’માં પણ પાંચ મેડલ મેળવ્યા. બીજી તરફ, ટેનિસ સ્ટાર હર્ષા દેશપાંડેએ અમદાવાદ અને જયપુરમાં યોજાયેલી ઓલ-ઈન્ડિયા ચેમ્પિયનશિપમાં ટાઈટલ જીતીને એકેડેમીનું ગૌરવ વધાર્યું છે. સ્કેટબોર્ડિંગમાં રેયાંશ માશેટ્ટીએ વડોદરામાં બે ગોલ્ડ મેડલ જીત્યા, જ્યારે બાસ્કેટબોલમાં પણ એકેડેમીના ચાર ખેલાડીઓ- સરથ્યા પટેલ, તક્ષ પટેલ, જલ પટેલ અને ગૌરવ અગ્રવાલની પસંદગી અંડર-19 ગુજરાત ટીમમાં કરવામાં આવી છે. ભાનવી જેસલપુરાએ પણ દેહરાદૂનમાં યોજાયેલ સબ-જુનિયર નેશનલમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

**ધોવાઈ** ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં હોમ ટીમે ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો

# કોલકાતા-પંજાબ મેચ વરસાદમાં ધોવાઈ:માત્ર 22 બોલ જ ફેંકી શકાયા, બંને ટીમને એક-એક પોઈન્ટ મળ્યો

## કોલકાતામાં આ સિઝનમાં એક મેચ રમાઈ છે. તે મેચમાં હૈદરાબાદે પહેલા બેટિંગ કરતા 226 રન બનાવ્યા હતા

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) અને પંજાબ કિંગ્સ (PBKS) વચ્ચેની IPL મેચ વરસાદના કારણે અનિર્ણિત રહી છે. વર્તમાન સીઝનમાં આ પ્રથમ મેચ છે જે વરસાદમાં ધોવાઈ ગઈ છે. કોલકાતામાં સોમવાર સાંજથી અટકી-અટકીને હળવો વરસાદ પડતો રહ્યો હતો. કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં હોમ ટીમે ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ટીમે 3.4 ઓવરમાં બે વિકેટના નુકસાને 25 રન બનાવ્યા હતા, ત્યારે જ સાંજે 7:46 વાગ્યે વરસાદ આવી ગયો. કેપ્ટન અજિંક્ય રહાણે 8 રન અને અંગક્રિશ રઘુવંશી 7 રન બનાવી અણનમ પરત ફર્યા હતા. બીજી ઓવરમાં જેવિયર બાર્ટલેટે કેમરૂન ગ્રીન (4 રન) અને ફિન એલન (6 રન)ને આઉટ કર્યા હતા.કોલકાતામાં વરસાદ શરૂ થઈ ગયો છે. આ કારણે રમતને રોકવામાં આવી છે. મેદાનને કવર કરી દેવામાં આવ્યું છે.



બીજી ઓવરમાં જેવિયર બાર્ટલેટે બે વિકેટ ઝડપી. તેણે શરૂઆતના ત્રણ બોલ ડોટ ફેંક્યા. ત્યારબાદ ચોથા બોલ પર ફિન એલન (6 રન) અને છઠ્ઠા બોલ પર કેમરૂન ગ્રીન (4 રન)ને વિકેટકીપર પ્રભસિમરન સિંઘના હાથે કેચ કરાવ્યા. આ ઓવરમાં માત્ર 4 રન જ આવ્યા.પંજાબના અર્શદીપ સિંહે મેચની પ્રથમ ઓવર ફેંકી. તેની આ ઓવરમાં બે ચોગ્ગા લાગ્યા. પ્રથમ ચોગ્ગો રહાણેએ થર્ડ મેનની દિશામાં ફટકાર્યો, જ્યારે બીજો ચોગ્ગો ફાઈન લેગની દિશામાં યોર્કર બોલ પર આવ્યો. આ ઓવરમાંથી 12 રન આવ્યા.કોલકાતાએ ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો છે. કેપ્ટન અજિંક્ય રહાણેએ જણાવ્યું કે વરુણ ચક્રવર્તી ઈજાગ્રસ્ત થયો છે. સુનીલ નારાયણ પણ રમી રહ્યો નથી. નવદીપ સૈનીને ડેબ્યૂ કેપ આપવામાં આવી છે. રોવમેન પોવેલને પણ તક આપવામાં આવી છે.ઈડન ગાર્ડન્સની પિચ બેટિંગ માટે ખૂબ સારી છે. શરૂઆતમાં ઝડપી બોલરોને થોડી મદદ મળી શકે છે. કોલકાતામાં IPLની અત્યાર સુધી 101 મેચ રમાઈ છે. તેમાં પહેલા બેટિંગ કરનારી ટીમે 43 મેચ જીતી છે, જ્યારે ચેઝ કરનારી ટીમને 57 મેચમાં જીત મળી છે. જ્યારે એક મેચ અનિર્ણિત રહી છે. અહીંનો હાઈએસ્ટ ટીમ સ્કોર 262/2 છે, જે પંજાબ કિંગ્સે 2024માં કોલકાતા નાઈટ રાઈડર્સ સામે બનાવ્યો હતો.

કોલકાતામાં આ સિઝનમાં એક મેચ રમાઈ છે. તે મેચમાં હૈદરાબાદે પહેલા બેટિંગ કરતા 226 રન બનાવ્યા હતા. જવાબમાં કોલકાતા 16 ઓવરમાં 161 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. સોમવારે કોલકાતામાં સવારના સમયે હળવા ધુમ્મસ સાથે તડકો નીકળી શકે છે, જેના કારણે આકાશ થોડું ધૂંધળું દેખાશે. દિવસ વધવાની સાથે ગરમીનો અનુભવ થશે, પરંતુ બપોર પછી હવામાન અચાનક પલટો લઈ શકે છે અને ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. એક્યુવેધર મુજબ, વરસાદની 57% સંભાવના છે. તાપમાન 24 ડિગ્રીથી 35 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેશે.

### ટ્યુબલેસ ટાયર અને કાસ્ટ એલોય વ્હીલ્સ સાથે કિંમત 1.50 લાખ


# રોયલ એનફીલ્ડ હન્ટર 350નું નવું વેરિઅન્ટ લોન્ચ:36.2kmplની માઈલેજ આપશે

## ડિઝાઇન વિશે વાત કરીએ તો, નવું મોડેલ ’ટારમેક બ્લેક ’ ગ્લોસ બ્લેક પેઇન્ટ સ્કીમ સાથે રજૂ કરવામાં આવ્યું છે

• નવી દિલ્હી

રોયલ એનફીલ્ડે 4 એપ્રિલે તેની એન્ટ્રી લેવલ રેટ્રો સ્ટાઈલવાળી મોટરસાઈકલ ’હન્ટર 350’નું નવું બેઝ પ્રીમિયમ મોડલ લોન્ચ કર્યું છે. તેની એક્સ-શોરૂમ કિંમત 1,49,900 રાખવામાં આવી છે. કંપનીનો દાવો છે કે, બાઈકનું ARAI સર્ટિફાઈડ માઈલેજ 36.2kmpl છે.નવા વેરિઅન્ટને ’હન્ટર’ લાઈનઅપમાં સૌથી નીચેના ’ફેક્ટરી બ્લેક’ વેરિઅન્ટની ઉપર રાખવામાં આવ્યું છે. નવા મોડેલની સૌથી મોટી ખાસિયત એ છે કે ઓછી કિંમત હોવા છતાં સ્પોક વ્હીલ્સને બદલે ટ્યુબલેસ ટાયર સાથે કાસ્ટ એલોય વ્હીલ્સ આપવામાં આવ્યા છે.

બે નવા અને વાઈબ્રન્ટ કલર ઓપ્શન સાથે 10 કલર મળશે ડિઝાઈન વિશે વાત કરીએ તો, નવું મોડેલ ’ટારમેક બ્લેક’



ગ્લોસ બ્લેક પેઈન્ટ સ્કીમ સાથે રજૂ કરવામાં આવ્યું છે. તેમાં સાઈડ પેનલ પર ખૂબ જ મિનિમલ રોયલ એનફીલ્ડની બ્રાન્ડિંગ આપવામાં આવી છે, જે તેને સ્વચ્છ અને ક્લાસી લુક આપે છે. આ સાથે, કંપનીએ ’હન્ટર’ના ટોપ વેરિઅન્ટ માટે બે નવા અને વાઈબ્રન્ટ કલર વિકલ્પો પણ રજૂ કર્યા છે. તેમાં ’મુંબઈ યલો’ અને ’મૂનશોટ વ્હાઈટ’ કલરનો સમાવેશ થાય છે. આનાથી હવે ’હન્ટર’ 10 કલરમાં ઉપલબ્ધ છે. ભારતમાં તેનો મુકાબલો ’TVS રોનિન’, ‘હોન્ડા CB 350’, ’જાવા 42’ અને ’યેઝદી રોડસ્ટર’ જેવી બાઈક્સ સાથે છે. બેઝ પ્રીમિયમ વેરિઅન્ટમાં કંપનીએ ફીચર્સના મામલે કોઈ કપાત કરી નથી. તેમાં ટોપ વેરિઅન્ટની જેમ જ રોટરી સ્વીચગિયર (ફેરવવાવાળા બટન) આપવામાં આવ્યા છે. સાથે જ, તેમાં નવું ડિજિટલ-એનાલોગ ઈન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર અને સ્લિપ-એન્ડ-અસિસ્ટ ક્લચને સ્ટાન્ડર્ડ ફિટમેન્ટ તરીકે સામેલ કરવામાં આવ્યું છે.

સુરક્ષા માટે તેમાં સિંગલ ચેનલ ABS સાથે ફ્રન્ટમાં ડિસ્ક બ્રેક અને રિયરમાં ડ્રમ બ્રેક સેટઅપ મળે છે. હેડલાઈટની વાત કરીએ, તો તેમાં 2024 મોડેલવાળો અપડેટેડ રાઉન્ડ હેલોજન હેડલેમ્પ આપવામાં આવ્યો છે. જોકે, તેમાં ટ્રિપર નેવિગેશનની સુવિધા નહીં મળે.

’હન્ટર 350’માં ફોર્ક કવર ગેટર અને એક ઓફસેટ ઈન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર પહેલાની જેમ જ મળશે. આ ઈન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર મીટિઓર 350 અને સ્ક્રેમ 411ની જેમ જ છે.બાઈકનું સ્વીચગિયર અને ગ્રિપ પણ મીટિઓર જેવું જ દેખાય છે. રોડસ્ટર બાઈકમાં USB પોર્ટ મળે છે, જેનાથી રાઈડિંગ કરતી વખતે ફોન પણ ચાર્જ કરી શકાય છે. ’2025 રોયલ એનફીલ્ડ હન્ટર 350’માં 1370mmનો વ્હીલબેઝ મળે છે, જે મીટિઓર કરતાં 30mm અને ક્લાસિક 350 કરતાં 20mm નાનો છે. બાઈક ’ક્લાસિક 350’ની સરખામણીમાં 14kg હળવી છે, તેનું વજન 181 કિલોગ્રામ છે.રોડસ્ટર બાઈકમાં 13-લિટરની ફ્યુઅલ ટાંકી છે અને તેની સીટની ઊંચાઈ 800mm છે. બાઈક 17-ઈંચના એલોય વ્હીલ પર ચાલે છે. આના પર ફ્રન્ટમાં 110/70 અને રિયરમાં 140/70ની પ્રોફાઈલવાળા ટ્યુબલેસ ટાયર લાગેલા છે. આરામદાયક રાઈડિંગ માટે તેના ફ્રન્ટમાં 41mm ટેલિસ્કોપિક ફોર્ક્સ, જ્યારે રિયરમાં નવા શોક એબ્સોર્બર છે. બ્રેકિંગ માટે ફ્રન્ટમાં 300mm ડિસ્ક અને રિયરમાં 240mm ડિસ્ક સાથે ડ્યુઅલ-ચેનલ ABS સિસ્ટમ મળે છે.

# ઘરના મંદિરમાં ખંડિત મૂર્તિઓ ન રાખવી જોઈએ:પૂજા-પાઠ સાથે જોડાયેલી માન્યતાઓ

દેવી-દેવતાઓની મૂર્તિઓ ઘરમાં રાખવાની પરંપરા છે. આ પરંપરા ફક્ત ધાર્મિક આસ્થા જ નહીં, પરંતુ માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય સાથે પણ જોડાયેલી છે. શાસ્ત્રો અનુસાર, ઘરમાં સ્થાપિત મૂર્તિઓની વિધિવત પૂજા કરવામાં આવે તો ઘરમાં સુખ-શાંતિ જળવાઈ રહે છે. ઉજ્જૈનના જ્યોતિષાચાર્ય પં. મનીષ શર્મા પાસેથી જાણો પૂજા-પાઠ સાથે જોડાયેલી માન્યતાઓ વાસ્તુશાસ્ત્રમાં આ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે ઘરમાં ખંડિત મૂર્તિઓ રાખવાનું ટાળવું જોઈએ. જો આપણે ખંડિત મૂર્તિઓની પૂજા કરીએ છીએ અને પૂજામાં જેવી જ આપણી નજર મૂર્તિના તૂટેલા ભાગ પર પડે છે, આપણું ધ્યાન ભટકી જાય છે. પૂજામાં એકાગ્રતા જળવાઈ રહેતી નથી. મન અશાંત થઈ જાય છે. આ જ કારણ છે કે ખંડિત મૂર્તિઓનું વિસર્જન કરવાનો વિધાન છે. પૂજા સ્થળ ઘરની ઉત્તર કે પૂર્વ દિશામાં હોવું જોઈએ. દેવી-દેવતાઓની પૂજા માટે આ બંને દિશાઓ ખૂબ જ શુભ માનવામાં આવે છે. પૂજા ફક્ત હાથ જોડીને મંત્ર વાંચવા પૂરતી મર્યાદિત નથી. શાસ્ત્રોમાં તેને ધ્યાન અને ભક્તિ સાથે કરવા પર ભાર મૂકવામાં આવ્યો



છે. વાસ્તુશાસ્ત્ર અનુસાર, જ્યારે મૂર્તિ સંપૂર્ણ હોય છે, ત્યારે પૂજા કરનાર વ્યક્તિ માનસિક રીતે પૂજામાં કેન્દ્રિત રહે છે. એકાગ્ર અને શાંત મનથી કરવામાં આવેલી પૂજા જલ્દી સફળ થાય છે, એવી માન્યતા છે. સ્વચ્છતા: ઘરના મંદિરમાં નિયમિત પૂજા કરો અને સ્વચ્છતાનું વિશેષ ધ્યાન રાખો. એકાગ્રતા જાળવી રાખો: પૂજાના સમયે આપણું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત રહેવું જોઈએ, જેથી ભક્તિ અને સકારાત્મક ઊર્જા બંને મજબૂત બને. ઘર માટે સોનું, ચાંદી, તાંબુ, પિત્તળ, સ્ફટિક, પારદથી બનેલી મૂર્તિઓ ખૂબ જ શુભ માનવામાં આવે છે. લોખંડ, સ્ટીલ, એલ્યુમિનિયમથી બનેલી મૂર્તિઓ પૂજા માટે શુભ માનવામાં આવતી નથી, કારણ કે પૂજામાં પાણી, દૂધ, દહીંથી મૂર્તિઓનો અભિષેક કરવામાં આવે છે અને આ વસ્તુઓથી લોખંડ-એલ્યુમિનિયમની મૂર્તિઓ ખરાબ થઈ જાય છે. જો ધાતુની મૂર્તિ રાખવા ન માંગતા હો, તો માટી કે પથ્થરથી બનેલી મૂર્તિ પણ શ્રેષ્ઠ હોય છે.પં. શર્મા કહે છે કે શિવલિંગને શિવજીનું નિરાકાર સ્વરૂપ માનવામાં આવે છે, તેથી ખંડિત શિવલિંગ પણ પૂજનીય હોય છે. ધ્યાન રાખો કે ઘરમાં અંગૂઠાના પહેલા ભાગથી મોટું શિવલિંગ ન રાખવું જોઈએ.

# ઈન્સ્ટાગ્રામ માટે પૈસા ચૂકવવા પડશે!:’પ્લસ’ વર્ઝનમાં છૂપાઈને બીજાની સ્ટોરી જોઈ શકાશે

• નવી દિલ્હી

મેટા તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર નવું સબ્સ્ક્રિપ્શન મોડેલ ટેસ્ટ કરી રહી છે. તેનું નામ ‘ઈન્સ્ટાગ્રામ પ્લસ’ છે. આ મેટાની એક પેઈડ સર્વિસ હશે, જેમાં યુઝર્સને કેટલાક નવા અને એક્સક્લુઝિવ ફીચર્સ મળશે, ખાસ કરીને આ ફીચર્સ તેમની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી સાથે જોડાયેલા હશે. હાલમાં આ નવી સુવિધાનું ટેસ્ટિંગ મેક્સિકો, જાપાન અને ફિલિપાઈન્સ જેવા દેશોમાં થઈ રહ્યું છે. તેના રોલઆઉટ થવાની જલ્દી સંભાવના છે. અત્યાર સુધી માત્ર એક ક્લોઝ ફ્રેન્ડ્સ લિસ્ટ બનતી હતી. હવે અલગ અલગ ગ્રુપ બનાવીને અલગ ઓડિયન્સને સ્ટોરી બતાવી શકાશે.માત્ર વ્યુ નહીં, પરંતુ કેટલી વાર કોઈએ તમારી સ્ટોરી ફરીથી જોઈ, તેનો ડેટા પણ ઈન્સ્ટાગ્રામ તમને આપશે.હાલમાં સ્ટોરીનો સમય 24 કલાકનો છે. હવે સ્ટોરીની વિઝિબિલિટી વધારવાનો વિકલ્પ મળશે, જેથી તે 24 કલાકથી વધુ સમય સુધી સક્રિય રહી શકશે. યુઝર્સ આ નવા અપડેટથી સ્ટોરી પર એનિમેટેડ સુપરલાઈક્સ મોકલી શકશે. વ્યુઅર લિસ્ટમાં



લોકોને સર્ચ કરવાનો વિકલ્પ પણ મળશે. આ ફીચર મોટાભાગે સ્નેપચેટના સ્નેપચેટ પ્લસ જેવું હોઈ શકે છે. જોકે, કંપનીએ હજુ સુધી સત્તાવાર રીતે તેની સંપૂર્ણ માહિતી કે ગ્લોબલ લોન્ચ ડેટ શેર કરી નથી. આ ફીચરની કિંમત કંઈક આ પ્રકારે હોઈ શકે છે.

- મેક્સિકો- આશરે 200 રૂપિયા પ્રતિ માસ
- જાપાન- આશરે 188 રૂપિયા પ્રતિ માસ
- ફિલિપાઈન્સ - આશરે 100 રૂપિયા પ્રતિ માસ
- ભારતમાં જ્યારે લોન્ચ થશે ત્યારે સબ્સ્ક્રિપ્શન આ જ શ્રેણીમાં રહેવાની સંભાવના છે.

# ચીનનું ડ્રોન નિયંત્રણ:વિશ્વભરના 80% ડ્રોન બનાવનાર ચીનમાં મે મહિનાથી રિયલ-નેમ રજિસ્ટ્રેશન અને મોબાઇલ લિંકિંગ ફરજિયાત

• ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ. બીજિંગ

વિશ્વના લગભગ 80% કોમર્શિયલ ડ્રોન બનાવનાર ચીન હવે તેના આકાશમાં સખત રીતે ’ડ્રોન કંટ્રોલ’ લાગુ કરી રહ્યું છે. 2025 સુધીમાં દેશમાં 30 લાખથી વધુ ડ્રોન રજિસ્ટર થઈ ચૂક્યા છે, જે એક વર્ષમાં 50%નો વધારો છે, પરંતુ આ જ ઝડપ સાથે સરકારે નિયંત્રણો પણ કડક કર્યા છે. પરવાનગી વિના ડ્રોન ઉડાડવા પર સજા અને જેલ સુધીની જોગવાઈ લાગુ કરવામાં આવી છે. મે મહિનાથી દરેક ડ્રોનનું રિયલ-નેમ રજિસ્ટ્રેશન ફરજિયાત બનશે અને ઉડાનનો ડેટા રીઅલ ટાઈમમાં સરકાર સુધી પહોંચશે.

ડ્રોનનો રીઅલ ટાઈમ ડેટા સરકારને આપવો પડશેડ્રોનને ID અથવા મોબાઈલ નંબર સાથે લિંક કરવું ફરજિયાત રહેશે. ઉડાનનો રીઅલ ટાઈમ ડેટા સરકારને મોકલવો પડશે. પ્રતિબંધિત વિસ્તારોમાં ઉડાન ભરતા પહેલા એક દિવસ અગાઉ પરમિટ લેવી ફરજિયાત. ઘણા શહેરોમાં મોટા ભાગના વિસ્તારોને નો-ફ્લાય ઝોન જાહેર કરાયા. નાના ડ્રોનને પણ 400 ફૂટથી નીચે મર્યાદિત છૂટ આપવામાં આવી છે. બીજિંગમાં ડ્રોનના વેચાણ, ભાડા અને બાહ્ય પ્રવેશ પર પણ પ્રતિબંધ. - એક સરનામા પર વધુમાં વધુ 3 ડ્રોન રાખવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. - પરવાનગી વિના ઉડાન ભરવા પર દંડ, જપ્તી અને જેલની જોગવાઈ.- ડ્રોન બજાર પર પણ તેની સ્પષ્ટ અસર જોવા મળી રહી છે.

### હાઈ-ટેક ફીચર્સથી સજ્જ ટુવ્હીલરની કિંમત 1.02 લાખથી શરૂ

# સુઝુકી બર્ગમેન સ્ટ્રીટ 2026 મોડેલ લોન્ચ ખિસ્સામાં ચાવી રાખીને સ્કૂટર ચલાવી શકાશે

• નવી દિલ્હી

સુઝુકીએ તેના લોકપ્રિય મેક્સી-સ્કૂટર ’બર્ગમેન સ્ટ્રીટ’નું 2026 મોડેલ લોન્ચ કર્યું છે. કંપનીએ તેને નવા પ્લેટફોર્મ, એડવાન્સ ફીચર્સ અને ડિઝાઈનમાં ફેરફાર સાથે રજૂ કર્યું છે. TFT વેરિઅન્ટમાં ડ્યુઅલ-ટોન કલર્સ મળશે, જ્યારે LCD વેરિઅન્ટ સિંગલ-ટોન કલરમાં આવશે. દિલ્હીમાં તેની શરૂઆતની એક્સ-શોરૂમ કિંમત 1.02 લાખ રૂપિયા રાખવામાં આવી છે, જે ટોપ-સ્પેક વેરિઅન્ટ માટે 1.13 લાખ રૂપિયા સુધી જાય છે. નવા મોડેલમાં કંપનીએ ’એક્સેસ 125’ વાળા પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો છે, જેનાથી તે પહેલા કરતાં વધુ મજબૂત અને હલકું બન્યું છે.કંપનીએ LED હેડલાઈટ



અને ટેલ-લેમ્પ સેટઅપને રિવાઈઝ કર્યું છે. આનાથી તેને એક નવો અને સ્પોર્ટી લુક મળ્યો છે. આ ઉપરાંત, હવે તેમાં પહેલાં કરતાં વધુ એંગ્યુલર અને બોક્સી એક્ઝોસ્ટ મફલર આપવામાં આવ્યું છે. સુવિધા માટે કંપનીએ પેટ્રોલ ભરાવવાની જગ્યાને હવે ટેલ-લેમ્પની નીચે શિફ્ટ કરી દીધી છે, જેનાથી રાઈડરને વારંવાર સીટ ખોલવાની જરૂર નહીં પડે.

નવા ’બર્ગમેન’માં હવે કી-લેસ ઈગ્નિશનની સુવિધા મળશે. તેમાં એક મલ્ટિફંક્શન કી-ફોબ આપવામાં આવ્યું છે, જેનાથી સીટ, ફ્યુઅલ કેપ અને હેન્ડલ લોકને ઓપરેટ કરી શકાય છે.

સ્કૂટરમાં સ્મોક્ડ વિન્ડસ્ક્રીન અને મેટાલિક ફિનિશવાળા એમ્બ્લેમ્સ આપવામાં આવ્યા છે, જે તેને રસ્તા પર અલગ ઓળખ આપે છે. તેના ટર્ન ઈન્ડિકેટર્સને પણ હવે પહેલા કરતાં કોમ્પેક્ટ બનાવવામાં આવ્યા છે.TFT ડિસ્પ્લે: ’બર્ગનમેન’ના ટોપ વેરિઅન્ટ્સમાં કંપનીએ TFT ડિસ્પ્લે આપ્યું છે. LCD યુનિટ: બીજા ટ્રિમ્સમાં કંપનીએ જૂના LCD યુનિટને જાળવી રાખ્યુંસ્કૂટરમાં 124ccનું એર-કૂલ્ડ, ફ્યુઅલ-ઈન્જેક્ટેડ એન્જિન આપવામાં આવ્યું છે. આ એન્જિન 8.4hpની પાવર અને 10.2Nmનો ટોર્ક જનરેટ કરે છે. તેને CVT ગિયરબોક્સ સાથે જોડવામાં આવ્યું છે.

### ચાલીમાં રહેતો રવિ બોલિવૂડનો 'જમ્પિંગ જેક' બન્યો

# હીરોઈન બનીને જીતેન્દ્રએ આગમાં છલાંગ લગાવી હતી, અઢી કરોડનું દેવું ચૂકવવા સતત 60 ફિલ્મો કરી

**જીતેન્દ્રનો જન્મ 7 એપ્રિલ, 1942ના રોજ અમૃતસરના એક પંજાબી પરિવારમાં થયો હતો માતા-પિતાએ તેમને રવિ કપૂર નામ આપ્યું હતું, પરંતુ ફિલ્મોમાં પ્રવેશ્યા પછી તેમનું નામ બદલીને જીતેન્દ્ર રાખવામાં આવ્યું**

જીતેન્દ્રનો જન્મ 7 એપ્રિલ, 1942ના રોજ અમૃતસરના એક પંજાબી પરિવારમાં થયો હતો. માતા-પિતાએ તેમને રવિ કપૂર નામ આપ્યું હતું, પરંતુ ફિલ્મોમાં પ્રવેશ્યા પછી તેમનું નામ બદલીને જીતેન્દ્ર રાખવામાં આવ્યું. જીતેન્દ્ર થોડા મહિનાના હતા, ત્યારે પરિવાર મુંબઈ આવ્યો અને ગિરગાંવના શ્યામ સદન ચાલમાં રહેવા લાગ્યો. આઠ જણનો આખો પરિવાર 10 બાય 12ના રૂમમાં રહેતો હતો, જેનું ભાડું 6 રૂપિયા હતું. તેમના પિતા અમરનાથ ફિલ્મ સેટ માટે આર્ટિફિશિયલ ઘરેણાં સપ્લાય કરતા હતા. સમય જતાં પરિવારની આર્થિક સ્થિતિમાં સુધારો થતાં, તેમના ઘરમાં ટ્યુબલાઈટ અને પંખો લગાવવામાં આવ્યો.ચાલીમાં ગરીબી એટલી ગંભીર હતી કે આખા વિસ્તારના લોકો તેના ઘરે પંખા અને ટ્યુબલાઈટ જોવા આવતા હતા. જીતેન્દ્રએ પોતાના જીવનના 20 વર્ષ તે જ ચાલીમાં વિતાવ્યા. પંજાબી પરિવારમાંથી આવતા હોવા છતાં, તેઓ આસપાસના વાતાવરણ સાથે ભળીને અસ્ખલિત મરાઠી બોલતા શીખ્યા. આ ઝૂંપડપટ્ટીમાં રહેતા જીતેન્દ્રનો પ્રિય તહેવાર ગણેશ ચતુર્થી હતો. જીતેન્દ્રને ટીનેજમાં જ ફિલ્મોમાં કામ કરવામાં રસ પડ્યો હતો. જીતેન્દ્ર ભણવામાં સારા નહોતા, ન તો તેમની પાસે કોઈ ખાસ પ્રતિભા કે રુચિ હતી. કોઈક રીતે તેમણે પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તેમના પિતાએ તેમને આર્ટિફિશિયલ જ્વેલરી (કૃત્રિમ ઘરેણાં)ના બિઝનેસમાં મૂક્યા, જ્યાં તે ફિલ્મ સેટ પર ઘરેણાં પહોંચાડતા હતા.

1959માં, જીતેન્દ્રને વી. શાંતારામની ફિલ્મ 'નવરંગ'ના સેટ પર ઘરેણાં પહોંચાડવાનું કામ મળ્યું. તેઓ દરરોજ બસમાં ધક્કામુક્કી કરીને સેટ પર જતા. તે લગભગ 17 વર્ષના હતા. એક દિવસ, આ ઝાકમઝાળ જોઈને જીતેન્દ્રને ફિલ્મ જોવાનું મન થયું. તેણે ત્યાં ઉભેલા લોકોને પૂછ્યું અને તેમણે સ્પષ્ટ ના પાડી દીધી. બધાએ કહ્યું કે વી. શાંતારામ કોઈને શૂટિંગ જોવા દેતા નથી. જીતેન્દ્ર ઉદાસ ચહેરા સાથે ઘરે પાછા ફર્યા અને તેના કાકાને ફરિયાદ કરી. બીજા દિવસે, તેના કાકા તેને સેટ પર લઈ ગયા અને સહાયકને કહ્યું કે, 'મારો ભત્રીજો શૂટિંગ જોવા માંગે છે.' તેણે જવાબ આપ્યો, 'જો તમારે શૂટિંગ જોવું હોય, તો તમારે કામ કરવું પડશે.' તેણે જીતેન્દ્ર તરફ જોયું અને કહ્યું, 'અમે તમને રાજકુમારનો રોલ આપીશું.'

જીતેન્દ્રની ખુશીનો કોઈ પાર નહોતો. જીતેન્દ્ર, જે સામાન્ય રીતે બસમાં મુસાફરી કરતા હતા, તે બીજા દિવસે ટેક્સીમાં સેટ પર પહોંચ્યા.




ત્યાં પહોંચી તેમણે રાજકુમારનો કોસ્ચ્યુમ પહેર્યો. પરંતુ પછી તેમને એક ભયંકર આઘાત લાગ્યો. સેટ પર તે એકમાત્ર રાજકુમાર નહોતા; તેના બદલે, રાજકુમારોના પોશાકમાં 200 માણસો હતા. તેમને 'નવરંગ' ફિલ્મના 'તુ છુપી હૈ કહાં' ગીતમાં નાયિકાની પાછળ ઉભા રહેતા જુનિયર આર્ટિસ્ટ તરીકે કાસ્ટ કરવામાં આવ્યા હતા.

એનર્જેટિક ડાન્સ સ્ટાઈલના કારણે જીતેન્દ્ર 'જમ્પિંગ જેક'ના નામથી પ્રખ્યાત થયા.એનર્જેટિક ડાન્સ સ્ટાઈલના કારણે જીતેન્દ્ર 'જમ્પિંગ જેક'ના નામથી પ્રખ્યાત થયા. વી. શાંતારામ પાસેથી કામ માંગ્યું, તો હીરોઈનના બોડી ડબલ બનાવી દીધા 'નવરંગ' ફિલ્મના શૂટિંગ દરમિયાન, જીતેન્દ્રએ પોતે ફિલ્મોમાં કામ કરવાનું નક્કી કર્યું. જ્યારે તેમને 1963ની ફિલ્મ 'સેહરા'ના સેટ પર ઘરેણાં પહોંચાડવાનું કામ મળ્યું, ત્યારે એક દિવસ, પહેલી તક મળતાં જ તેમણે ડિરેક્ટર વી. શાંતારામને મરાઠીમાં કહ્યું, 'હું ફિલ્મોમાં કામ કરવા માંગુ છું.' વી. શાંતારામને એ વાતમાં વધુ રસ હતો કે, પંજાબી કપૂર સાહેબનો દીકરો મરાઠી ખૂબ જ સારી રીતે બોલે છે. આમ, વાતચીત શરૂ થઈ. જતાં જતાં તેમણે કહ્યું, 'હું ગેરંટી આપતો નથી, પણ તારે પ્રયાસ કરતા રહેવું જોઈએ.' આ એક જ પગલાથી જીતેન્દ્રને ફિલ્મ 'સેહરા'માં વધારાના કલાકાર તરીકે નોકરી મળી. તેમને ફક્ત સેટ પર હાજર રહેવાનું હતું, જેથી જો કોઈ જુનિયર કલાકાર ન આવે, તો તેઓ તેમની જગ્યાએ ઉભા રહી શકે. આ કામ માટે જીતેન્દ્રને દર મહિને 100 રૂપિયા પગાર મળતો હતો. એક દિવસ, એક્ટ્રેસ સંધ્યાને ફિલ્મના એક દ્રશ્ય માટે આગ પર કૂદવાનું કહેવામાં આવ્યું. સંધ્યા ડિરેક્ટર વી. શાંતારામના પત્ની હતાં. તે દિવસોમાં, ખતરનાક દ્રશ્યો માટે સામાન્ય રીતે બોડી ડબલ્સને રાખવામાં આવતા હતા, જેઓ એક્ટર અને એક્ટ્રેસિસનો પોશાક પહેરીને ખતરનાક સ્ટંટ કરતા હતા.

તે દિવસે એક્ટ્રેસના બોડી ડબલ તરીકે કામ કરવા માટે એક છોકરીને બોલાવવામાં આવી હતી. આગની જ્વાળાઓ જોઈને છોકરી ગભરાઈ ગઈ અને ભાગી ગઈ. જ્યારે સેટ પર બીજી કોઈ છોકરી આ દ્રશ્ય કરવા માટે તૈયાર ન થઈ, ત્યારે વી. શાંતારામે જીતેન્દ્રને આ કાર્ય સોંપ્યું. જીતેન્દ્રને એક્ટ્રેસ સંધ્યાનો પોશાક પહેરાવવામાં આવ્યો, ત્યારબાદ તેણે નાયિકા તરીકે કામ કર્યું.આ ભૂમિકાથી જીતેન્દ્રએ વી. શાંતારામનું દિલ જીતી લીધું. ફિલ્મમાં તેમને એક સંવાદ પણ આપવામાં આવ્યો હતો: 'સરદાર, દુશ્મનોં કા દલ ટિડ્ડિયોં કી તરહ આગે બઢ રહા હૈ (સરદાર, દુશ્મન તીડની જેમ આગળ વધી રહ્યો છે.)' 25 રીટેક છતાં જીતેન્દ્ર યોગ્ય રીતે ડાયલોગ બોલી શક્યા નહીં. વી. શાંતારામે ખિજાઈને તે જ ખોટો ડાયલોગ ફિલ્મમાં ફાઈનલ કરી દીધો. તે વી. શાંતારામ જ હતા, જેમણે જીતેન્દ્રની પ્રતિભાને ઓળખી અને તેમને ફિલ્મ 'ગીત ગાયા પથ્થરોં ને'માં મુખ્ય ભૂમિકા આપી.પહેલી ફિલ્મ જોવા માટે માતા-પિતા સાથે પહોંચ્યા, થિયેટર ખાલી હતું.

### ત્રિશાએ થલાપતિ વિજય સાથેના સંબંધ પર મહોર મારી?

# ક્રિપ્ટિક પોસ્ટમાં લખ્યું, 'પ્રેમ બધું જ નથી હોતો, પણ પ્રેમ વિના બધું નકામું'; સાઉથસ્ટાર છૂટાછેડાને લઈ ચર્ચામાં

સાઉથ સુપરસ્ટાર થલાપતિ વિજય અને એક્ટ્રેસ ત્રિશા કૃષ્ણન ફરી એકવાર ચર્ચામાં છે. બંનેના કથિત સંબંધોની અફવાઓ વચ્ચે ત્રિશાની એક રહસ્યમય સોશિયલ મીડિયા પોસ્ટ વાયરલ થઈ છે, જેણે ચાહકોમાં નવી ચર્ચા જગાવી છે. ત્રિશાએ ઈન્સ્ટાગ્રામ પર પ્રેમ અને આત્મ-સન્માન સાથે જોડાયેલો એક મેસેજ શેર કર્યો, જેમાં લખ્યું હતું કે, 'પ્રેમ બધું જ નથી હોતો, પરંતુ પ્રેમ વિના બધું નકામું છે.' આ પોસ્ટને તેમના અંગત જીવન સાથે જોડીને જોવામાં આવી રહી છે. ખરેખર, આ પોસ્ટ એવા સમયે સામે આવી છે, જ્યારે વિજય અને તેમની પત્ની સંગીતા સોરનલિંગમના છૂટાછેડાના સમાચાર ચર્ચામાં છે. રિપોર્ટ્સ અનુસાર, સંગીતાએ કોર્ટમાં અરજી દાખલ કરીને સંબંધોમાં તિરાડ અને માનસિક ઉત્પીડનનો આરોપ લગાવ્યો છે. આ દરમિયાન વિજય અને ત્રિશા તાજેતરમાં ચેન્નઈમાં એક હાઈ-પ્રોફાઈલ લગ્નમાં સાથે જોવા મળ્યા હતાં. બંનેની સાથે એન્ટ્રી અને હાજરીએ અફવાઓને વધુ વેગ આપ્યો. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી તસવીરો અને વીડિયો પછી ચાહકો અટકળો લગાવી રહ્યા છે કે, બંને વચ્ચે માત્ર મિત્રતાથી કંઈક વિશેષ છે. જોકે, આ સમાચારો પર અત્યાર સુધી ન તો વિજય કે ન તો ત્રિશાએ કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી છે. હાલમાં, ત્રિશાની આ પોસ્ટ અને વિજય સાથે તેમની તાજેતરની હાજરી, બંને સોશિયલ મીડિયા પર ચર્ચાનો મોટો વિષય બન્યા છે. ચાહકો હવે આ સમગ્ર મામલે બંને સ્ટાર્સની પ્રતિક્રિયાની રાહ જોઈ રહ્યા છે.0 ત્રિશા કૃષ્ણન અને થલપતિ વિજયે આ ફિલ્મોમાં સાથે કામ કર્યું, ફરી ચર્ચામાં આવી જોડી ત્રિશા કૃષ્ણન અને થલપતિ વિજયે તમિલ સિનેમાની ઘણી હિટ ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. જેમાં 'ઘિલી' (2004), 'થિરુપાચી' (2005), 'આથી' (2006) અને 'કુરુવી' (2008)નો સમાવેશ થાય છે. બંનેની ઓન-સ્ક્રીન જોડીને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી, ત્યારબાદ તેમના ઓફ-સ્ક્રીન સંબંધોને લઈને પણ અફવાઓ તેજ બની હતી. જોકે તે સમયે બંને કલાકારોએ આ ચર્ચાઓને નકારી કાઢતા કહ્યું હતું કે, તેઓ માત્ર સારા મિત્રો છે. વર્ષો પછી બંને 'લિયો' (2023)માં ફરી સાથે જોવા મળ્યા, જેના કારણે તેઓ ફરી એકવાર ચર્ચામાં આવ્યા. ફિલ્મમાં બંનેની કેમેસ્ટ્રીએ ચાહકોનું ધ્યાન ખેંચ્યું અને તેમની જોડી ફરી ચર્ચાનો વિષય બની ગઈ. સાઉથ સુપરસ્ટાર થલાપતિ વિજય અને એક્ટ્રેસ ત્રિશા કૃષ્ણન ફરી એકવાર ચર્ચામાં છે. બંનેના કથિત સંબંધોની અફવાઓ વચ્ચે ત્રિશાની એક રહસ્યમય સોશિયલ મીડિયા પોસ્ટ વાયરલ થઈ છે, જેણે ચાહકોમાં નવી ચર્ચા જગાવી છે. ત્રિશાએ ઈન્સ્ટાગ્રામ પર પ્રેમ અને આત્મ-સન્માન સાથે જોડાયેલો એક મેસેજ શેર કર્યો, જેમાં લખ્યું હતું કે, 'પ્રેમ બધું જ નથી હોતો, પરંતુ પ્રેમ વિના બધું નકામું છે.' આ પોસ્ટને તેમના અંગત જીવન સાથે જોડીને જોવામાં આવી રહી છે. ખરેખર, આ પોસ્ટ એવા સમયે સામે આવી છે, જ્યારે વિજય અને તેમની પત્ની સંગીતા સોરનલિંગમના છૂટાછેડાના સમાચાર ચર્ચામાં છે. રિપોર્ટ્સ અનુસાર, સંગીતાએ કોર્ટમાં અરજી દાખલ કરીને સંબંધોમાં તિરાડ અને માનસિક ઉત્પીડનનો આરોપ લગાવ્યો છે. આ દરમિયાન વિજય અને ત્રિશા તાજેતરમાં ચેન્નઈમાં એક હાઈ-પ્રોફાઈલ લગ્નમાં સાથે જોવા મળ્યા હતાં. બંનેની સાથે એન્ટ્રી અને હાજરીએ અફવાઓને વધુ વેગ આપ્યો. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી તસવીરો અને વીડિયો પછી ચાહકો અટકળો લગાવી રહ્યા છે કે, બંને વચ્ચે માત્ર મિત્રતાથી કંઈક વિશેષ છે. જોકે, આ સમાચારો પર અત્યાર સુધી ન તો વિજય કે ન તો ત્રિશાએ કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી છે. હાલમાં, ત્રિશાની આ પોસ્ટ અને વિજય સાથે તેમની તાજેતરની હાજરી, બંને સોશિયલ મીડિયા પર ચર્ચાનો મોટો વિષય બન્યા છે. ચાહકો હવે આ સમગ્ર મામલે બંને સ્ટાર્સની પ્રતિક્રિયાની રાહ જોઈ રહ્યા છે.0 ત્રિશા કૃષ્ણન અને થલપતિ વિજયે આ ફિલ્મોમાં સાથે કામ કર્યું, ફરી ચર્ચામાં આવી જોડી ત્રિશા કૃષ્ણન અને થલપતિ વિજયે તમિલ સિનેમાની ઘણી હિટ ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. જેમાં 'ઘિલી' (2004), 'થિરુપાચી' (2005), 'આથી' (2006) અને 'કુરુવી' (2008)નો સમાવેશ થાય છે. બંનેની ઓન-સ્ક્રીન જોડીને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી, ત્યારબાદ તેમના ઓફ-સ્ક્રીન સંબંધોને લઈને પણ અફવાઓ તેજ બની હતી. જોકે તે સમયે બંને કલાકારોએ આ ચર્ચાઓને નકારી કાઢતા કહ્યું હતું કે, તેઓ માત્ર સારા મિત્રો છે. વર્ષો પછી બંને 'લિયો' (2023)માં ફરી સાથે જોવા મળ્યા, જેના કારણે તેઓ ફરી એકવાર ચર્ચામાં આવ્યા. ફિલ્મમાં બંનેની કેમેસ્ટ્રીએ ચાહકોનું ધ્યાન ખેંચ્યું અને તેમની જોડી ફરી ચર્ચાનો વિષય બની ગઈ.



### 'ભૂત બંગલા'ના ટ્રેલર લોન્ચમાં સર્જાયો 'રિયલ હોરર' સીન!

# પ્રિયદર્શન અને પરેશ રાવલ સ્ટેજ પર પડતા-પડતા બચ્યા; અક્ષયે રમુજી અંદાજમાં સ્થિતિ સંભાળી

મુંબઈમાં આજે અક્ષય કુમારની આગામી ફિલ્મ 'ભૂત બંગલા'નો ટ્રેલર લોન્ચ ઈવેન્ટ ખૂબ ચર્ચામાં રહ્યો. ઈવેન્ટ દરમિયાન એક નાનો અકસ્માત થતા-થતા ટળી ગયો, જ્યારે ફિલ્મના ડિરેક્ટર પ્રિયદર્શન અને એક્ટર પરેશ રાવલ સ્ટેજ પર પડતા-પડતા બચી ગયા. જોકે સ્થળ પર હાજર ટીમની સતર્કતાથી બંને સંભાળી ગયા અને કોઈ મોટો અકસ્માત થયો નહીં.

પરેશ રાવલ પણ તે જ સ્થળે પડતા પડતા રહી ગયા. પરેશ રાવલ પણ તે જ સ્થળે પડતા પડતા રહી ગયા. આ ઘટનાએ થોડા સમય માટે વાતાવરણને થોડું તણાવપૂર્ણ બનાવી દીધું હતું, પરંતુ જલ્દી જ બધું સામાન્ય થઈ ગયું. અક્ષય કુમારે વાતાવરણ હળવું કરતા રમુજી અંદાજમાં કહ્યું કે, તેમની ટીમ સાથે આવા નાના-મોટા 'હોરર મોમેન્ટ્સ' તો ચાલતા જ રહે છે. આ દરમિયાન ઈવેન્ટમાં અક્ષય કુમારે પોતાના કો-સ્ટાર રાજપાલ યાદવ વિશે પણ મજેદાર ટિપ્પણી કરી. તેમણે હસતાં હસતાં કહ્યું, "રાજપાલને જોતાં જ આપમેળે હસવું આવી જાય છે, કંઈ કરવાની જરૂર જ નથી પડતી." અક્ષયની આ વાત પર આખો હોલ ખડખડાટ હાસ્યથી ગુંજી ઉઠ્યો.અક્ષયે રમુજી અંદાજમાં વાતાવરણને હળવું બનાવ્યું.અક્ષયે રમુજી અંદાજમાં વાતાવરણને હળવું બનાવ્યું. 'ભૂત બંગલા' એક હોરર-કોમેડી ફિલ્મ છે, જેમાં અક્ષય કુમાર સાથે પરેશ રાવલ અને રાજપાલ યાદવની જોડી ફરી એકવાર દર્શકોને હસાવવા અને ડરાવવા માટે તૈયાર છે. ટ્રેલરમાં પણ ડર અને કોમેડીનું અનોખું મિશ્રણ જોવા મળ્યું, જેને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે.ડિરેક્ટર પ્રિયદર્શને જણાવ્યું કે, 'ફિલ્મમાં જૂની હોરર



ફિલ્મોની ઝલક સાથે નવી વાર્તા અને તાજગી જોવા મળશે.' તેમણે આશા વ્યક્ત કરી કે આ ફિલ્મ દર્શકોનું મનોરંજન કરવામાં સફળ રહેશે.'ભૂત બંગલા'નું ટ્રેલર આજે રિલીઝ થયું છે. એકંદરે, ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં એક તરફ હળવી અફરાતફરી જોવા મળી, જ્યારે બીજી તરફ કલાકારોની મસ્તી અને કેમેસ્ટ્રીએ વાતાવરણને ખુશનુમા બનાવી દીધું. હવે દર્શકોને ફિલ્મના રિલીઝની આતુરતાથી રાહ છે. જેમાં અક્ષય કુમાર સાથે પરેશ રાવલ અને રાજપાલ યાદવની જોડી ફરી એકવાર દર્શકોને હસાવવા અને ડરાવવા માટે તૈયાર છે. ટ્રેલરમાં પણ ડર અને કોમેડીનું અનોખું મિશ્રણ જોવા મળ્યું, જેને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે.ડિરેક્ટર પ્રિયદર્શને જણાવ્યું કે, 'ફિલ્મમાં જૂની હોરર ફિલ્મોની ઝલક સાથે નવી વાર્તા અને તાજગી જોવા મળશે.' તેમણે આશા વ્યક્ત કરી કે આ ફિલ્મ દર્શકોનું મનોરંજન કરવામાં સફળ રહેશે.'ભૂત બંગલા'નું ટ્રેલર આજે રિલીઝ થયું છે. એકંદરે, ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં એક તરફ હળવી અફરાતફરી જોવા મળી, જ્યારે બીજી તરફ કલાકારોની મસ્તી અને કેમેસ્ટ્રીએ વાતાવરણને ખુશનુમા બનાવી દીધું. હવે દર્શકોને ફિલ્મના રિલીઝની આતુરતાથી રાહ છે.

### વરુણ અને કરિશ્માએ ચાહકો સાથે ખુશખબર શેર કરી

# કરિશ્મા તન્નાના ઘરે 'બાલવીર' આવશે એક્ટ્રેસે મેટરનિટી શૂટના ફોટો શેર કર્યા, સેલેબ્સ અને ચાહકોએ શુભેચ્છા પાઠવી



ટીવી અને બોલિવૂડ એક્ટ્રેસ કરિશ્મા તન્નાએ તેના ચાહકોને મોટી ખુશખબર આપી છે. એક્ટ્રેસે સોશિયલ મીડિયા દ્વારા તેની પ્રથમ પ્રેગ્નેન્સીની જાહેરાત કરી છે. તેણે પતિ વરુણ બંગેરા સાથે એક ખૂબ જ સુંદર પોસ્ટ શેર કરી, જેમાં તેણે આ નવી સફરને 'લિટલ મિરેકલ' ગણાવી. આ પોસ્ટ સાથે તેણે સંકેત આપ્યો કે, તેમના ઘરે ઓગસ્ટ 2026માં નાનું મહેમાન આવવાનું છે.કરિશ્માએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા ફોટોશૂટમાં તેની પ્રેગ્નન્સીની ઝલક બતાવી. આ પોસ્ટમાં કપલ ખૂબ જ ખુશ દેખાઈ રહ્યું છે અને તેમના ચહેરા પર માતા-પિતા બનવાની ખુશી સ્પષ્ટ દેખાય છે. એક્ટ્રેસે કેપ્શનમાં લખ્યું, 'અ લિટલ મિરેકલ ઈઝ ઓન ધ વે.'આ સમાચાર સામે આવતા જ ચાહકો અને સેલેબ્સે તેમને શુભેચ્છાઓથી ઘેરી લીધા. ઈન્ડસ્ટ્રીના ઘણા સિતારાઓએ કોમેન્ટ કરીને પોતાની ખુશી વ્યક્ત કરી અને આ નવી સફર માટે શુભેચ્છાઓ પાઠવી. કરિશ્મા અને વરુણે અત્યાર સુધી પોતાની પર્સનલ લાઈફને ઘણી પ્રાઈવેટ રાખી છે, ત્યારે આ જાહેરાત તેમના ચાહકો માટે ખાસ બની ગઈ છે.નોંધનીય છે કે, કરિશ્મા તન્ના 42 વર્ષની ઉંમરે પહેલીવાર માતા બનવા જઈ રહી છે. આજકાલ 40 વર્ષની ઉંમર પછી પ્રેગ્નન્સીનો ટ્રેન્ડ વધી રહ્યો છે, જોકે તેને મેડિકલ ભાષામાં 'એડવાન્સ્ડ મેટરનલ એજ' માનવામાં આવે છે. ડોકટરોના મતે યોગ્ય સંભાળ અને મેડિકલ સપોર્ટ સાથે આ ઉંમરે પણ સુરક્ષિત પ્રેગ્નન્સી શક્ય છે.કરિશ્મા અને વરુણે વર્ષ 2022માં લગ્ન કર્યાં હતાં અને હવે લગ્નના લગભગ ચાર વર્ષ પછી બંને તેમના પહેલા બાળકનું સ્વાગત કરવા જઈ રહ્યા છે. આ તેમના જીવનનો એક નવો અને ખાસ તબક્કો છે, જેને લઈને બંને ખૂબ જ ઉત્સાહિત છે.હાલમાં કરિશ્મા આ તબક્કાનો આનંદ માણી રહી છે અને પોતાના પરિવાર સાથે સમય વિતાવી રહી છે. તેના ચાહકો હવે ઓગસ્ટ 2026ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જ્યારે આ કપલ તેમના પહેલા બાળકનું સ્વાગત કરશે. આ તેમના જીવનનો એક નવો અને ખાસ તબક્કો છે, જેને લઈને બંને ખૂબ જ ઉત્સાહિત છે.હાલમાં કરિશ્મા આ તબક્કાનો આનંદ માણી રહી છે અને પોતાના પરિવાર સાથે સમય વિતાવી રહી છે. તેના ચાહકો હવે ઓગસ્ટ 2026ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જ્યારે આ કપલ તેમના પહેલા બાળકનું સ્વાગત કરશે.

### મૃત્યુ પહેલાં કોલ પર પતિ સાથે ઝઘડો થયો હતો

# તમિલ એક્ટ્રેસ સુભાષિની સુબ્રમણ્યમનો મૃતદેહ મળ્યો:બે વર્ષ પહેલાં થયા હતા લગ્ન



સાઉથની લોકપ્રિય એક્ટ્રેસ સુભાષિની સુબ્રમણ્યમનો મૃતદેહ તેમના ચેન્નઈ સ્થિત એપાર્ટમેન્ટમાંથી મળ્યો છે. 36 વર્ષીય એક્ટ્રેસ ડિપ્રેશનમાં હતી. રિપોર્ટ્સ અનુસાર, મોત પહેલાં જ તેમનો પતિ સાથે વીડિયો કૉલ પર ઝઘડો થયો હતો. ન્યૂઝ 18ના રિપોર્ટ અનુસાર, સુભાષિની ચેન્નઈના ઈયપ્પનથંગલ વિસ્તારમાં ભાડાના ફ્લેટમાં રહેતી હતી, જ્યાંથી તેનો મૃતદેહ મળ્યો છે. તેણે 2 વર્ષ પહેલાં 2024માં બિપિન ચંદ્રન સાથે લગ્ન કર્યા હતા. થોડા સમયથી બંને અલગ રહેતા હતા. 6 એપ્રિલે મૃત્યુ પામતા પહેલાં તેણે પતિ બિપિનને વીડિયો કૉલ કર્યો હતો, જેમાં બંનેનો ઝઘડો થયો હતો. પોલીસ તપાસ મુજબ, ઝઘડા પછી જ સુભાષિનીએ આત્મહત્યા કરી છે, જોકે અત્યાર સુધી મોતનું ચોક્કસ કારણ સામે આવી શક્યું નથી. શબ મળી આવ્યા બાદ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યું છે.સુભાષિની સુબ્રમણ્યમ શ્રીલંકાના રહેવાસી હતા. તે તમિલ ટીવી ઈન્ડસ્ટ્રીમાં કામ મળ્યા બાદ ચેન્નઈ આવીને વસી ગયા હતા. વર્ષ 2012માં ફિલ્મ ઈની અવનથી કરિયરની શરૂઆત કર્યા બાદ તેઓ ઘણા ટીવી શો અને ફિલ્મોમાં જોવા મળ્યા હતા. તેમને સૌથી વધુ ઓળખ ટીવી શો કાયલમાં દીપિકાનું પાત્ર ભજવવા પર મળી હતી. આ ઉપરાંત તેઓ ઈલ્લામ મેલા ઈરુકુરવન પાથુપ્પન અને વેબ જેવી ઘણી ફિલ્મોનો ભાગ રહ્યા છે. એક્ટ્રસના ઈન્સ્ટાગ્રામ પર લગભગ 4.5 લાખ ફોલોઅર્સ છે. તેમણે 2 દિવસ પહેલા છેલ્લી પોસ્ટ કરી હતી, જેમાં તેમણે જીવનના સારનો ઉલ્લેખ કર્યો હતો. તેઓ અવારનવાર સોશિયલ મીડિયા પર પતિ બિબિન સાથે તસવીરો પણ પોસ્ટ કરતા હતા. સાઉથની લોકપ્રિય એક્ટ્રેસ સુભાષિની સુબ્રમણ્યમનો મૃતદેહ તેમના ચેન્નઈ સ્થિત એપાર્ટમેન્ટમાંથી મળ્યો છે. 36 વર્ષીય એક્ટ્રેસ ડિપ્રેશનમાં હતી. રિપોર્ટ્સ અનુસાર, મોત પહેલાં જ તેમનો પતિ સાથે વીડિયો કૉલ પર ઝઘડો થયો હતો.ન્યૂઝ 18ના રિપોર્ટ અનુસાર, સુભાષિની ચેન્નઈના ઈયપ્પનથંગલ વિસ્તારમાં ભાડાના ફ્લેટમાં રહેતી હતી, જ્યાંથી તેનો મૃતદેહ મળ્યો છે. તેણે 2 વર્ષ પહેલાં 2024માં બિપિન ચંદ્રન સાથે લગ્ન કર્યા હતા. થોડા સમયથી બંને અલગ રહેતા હતા. 6 એપ્રિલે મૃત્યુ પામતા પહેલાં તેણે પતિ બિપિનને વીડિયો કૉલ કર્યો હતો, જેમાં બંનેનો ઝઘડો થયો હતો. પોલીસ તપાસ મુજબ, ઝઘડા પછી જ સુભાષિનીએ આત્મહત્યા કરી છે, જોકે અત્યાર સુધી મોતનું ચોક્કસ કારણ સામે આવી શક્યું નથી. શબ મળી આવ્યા બાદ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યું છે.સુભાષિની સુબ્રમણ્યમ શ્રીલંકાના રહેવાસી હતા. તે તમિલ ટીવી ઈન્ડસ્ટ્રીમાં કામ મળ્યા બાદ ચેન્નઈ આવીને વસી ગયા હતા. વર્ષ 2012માં ફિલ્મ ઈની અવનથી કરિયરની શરૂઆત કર્યા બાદ તેઓ ઘણા ટીવી શો અને ફિલ્મોમાં જોવા મળ્યા હતા. તેમને સૌથી વધુ ઓળખ ટીવી શો કાયલમાં દીપિકાનું પાત્ર ભજવવા પર મળી હતી. આ ઉપરાંત તેઓ ઈલ્લામ મેલા ઈરુકુરવન પાથુપ્પન અને વેબ જેવી ઘણી ફિલ્મોનો ભાગ રહ્યા છે. એક્ટ્રસના ઈન્સ્ટાગ્રામ પર લગભગ 4.5 લાખ ફોલોઅર્સ છે.